વિ. સંવત ૨૦૮૧, અષાઢ સુદ - ૧૨
MONDAY
07 JULY 2025
LOKASATTA JANASATTA
VADODARA

(A Leading Gujarati Daily Since 1951)

# લોકસત્તા જનસત્તા

@LoksattaJansatta @loksattajansatta YouTube @theloksatta www.loksattanews.co.in નીડર અને નિષ્પક્ષ

• કુલ પાના ૧૨ • કિંમત ₹ ૫.૦૦ • YEAR-74 • VOL 215 CMD : Sanjay Shah

**બીજી ટેસ્ટમાં ઇંગ્લેન્ડને ૩૩૬ રનથી હરાવ્યું : આકાશદીપે ૧૦ વિકેટ, ગિલે ૪૩૦ રન બનાવ્યા : ભારતની જીતના ત્રણ હીરો ગીલ, આકાશદીપ, સિરાજ**

# ૫૮ વર્ષમાં બર્મિંગહામમાં ભારતની પહેલી જીત



બર્મિંગહામ,તા.૬

ભારતે બીજી ટેસ્ટમાં ઈંગ્લેન્ડને ૩૩૬ રનથી હરાવ્યું. આ સાથે ટીમ ઈન્ડિયાએ શ્રેણી ૧-૧ થી બરાબર કરી લીધી છે. બર્મિંગહામમાં રમાયેલી આ મેચમાં ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડ ટીમ માટે ૬૦૮ રનનો વિશાળ લક્ષ્યાંક રાખ્યો હતો. જવાબમાં, ઈંગ્લેન્ડ ટીમ ફક્ત ૨૭૧ રન જ બનાવી શકી. કેપ્ટન શુભમન ગિલ ઉપરાંત, મોહમ્મદ સિરાજ અને આકાશદીપ (આકાશ દીપ વિકેટ) એ ભારતની જીતમાં મોટો ફાળો આપ્યો.

બર્મિંગહામનું એજબેસ્ટન મેદાન ભારત માટે ટેસ્ટમાં એક દુઃસ્વપ્ન રહ્યું છે. ટીમ ઈન્ડિયાએ ૧૯૬૭માં અહીં પહેલી ટેસ્ટ મેચ રમી હતી, પરંતુ તે અત્યાર સુધી એજબેસ્ટનમાં જીતી શકી નથી. કપિલ દેવ, વિરાટ કોહલી અને એમએસ ધોની જેવા દિગ્ગજો પણ તેમની કેપ્ટનશીપમાં આ મેદાન પર ભારતને જીત અપાવી શક્યા નથી. હવે આખરે શુભમન ગિલે તેની કેપ્ટનશીપમાં ૫૮ વર્ષ જૂની હારનો સિલસિલો સમાપ્ત કર્યો છે.



ઈંગ્લેન્ડે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો. આ નિર્ણયની ભારે ટીકા થઈ હતી. ભારતીય ટીમે પહેલા બેટિંગ કરીને કેપ્ટન શુભમન ગિલના ૨૬૯ રનના આધારે ૫૮૭ રન બનાવ્યા હતા. ટીમ ઈન્ડિયા તરફથી પ્રથમ ઈનિંગમાં યશસ્વી જયસ્વાલે ૮૭ અને રવિન્દ્ર જાડેજાએ ૮૯ રન બનાવ્યા હતા. જવાબમાં, હેરી બ્રુકે ૧૫૮ રન અને જેમી સ્મિથે ૧૮૪ રન બનાવ્યા હતા, પરંતુ તેમના સિવાય અન્ય કોઈ બેટ્સમેન મોટી ઈનિંગ રમી શક્યો ન હતો. પરિણામે, ઈંગ્લેન્ડની ટીમ ૪૦૭ રનમાં સમેટાઈ ગઈ હતી. ભારતને પ્રથમ ઈનિંગમાં ૧૮૦ રનની મોટી લીડ મળી હતી.

ભારતનો બીજો દાવ આવ્યો ત્યાં સુધીમાં, ભારતીય બેટ્સમેનોએ સ્કોરબોર્ડને ઝડપથી આગળ ધપાવ્યું. કેપ્ટન ગિલે પણ બીજી ઈનિંગમાં ૧૬૧ રન બનાવ્યા, જેનાથી સમગ્ર મેચમાં તેનો કુલ સ્કોર ૪૩૦ થયો. ગિલ એક જ ટેસ્ટ મેચમાં ૪૦૦ થી વધુ રન બનાવનાર વિશ્વનો માત્ર પાંચમો બેટ્સમેન બન્યો. બીજી ઈનિંગમાં, કેએલ રાહુલ (૫૫), ઋષભ પંત (૬૫) અને રવિન્દ્ર જાડેજા (૬૯) ત્રણેય બેટ્સમેનોએ અડધી સદી ફટકારી. ભારતે ૪૨૭ રન પર પોતાનો બીજો દાવ ડિકલેર કર્યો.

ચોથી ઈનિંગમાં ઈંગ્લેન્ડને ૬૦૮ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. લક્ષ્યનો પીછો કરતી વખતે, ઈંગ્લેન્ડની અડધી ટીમ ૮૪ રનના સ્કોર પર પેવેલિયન પરત ફરી ગઈ હતી. પાંચમા દિવસે જ્યારે ઈંગ્લેન્ડના બેટ્સમેનો મેદાનમાં આવ્યા, ત્યારે પહેલા કલાકમાં જ સ્પષ્ટ થઈ ગયું કે ઈંગ્લેન્ડની ટીમ ડ્રો કરવાના ઈરાદા સાથે બેટિંગ કરી રહી છે. બેન સ્ટોક્સ અને જેમી સ્મિથે લાંબા સમય સુધી ભારતને જીતથી દૂર રાખવાનો પ્રયાસ કર્યો, પરંતુ સફળ રહ્યા નહીં. સ્ટોક્સના આઉટ થયા પછી, ઈંગ્લેન્ડ નિયમિત અંતરાલે વિકેટ ગુમાવતું રહ્યું.

**અમેરિકા અને ચીનમાં રાજકીય હલચલ તેજ : અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પને મસ્ક સીધી ટક્કર આપશે : ચીનમાં જિનપિંગ નિવૃત્તિ લેશે**

# મસ્કે નવી પાર્ટીની જાહેરાત કરી : USના રાજકારણમાં હલચલ

**મસ્કની પાર્ટી લોકોને એક સિસ્ટમમાંથી મુક્ત કરશે : સર્વેમાં જનતાએ ૨:૧ના ગુણોત્તરમાં એક નવા રાજકીય વિકલ્પની ઇચ્છા વ્યક્ત કરી હોવાનો મસ્કનો દાવો**

વોશિંગ્ટન, તા.૬

વિશ્વની મહાસત્તા અમેરિકા અને ચીનમાં રાજકીય હિલચાલ તેજ બની રહી છે. અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પના ભૂતપૂર્વ સાથી અને ઉદ્યોગપતિ એલન મસ્કે અમેરિકા પાર્ટી નામનો એક નવો રાજકીય પક્ષ બનાવવાની જાહેરાત કરી છે. જ્યારે ચીનના સર્વેસર્વા અને રાષ્ટ્રપતિ શી જિનપિંગ પણ સત્તા છોડવાના મુડ પર આવી ગયા છે. છેલ્લાં ૧૨ વર્ષથી એકહથ્થુ શાસન ધરાવતા તેમના શાસનમાં પણ સત્તા પરિવર્તનના ભણકારા શરૂ થઈ ગયા છે. ટ્રમ્પના મિત્ર મસ્કે કહ્યું કે આ પક્ષ અમેરિકાના લોકોને એક પાર્ટી સિસ્ટમમાંથી મુક્ત કરશે. મસ્કની આ જાહેરાત બાદ, અમેરિકન રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે.મસ્કે એક્સ પર એક નવો રાજકીય પક્ષ બનાવવાની જાહેરાત કરી છે. તેમની એક્સ પોસ્ટમાં, તાજેતરના સર્વેના પરિણામો ટાંકીને, તેમણે લખ્યું કે આજે અમેરિકા પાર્ટી તમને તમારી સ્વતંત્રતા પાછી આપવા માટે બનાવવામાં આવી છે. તેમણે દાવો



કર્યો કે સર્વેમાં, જનતાએ ૨:૧ ના ગુણોત્તરમાં એક નવા રાજકીય વિકલ્પની ઇચ્છા વ્યક્ત કરી છે. તમે એક નવો રાજકીય પક્ષ ઇચ્છો છો અને હવે આ રાજકીય પાર્ટી તમારી સામે છે. પોતાની જાહેરાતમાં, મસ્કે વર્તમાન રાજકીય વ્યવસ્થાની ટીકા કરી અને કહ્યું કે જ્યારે આપણા દેશને કચરો અને ભ્રષ્ટાચારથી નાદાર કરવાની વાત આવે છે, ત્યારે આપણે લોકશાહીમાં નહીં, પણ એક-પક્ષીય વ્યવસ્થામાં જીવી રહ્યા છીએ. તેમણે એમ પણ કહ્યું કે અમેરિકા પાર્ટીની રચના તમારી ખોવાયેલી સ્વતંત્રતા પાછી લાવવા માટે કરવામાં આવી છે.મસ્કે ૪ જુલાઈના રોજ અમેરિકન સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન તેમના પ્લેટફોર્મ એક્સ પર એક પોલ પોસ્ટ કર્યું, જેમાં તેમણે તેમના ફોલોઅર્સને પૂછ્યું સ્વતંત્રતા દિવસ એ પૂછવાનો શ્રેષ્ઠ સમય છે કે શું તમે બે-પક્ષીય વ્યવસ્થાથી મુક્તિ ઇચ્છો છો! શું આપણે અમેરિકા પાર્ટી બનાવવી જોઈએ?આ મતદાનમાં, ૬૫.૪% લોકોએ હા મત આપ્યો, જ્યારે ૩૪.૬% લોકોએ ના કહ્યું. મસ્કે આ મજબૂત જાહેર સમર્થનને પાર્ટી શરૂ કરવા માટે પ્રેરણા તરીકે વર્ણવ્યું અને તેને બંને મુખ્ય પક્ષો - રિપબ્લિકન અને ડેમોક્રેટિક પ્રત્યે લોકોમાં વધી રહેલા અસંતોષના પ્રતિભાવ તરીકે રજૂ કર્યું.અગાઉ, મસ્કે એક્સ પરની એક પોસ્ટ પર સકારાત્મક પ્રતિસાદ મળ્યા બાદ યુએસમાં ત્રીજો રાજકીય પક્ષ શરૂ કરવાની શક્યતાનો સંકેત આપ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે - એલન ત્રીજો પક્ષ શરૂ કરે છે તે ટેસ્લા અને સ્પેસએક્સ જેવું છે.

### રિપબ્લિકન પાર્ટી પર પણ હુમલો કર્યો

મસ્કે સ્પષ્ટ કર્યું છે કે તેઓ ફક્ત ટ્રમ્પથી જ નહીં પરંતુ આ બિલને સમર્થન આપનારા રિપબ્લિકન પાર્ટીના નેતાઓથી પણ ગુસ્સે છે. મસ્કે કહ્યું છે કે તેઓ આ બિલના પક્ષમાં ઉભા રહેલા તમામ નેતાઓનો વિરોધ કરશે. તે જ સમયે, તેમણે પ્રતિનિધિ થોમસ મેસીને ટેકો આપવાની પણ જાહેરાત કરી, કારણ કે મેસીએ આ બિલનો ખુલ્લેઆમ વિરોધ કર્યો હતો.

### ફક્ત પાર્ટીની રચના થઈ, પણ યોજના હજુ સ્પષ્ટ નથી

એલોન મસ્કે 'અમેરિકન પાર્ટી'ની રચનાની જાહેરાત કરી છે, પરંતુ હજુ સુધી એ સ્પષ્ટ કર્યું નથી કે તેમનો પક્ષ ભવિષ્યમાં કઈ રણનીતિ અપનાવશે. મસ્કે હમણાં જ કહ્યું છે કે તે અમેરિકામાં સાચી લોકશાહી પાછી લાવવા માંગે છે. પરંતુ પક્ષનું માળખું, નેતૃત્વ, ચૂંટણીમાં ભાગીદારી

**૧૨ વર્ષથી વધુ શાસનમાં પહેલીવાર ચીનમાં સત્તા પરિવર્તનના ભણકારા**

# પ્રમુખ શી જિનપિંગનું સિંહાસન ડામાડોળ

**૨૦૨૭માં સીપીસી કોંગ્રેસની બેઠકમાં જિનપિંગનો ત્રીજો કાર્યકાળ પણ સમાપ્ત થશે**

બિજિંગ, તા.૬

ચીનના પ્રમુખ શી જિનપિંગે પોતાની નિવૃત્તિની જમીન તૈયાર કરી રહ્યા છે. હવે તેમણે સત્તાધારી કોમ્યુનિસ્ટ પાર્ટીના મુખ્ય સંગઠનોને કેટલીક સત્તાઓ સોંપવાનું શરૂ કરી દીધું છે. તેમના ૧૨ વર્ષથી વધુ શાસનમાં આ પહેલી વાર થઈ રહ્યું છે. આ નિર્ણયોથી એવી અટકળો શરૂ થઈ છે કે તેઓ રશિયાથી વ્યવસ્થિત રીતે પોતાની સત્તાનું હસ્તાંતરણ કરી રહ્યા છે. સત્તાધારી કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈનાના શક્તિશાળી ૨૪ સભ્યોના પોલિટિકલ બ્યુરોએ ૩૦ જૂનના દિવસે પોતાની બેઠકમાં પાર્ટીના કાર્યકારી નિયમોની સમીક્ષા કરી હતી. ત્યારથી, શી જિનપિંગના સત્તા હસ્તાંતરણ અંગે અટકળો તેજ થઈ ગઈ છે. ૨૦૨૭માં આગામી ૫ વર્ષ માટે સીપીસી કોંગ્રેસ યોજાવા જઈ રહી છે. શીનો ત્રીજો કાર્યકાળ પણ સમાપ્ત થશે.શી જિનપિંગની અધ્યક્ષતામાં યોજાયેલી



બેઠકમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે, આ નિયમો સીપીસી સેન્ટ્રલ કમિટીના નિર્ણય લેવા, વિચાર-વિમર્શ અને સંકલન કરતી સંસ્થાઓની સ્થાપના, જવાબદારીઓ અને કામગીરીને વધુ પ્રમાણિત કરશે. આ પક્ષ પાર્ટી પરના નિયમો શીની નિવૃત્તિ માટેની તૈયારીઓનો સંકેત આપી શકે છે.શી જિનપિંગનું સત્તા પરિવર્તન અમેરિકન પ્રમુખ ટ્રમ્પના ટેરિફ યુદ્ધ વચ્ચે આવ્યું છે, જેણે ચીનની અમેરિકામાં ૪૪૦ બિલિયન ડોલરની નિકાસને ખોરવી નાખી છે. ચીની અર્થવ્યવસ્થા ઘણા મોટા પડકારોનો સામનો કરી રહી છે. જેમાં મંદીને કારણે ઘટતી વૃદ્ધિ અને આર્થિક વિકાસનો મુખ્ય આધાર, હાઉસિંગ માર્કેટનું પતન શામેલ છે.

### શી જિનપિંગ પ્રથમવાર બ્રિક્સ બેઠકમાં ભાગ લેશે નહીં

પીએમ મોદી બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે બ્રાઝિલના રિયો શહેર પહોંચ્યા છે. આ વખતની બ્રિક્સ બેઠક ખાસ છે કારણ કે પહેલીવાર રશિયા અને ચીનના વડા આ બેઠકમાં ભાગ લેશે નહીં. આવી સ્થિતિમાં, ભારતની ભૂમિકા મહત્વપૂર્ણ બની જશે. શી જિનપિંગની ગેરહાજરી બધાને આશ્ચર્યચકિત કરે છે. કારણ કે જિનપિંગ ક્યારેય બ્રિક્સથી દૂર રહ્યા નથી.

## ફ્રન્ટ પેજ સ્ટોરી

### ૨૬૦૦૦થી વધુ ભક્તોએ બાબા બર્ફાનીના દર્શન કર્યા

શ્રીનગર : શ્રી અમરનાથજી યાત્રા ૨૦૨૫ના ત્રીજા દિવસે, બાબા બર્ફાનીના ભક્તોનો ત્રીજો સમૂહ બાલતાલ અને નુનવાન બેઝ કેમ્પથી પવિત્ર અમરનાથ ગુફા માટે રવાના થયો. પહેલા બે દિવસમાં ૨૬,૮૯૩ ભક્તો બાબા બર્ફાનીના દર્શન કરવા પહોંચ્યા હતા. ખીણમાં તીવ્ર ગરમી પણ ભક્તોની શ્રદ્ધા અને ભક્તિને અસર કરી રહી નથી. સવારે પાંચ વાગ્યે બંને બેઝ કેમ્પમાંથી ભક્તોનું એક જૂથ બમ બમ ભોલે અને જય શિવ શંકરના નારા લગાવતા પવિત્ર ગુફા માટે રવાના થયું. ત્રીજા દિવસે સાડા સાત હજારથી વધુ યાત્રાળુ ગુફા માટે રવાના થયા. પુણેથી આવેલા અને નુનવાન બેઝ કેમ્પથી પોતાની યાત્રા શરૂ કરનારા પંકજે કહ્યું કે તે નવ વર્ષથી યાત્રા પર આવી રહ્યા છે પરંતુ આ વર્ષે હવામાન વધુ ગરમ છે.

### અખિલેશના ત્યાં પૂજા કરનારા પાંચ બ્રાહ્મણોને હાંકી કઢાશે

લખનૌ : પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવના ગૃહ પ્રવેશ દરમિયાન પૂજા કરનારા પાંચ બ્રાહ્મણોને સમાજમાંથી હાંકી કાઢવામાં આવશે.બડા ગણેશ મંદિર પરિસરમાં બોલાવાયેલી અખિલ ભારતીય બ્રાહ્મણ મહાસભાની એક કટોકટી બેઠકમાં આ જાહેરાત કરવામાં આવી હતી. મહાસભા દ્વારા જારી કરાયેલા ત્રણ મુદ્દાઓમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે આ પાંચ બ્રાહ્મણોનો સંપૂર્ણ સામાજિક બહિષ્કાર કરવો જોઈએ. કોઈ પણ કર્મકાંડ કરનારા બ્રાહ્મણે આ વ્યક્તિઓને પોતાના ધાર્મિક વિધિઓમાં સામેલ ન કરવા જોઈએ. સમગ્ર સનાતન સમાજે તેમના દ્વારા કોઈપણ પ્રકારની પૂજા કે ધાર્મિક વિધિઓ કરાવવી જોઈએ નહીં. મહાસભાના પ્રદેશ પ્રમુખ શરમાનંદ પાંડેએ જણાવ્યું હતું કે બ્રાહ્મણ સમાજની ગરિમા, શ્રદ્ધા અને મૂલ્યોની વિરુદ્ધ જઈને વ્યક્તિગત લાભ માટે કામ કરતા લોકોને ચેતવણી આપવી જરૂરી છે.

**બ્રાઝિલમાં ૧૭મા બ્રિક્સ સમિટમાં વડાપ્રધાન મોદીએ સંબોધન કર્યું**

# AI યુગમાં ટેક્નોલોજી દર અઠવાડિયે અપડેટ થતી હોય છે : વડાપ્રધાન મોદી

**સમિટની શરૂઆત પહેલાં મોદી દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાને મળ્યા**

રિયો ડીજાનેરિયા, તા.૬

૧૭મા બ્રિક્સ સમિટમાં પીએમ મોદીએ કહ્યું હતું કે 'એઆઈના યુગમાં, જ્યાં ટેકનોલોજી દર અઠવાડિયે અપડેટ થાય છે, તે સ્વીકાર્ય નથી કે કોઈ વૈશ્વિક સંસ્થા ૮૦ વર્ષમાં એકવાર પણ અપડેટ ન થાય.' '૨૦મી સદીના ટાઈપરાઈટર ૨૧મી સદીના સોફ્ટવેર ચલાવી શકતા નથી'.



'બ્રિક્સનું વિસ્તરણ અને નવા મિત્રોનું જોડાવું એ વાતનો પુરાવો છે કે બ્રિક્સ એક એવું સંગઠન છે જે સમય સાથે પોતાને બદલી શકે છે.' હવે આપણે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ, વિશ્વ વેપાર સંગઠન અને બહુપક્ષીય વિકાસ બેંકો જેવી સંસ્થાઓમાં સુધારા માટે પણ આવી જ ઇચ્છાશક્તિ દર્શાવવી પડશે. બ્રિક્સ સમિટની શરૂઆત પહેલા પીએમ મોદી દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાને મળ્યા. તે જ સમયે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં લખ્યું - 'બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં સમિટમાં સાથી બ્રિક્સ નેતાઓ સાથે, ગાઢ સહયોગ અને સહિયારા વિકાસ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરીએ છીએ.

**દેશમાં 'એક સાથે ચૂંટણી યોજવી બંધારણીય' પણ..**

# ચૂંટણી પંચને વધુ પડતી સત્તા આપવા સામે પૂર્વ મુખ્ય ન્યાયાધીશોએ ચિંતા વ્યક્ત કરી

**પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડે વિપક્ષની ટીકાને ફગાવી**

નવી દિલ્હી, તા.૬

ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશોએ દેશમાં એકસાથે ચૂંટણીઓ યોજવા અંગે સંસદની સંયુક્ત સમિતિ સમક્ષ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. તેમણે 'એક દેશ-એક ચૂંટણી' ની વિભાવનાની બંધારણીયતાને સમર્થન આપ્યું છે. જોકે, તેમણે ચૂંટણી પંચને આપવામાં આવેલી સત્તાઓ સહિત તેના વિવિધ પાસાઓ પર ચિંતા વ્યક્ત કરી છે અને સૂચનો આપ્યા છે. ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડે સંસદની સંયુક્ત સમિતિ સમક્ષ રજૂ કરાયેલા પોતાના મંતવ્યમાં, ચંદ્રચૂડે વિપક્ષની આ ટીકાને ફગાવી દીધી હતી કે લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની એક સાથે ચૂંટણીઓ યોજવાથી બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન થશે. તેમણે કહ્યું કે બંધારણે ક્યારેય રાષ્ટ્રીય અને રાજ્ય ચૂંટણીઓ અલગ-અલગ યોજવાનો નિર્દેશ આપ્યો નથી. જોકે, તેમના મતે, પૂર્વ મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈની જેમ, તેમણે પણ એ હકીકત પર પ્રશ્ન ઉઠાવ્યો છે કે પ્રસ્તાવિત બંધારણ સુધારા બિલમાં, ચૂંટણી પંચને કોઈપણ માર્ગદર્શિકા વિના વધુ પડતી સત્તાઓ આપવામાં આવી રહી છે. સંસદીય સમિતિ સમક્ષ રજૂ કરાયેલા તેમના મંતવ્ય મુજબ, આ વિવેકાધિકારના ઉપયોગ માટે કોઈ સ્પષ્ટ માર્ગદર્શિકા નક્કી કરાઈઆવી નથી તે ચિંતાજનક છે. ચંદ્રચુડ અને અન્ય ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ જે. એસ. ખેહર, ભાજપના સાંસદ પી.પી.ના નેતૃત્વ હેઠળની સમિતિ સમક્ષ હાજર થશે.

### તિરુવનંતપુરમ્માં બ્રિટિશ એર ક્રાફ્ટ મરામત કરવા ૨૧ ઈજનેરો પહોંચ્યા

નવી દિલ્હી, તા.૬

રોયલ નેવીનું એફ-૩૫B સ્ટીલ્થ ફાઈટર જેટ, જે છેલ્લા ત્રણ અઠવાડિયાથી કેરળના તિરુવનંતપુરમ એરપોર્ટ પર પાર્ક કરવામાં આવ્યું હતું, તે લગભગ ત્રણ અઠવાડિયા પછી હેંગર પર પહોંચી ગયું છે. દરમિયાન, બ્રિટિશ ટેકનિશિયન જેટમાં સમસ્યાને ઠીક કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. એન્જિનિયરો સી-૧૭ ગ્લોબમાસ્ટર કાર્ગો એરક્રાફ્ટનો ઉપયોગ કરીને એફ-૩૫બી ને સ્વદેશ પરત લાવવાનું પણ વિચારી રહ્યા છે. ૨૧ એન્જિનિયરોની એક નવી ટીમ એરબસ એ૪૦૦એમ એટલાસ વિમાનમાં તિરુવનંતપુરમ પહોંચી છે. એન્જિનિયરો તપાસ કરશે કે શું તેને સ્થાનિક રીતે રિપેર કરી શકાય છે કે પછી તેને ઘરે પાછા લાવવા માટે કાર્ગો પ્લેનમાં ફિટ કરવા માટે તેને ડિસએસેમ્બલ કરવાની જરૂર પડશે. એફ-૩૫બી ફાઈટર જેટની કિંમત $110 મિલિયનથી વધુ છે. જ્યારે જો તેનો વિકાસ ખર્ચ હોય. આ સૌથી મોંઘુ ફાઈટર જેટ છે.

**સરકારી બંગલામાં લાંબા સમય સુધી રોકાણથી વિવાદ સર્જાયો**

# પૂર્વ CJI ચંદ્રચૂડે નિવૃત્તિ પછી બંગલો ખાલી ન કરતાં સુપ્રીમ કોર્ટનો કેન્દ્રને પત્ર

**નિવૃત્તિ પછી પૂર્વ મુખ્ય ન્યાયાધીશ છ મહિના સુધી રહી શકે છે**

નવી દિલ્હી, તા.૬

ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડનું સરકારી બંગલામાં લાંબા સમય સુધી રોકાણ હવે વિવાદસર્જાયો છે. સુપ્રીમ કોર્ટ વહીવટી તંત્રે કેન્દ્ર સરકારને પત્ર લખીને વિનંતી કરી છે કે ૫, કૃષ્ણ મેનન માર્ગ પર સ્થિત બંગલો તાત્કાલિક ખાલી કરવામાં આવે. તે બંગલો મુખ્ય ન્યાયાધીશનું સત્તાવાર નિવાસસ્થાન છે. ચંદ્રચુડ નવેમ્બર



૨૦૨૪ માં નિવૃત્ત થયા, પરંતુ હજુ પણ ત્યાં જ રહે છે. સુપ્રીમ કોર્ટે ૧ જુલાઈના રોજ કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયને પત્ર લખીને જણાવ્યું છે કે દેશના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચુડ નિર્ધારિત સમય કરતાં વધુ દિવસોથી બંગલામાં રોકાઈ રહ્યા છે. નિયમો અનુસાર, નિવૃત્તિ પછી, ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ છ મહિના સુધી ટાઈપ-૭ બંગલામાં રહી શકે છે. પરંતુ ચંદ્રચુડ આઠ મહિનાથી ટાઈપ-૮ બંગલામાં રહે છે, જે નિયમોનું ઉલ્લંઘન છે. આ મુદ્દે ચંદ્રચુડે કહ્યું કે આ વિલંબ તેમના પારિવારિક કારણોસર થયો છે.

### મહાસત્તા દેશોની તાનાશાહીથી ગમે ત્યારે વિશ્વયુદ્ધ થઈ શકે છે : ગડકરી

નાગપુર, તા.૬

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ રવિવારે કહ્યું કે રશિયા-યુક્રેન અને ઈઝરાયલ-ઈરાન જેવા યુદ્ધોને કારણે વિશ્વમાં સંઘર્ષનું વાતાવરણ સર્જાયું છે. તેમણે ચેતવણી આપી હતી કે એવી પરિસ્થિતિ વિકસી રહી છે જે ગમે ત્યારે વિશ્વયુદ્ધ તરફ દોરી શકે છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી નાગપુરમાં 'બિયોન્ડ બોર્ડર્સ' નામના પુસ્તક વિમોચન કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે મોટી મહાસત્તાઓની સરમુખત્યારશાહી અને સરમુખત્યારશાહીને કારણે, વિશ્વમાંથી સંકલન, સંવાદિતા અને પ્રેમ ગાયબ થઈ રહ્યા છે.તેમણે કહ્યું, 'આજે આખી દુનિયામાં સંઘર્ષનું વાતાવરણ છે. રશિયા-યુક્રેન અને ઈઝરાયલ-ઈરાન વચ્ચે યુદ્ધો ચાલુ છે. એવી પરિસ્થિતિઓનું નિર્માણ થઈ રહ્યું છે કે ગમે ત્યારે વિશ્વયુદ્ધ જેવી પરિસ્થિતિ ઊભી થઈ શકે છે. કેન્દ્રીય મંત્રીએ આ પ્રસંગે ભારતના સાંસ્કૃતિક વારસાની પણ પ્રશંસા કરી. તેમણે કહ્યું કે ભારત બુદ્ધની ભૂમિ છે, જેમણે વિશ્વને સત્ય, અહિંસા અને શાંતિનો સંદેશ આપ્યો છે. નીતિન ગડકરીએ કહ્યું કે યુદ્ધની ટેકનોલોજી હવે સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. હવે ટેક અને પરંપરાગત વિમાન ઓછા ઉપયોગી બન્યા છે.

માહિર મન્સુરી મિત્રો સાથે સરસિયા તળાવ ખાતે તાજિયા વિસર્જન જોવા ગયો હતો

# સરસિયા તળાવમાં ડૂબી જતાં કિશોરનું મોત

## ફાયર બ્રિગેડે બે કલાકની ભારે જહેમત બાદ તળાવના ઊંડા પાણીમાંથી માહિરનો મૃતદેહ બહાર કાઢ્યો



વડોદરા, તા. ૬

શહેરમાં માતમના પર્વ તાજીયા વિસર્જન દરમિયાન કરૂણ ઘટના બની હતી. વડોદરાના સરસિયા તળાવ કિનારે મિત્રો સાથે તાજીયા વિસર્જન જોવા ગયેલા ૧૬ વર્ષના માહીર મુસ્તાકભાઈ મન્સુરી નામના બાળકનું તળાવમાં પડી જતાં ડૂબી જવાથી મોત નીપજ્યું છે. સવારે ડૂબી ગયેલા માહીરનો મૃતદેહ એક વાંસમાં ફસાઈ જતાં બે કલાક બાદ મળી આવ્યો હતો. સવારે બનેલી આ ઘટનાએ પરિવારમાં શોકની લાગણી ફેલાઈ હતી. આ બનાવ અંગે પોલીસે મૃતદેહનો કબજો લઈ કાર્યવાહી હાથ ધરી છે.

શહેરમાં દસ દિવસ માટે સ્થાપના કરાયેલા તાજીયાનું આજે વિસર્જન કરવામાં આવી રહ્યું છે. શહેરના વિવિધ મુસ્લિમ વિસ્તારોમાં સ્થાપના કરવામાં આવેલા તાજીયાનું સવારથી શહેરના એકમાત્ર ફતેપુરા ખાતે આવેલા સરસિયા તળાવમાં વિસર્જન શરૂ થઈ ગયું હતું. સવારથી પોલીસ બંદોબસ્ત વચ્ચે તાજીયા વિસર્જન યાત્રાઓ સરસિયા તળાવમાં તાજીયા વિસર્જન કરવા માટે આવી રહી હતી. ત્યારે તળાવના કિનારે મોટી સંખ્યામાં લોકો તાજીયા વિસર્જન જોવા માટે ઉમટી પડ્યા હતા. સવારે લગભગ ૯:૩૦ વાગ્યાના સુમારે ફતેપુરા, સરસિયા તળાવ પાસે રહેતો ૧૬ વર્ષનો માહીર મુસ્તાકભાઈ મન્સુરી પોતાના મિત્રો સાથે તળાવના કિનારે ઊભો રહી તાજીયા વિસર્જન જોઈ રહ્યો હતો.

દરમિયાન, એકાએક માહીરનો પગ લપસતાં તે તળાવમાં પડી ગયો હતો. મિત્રોની નજર સામે જ તળાવમાં પડી ગયેલા માહીરને બચાવવા માટે તેના મિત્રોએ બુમરાણ મચાવતા લોકો દોડી આવ્યા હતા અને શોધખોળ શરૂ કરી હતી. ઉંડા પાણીમાં અને એક વાંસમાં ફસાઈ જવાને કારણે માહીર મળી રહ્યો ન હતો. લગભગ બે કલાકની શોધખોળ બાદ, સવારે ૧૧:૩૦ વાગ્યે માહીરનો મૃતદેહ મળી આવ્યો હતો. પુત્ર તળાવમાં ડૂબી ગયો હોવાના સમાચાર મળતા દોડી આવેલા ગેરેજ ચલાવતા પિતા મુસ્તાકભાઈ મન્સુરી, તેમના પત્ની શબાનાબાનુ સહિત અન્ય પરિવારજનોના હૈયાફાટ રૂદનને સન્નાટો પાથરી દીધો હતો. આ બનાવને પગલે તાજીયા વિસર્જનમાં આવેલા લોકોમાં પણ ગમગીની ફેલાઈ ગઈ હતી. માહીર મન્સુરી ધોરણ-૧૧માં અભ્યાસ કરતો હતો. તેઓ ત્રણ ભાઈ-બહેન છે, જેમાં માહીર બીજા નંબરનો પુત્ર હતો. આ બનાવ અંગે પોલીસે મૃતદેહનો કબજો લઈ સયાજી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. સયાજી હોસ્પિટલમાં માહીરના પરિવારજનો સહિત વિસ્તારના યુવાનો મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા. પોલીસે આ બનાવ અંગે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવથી માહિરના પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી.

૩૧ સ્મશાનોનું સંચાલન ખાનગી ટ્રસ્ટને સોંપાતાં વિરોધ

# ભાજપના ભ્રષ્ટાચારની પ્રતીકાત્મક અંતિમયાત્રા કાઢી વિરોધ નોંધાવ્યો

## સ્મશાનના ખાનગીકરણથી ૧૦ કરોડના નુકસાનની આશંકા




વડોદરા, તા. ૬

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ સ્મશાનગૃહોનું સંચાલન ખાનગી ટ્રસ્ટને સોંપવાનો નિર્ણય લેવાતા એમાં આદમી પાર્ટીના કાર્યકરોમાં વિરોધ જોવા મળી રહ્યો છે. આમ આદમી પાર્ટીના કાર્યકરોએ આ નિર્ણયને ભ્રષ્ટાચાર ગણાવ્યો હતો અને તેની અંતિમયાત્રા કાઢી સ્મશાનમાં જઈને અંતિમ વિધિ કરી હતી.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા ૭ જુલાઈથી શહેરના ૩૧ સ્મશાનોનું સંચાલન અને નિભાવણી ત્રણ ખાનગી ટ્રસ્ટને સોંપવાનો નિર્ણય સામે સામાજિક કાર્યકરો અને વિવિધ રાજકીય પક્ષો દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ વિરોધને વધુ વેગ આપતા, આજે આમ આદમી પાર્ટી દ્વારા ભાજપના ભ્રષ્ટાચારની પ્રતીકાત્મક 'અંતિમયાત્રા' કાઢવામાં આવી હતી અને લક્ષ્મીપુરા સ્મશાનમાં 'ભ્રષ્ટાચારના અંતિમ સંસ્કાર' કરવામાં આવ્યા હતા. આ અંતિમયાત્રાએ શહેરમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, વડોદરા કોર્પોરેશન દ્વારા સંચાલિત શહેરના ૩૧ સ્મશાનોનું સંચાલન અને નિભાવણી અત્યાર સુધી કોર્પોરેશન અને જલારામ ટ્રસ્ટ જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતું હતું. જલારામ ટ્રસ્ટ જેવી સંસ્થાઓ તો પાલિકા પાસેથી એક પણ રૂપિયો લીધા વિના આ સેવા પૂરી પાડી રહી હતી. તેમ છતાં, સ્મશાનોનું વધુ સારી રીતે સંચાલન અને નિભાવણી થાય તેવા દાવા સાથે કોર્પોરેશન દ્વારા ત્રણ ખાનગી ટ્રસ્ટોને ૭ જુલાઈથી આ કામગીરી સોંપવામાં આવી રહી છે. આ નિર્ણય પાછળ કોર્પોરેશનને વાર્ષિક રૂપિયા ૧૦ કરોડ જેટલો ખર્ચ થવાનો છે. આ જ કારણે વડોદરાના સામાજિક કાર્યકરો તેમજ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જેવા રાજકીય પક્ષો દ્વારા તેનો પ્રચંડ વિરોધ કરવામાં આવી રહ્યો છે.

### સ્મશાનના ખાનગીકરણ મુદ્દે ખોટી ભ્રમણા ફેલાવવામાં આવે છે : ચેરમેન

આ મામલે મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના ચેરમેન ડો. શીતલ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, અવારનવાર નાગરિકોની ફરિયાદ મળતી હતી કે સ્મશાનમાં અંતિમક્રિયા માટે પૈસા લેવામાં આવે છે. આ ફરિયાદોના આધારે મહાનગરપાલિકાએ નિર્ણય કરી ચાર ઝોનમાં ઈજારા કર્યા છે. ૩૧ સ્મશાનો માટે ૭મી થી ૩ જેટલા મેનપાવર, કુલ ૧૭૯ જેટલા મેન પાવર અને ૫૧ સ્કિલ્ડ મેન પાવર નક્કી કરવામાં આવ્યા છે. દરેક ડેડ બોડી માટે ૭ મણ લાકડા, ૧૨૦૦ નંગ છાણા, ૫ નંગ ઘાસના પૂળા આપવામાં આવશે. આ ઉપરાંત સ્મશાનનું સફાઈ કામ, સિક્યુરિટી સહિતની સુવિધા એજન્સી પુરી પાડશે. આખરી સામાન પણ કોર્પોરેશન આપશે. નાગરિકોની સુવિધા માટે આ મહત્વની કામગીરી છે. જો કોર્પોરેશન પાસે લાકડા પુરા થઈ ગયા તો પણ એજન્સી જ આ લાકડા ખરીદશે. કોર્પોરેશન અગાઉ ૧૨૬૦ રૂપિયા ખર્ચ કરતી હતી તે હવે ૨૨૮૦ રૂપિયા કરશે. ડેડબોડીને પૈસા લોકો પાસે લેવાના છે તે વાત છે તેમાં લોકોએ પૈસા આપવાના થતા નથી.

અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત બનેલ યુવકનું સારવાર દરમિયાન મોત

# આમોદર ગામ પાસે રસ્તે રખડતી ગાયે સ્વિગીના ડિલિવરી બૉયનો ભોગ લીધો

વડોદરા, તા. ૬

શહેર નજીક આવેલા આમોદર ગામમાં ફુડ ડિલીવરી આપવા માટે જઈ રહેલા સ્વીગીના કર્મચારી યુવક રસ્તામાં અચાનક આવી ચઢેલી ગાય સાથે ભટકાયો હતો જેના પગલે તેની બાઈક ડિવાઈડર સાથે ભટકાઈ હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા યુવકને બેભાનવસ્થામાં હોસ્પિટલમાં ખસેડાયો હતો જ્યાં તેનું મોત નીપજ્યું હતું.

મુળ બોડેલી તાલુકાના લાઢોદ ગામનો વતની ૧૯ વર્ષીય સ્વરકુમાર અરવિંદભાઈ તડવી હાલમાં શહેરના સોમાતળાવ પાસે ઘાઘરેટિયા સ્થિત ઈન્દિરાનગરમાં રહેતો હતો અને સ્વીગી ઓનલાઈન ફુડ ડિલીવરીમાં ગ્રાહકોને ડિલીવરી આપવાનું કામ કરતો હતો. ગઈ કાલે રાત્રે તેને વાઘોડિયા તાલુકાના આમોદર ગામમાં ડિલીવરીનો ઓર્ડર મળ્યો હતો જેને પગલે તે ફુડ પાર્સલ લઈને તેની બાઈક પર આમોદર ખાતે જવા માટે નીકળ્યો હતો.

રાત્રે સાડા આઠ વાગ્યાના અરસામાં તે આમોદર ગામ પાસેના રોડ પરથી પસાર થતો હતો તે સમયે રસ્તામાં અચાનક ગાય આવી જતાં તે ગાય સાથે ભટકાયો હતો. ગાય સાથે ભટકાતા તેણે બાઈકના સ્ટિઅરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને બાઈક રોડના ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા સ્વરકુમાર બેભાન થયો હતો. આ બનાવના પગલે ભેગા થયેલા ટોળાએ તેને તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સયાજી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. આ બનાવની જાણ થતાં સ્વરકુમારના પરિવારજનો સયાજી હોસ્પિટલમાં દોડી આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન તેની હાલત વધુ લથડતાં તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો પરંતુ ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું.

આ બનાવની વાઘોડિયા પોલીસને જાણ કરાતાં પોલીસે સ્વરકુમારના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. શહેર –જિલ્લામાં રખડતા ઢોરોનો ત્રાસ યથાવત રહેવાના કારણે રાત્રે એક નિર્દોષ યુવકનો ભોગ લેવાયો હતો.

દારૂનું કટિંગ થાય તે અગાઉ પોલીસનો દરોડો

# કારમાં ઝોમેટોના થેલામાંથી બિયરનાં ૭૨ ટીન ઝડપાયાં

વડોદરા, તા. ૭

બાપોદ પોલીસને ગત રાત્રે માહિતી મળી હતી કે આજવારોડ સિધ્ધેશ્વર હોલમાર્કના કોમર્શિયલ કોમ્પલેક્સના બેઝમેન્ટમાં આવી રહેલી એક ઈકો કારમાં બિયરનો જથ્થો છે અને તેની ડિલીવરી લેવા માટે હિમાંશુ નામનો યુવક ટુવ્હીલર પર આવવાનો છે. આ વિગતોના પગલે બાપોદ પોલીસે ઉક્ત સ્થળે પંચો સાથે વોચ ગોઠવી હતી. દરમિયાન થોડી જ વારમાં બાતમી મુજબની ઈકો કાર ત્યાં આવતા જ કારની બાજુમાં તુરંત ઈલેક્ટ્રીક મોપેડ પર એક યુવક પણ ત્યાં આવી ગયો હતો. જોકે આસપાસમાં પોલીસને જોતા જ મોપેડચાલક મોપેડ છોડીને પલાયન થયો હતો જ્યારે પોલીસે કારને કોર્ડન કરીને કારમાં બેઠેલાં જયેશ ઉર્ફે સોનુ જીગ્નેશ ઠાકોર (રામદેવનગર, આજવારોડ) અને વિશાલ સતીષભાઈ સોલંકી (દત્તનગર, આજવારોડ)ને ઝડપી પાડ્યા હતા. પોલીસે કારમાં તપાસ કરતાં કારમાં ઝોમેટોના લાલ રંગના થેલામાંથી ૧૧,૫૨૦ રૂપિયાની કિંમતના બિયરના ૭૨ ટીન મળી આવ્યા હતા. પોલીસે બિયરના ટીનની હેરાફેરી કરતા ઝડપાયેલા કારસવાર બંને યુવકોની ધરપકડ કરી તેઓની પાસેથી બિયરનો જથ્થો, કાર અને મોપેડ સહિત ૧.૨૫ લાખથી વધુની મત્તા કબજે કરી દરોડામાં ફરાર થયેલા આજવારોડ પર દત્તનગરમાં રહેતા મોપેડચાલક હિમાંશુને વોન્ટેડ જાહેર કર્યો છે.

**દારૂની ડિલિવરી લેવા આવેલો ખેપિયો મોપેડ મૂકીને ફરાર**

દેણા ગામના રામનગર ફળિયાની ઘટના

# દેણા ગામે મકાનની છત ધરાશાયી થતાં સરપંચની પત્ની ઈજાગ્રસ્ત

વડોદરા, તા. ૬

વડોદરા શહેર નજીક આવેલ દેણા ગામ નાં રામનગરીમાં રહેતા અને તાજેતરમાં જ સરપંચ તરીકે ચૂંટાઈ આવેલા સરપંચના મકાનની વરસાદના છત તૂટી પડતા બંને પતિ પત્નીને શારીરિક નાની મોટી ઈજાઓ થવાથી સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે.

બનાવની પ્રાપ્ત વિગત જોઈએ છે કે વડોદરા શહેર નજીક દેના ગામ આવેલ છે આ દેના ગામને રામનગરીમાં તાજેતરમાં સરપંચ તરીકે ચૂંટાયેલા કનુભાઈ ચીમનભાઈ નાયક ઉંમર વર્ષ ૫૦ તેમના પત્ની મંજુલાબેન નાયક ઉંમર વર્ષ ચાલીસ તથા તેમના પુત્રોના પરિવાર સાથે રહેતા હતા. કનુભાઈ નાયક તાજેતરમાં ગ્રામ પંચાયતની યોજાયેલી ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી હતી. જેમાં તેઓની જીત થતા તેઓ તાજેતરમાં જ ગામના સરપંચ બન્યા હતા. ગઈકાલે રોજ મુજબ ઘરમાં સુતા હતા તે વખતે વરસતા વરસાદમાં તેમના જુના મકાનની છત પર બનાવેલ કઠેરા જેવી દિવાલ ધરાશયી થઈ હતી. જેમાં ઘરમાં સૂતેલા સરપંચ કનુભાઈ તથા તેમના પત્ની મંજુલાબેન ને શારીરિક નાની મોટી ઈજાઓ થવા પામી હતી. જેથી તેમને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા જ્યાં તબિયત દ્વારા તેમને સારવાર આપવામાં આવી રહી છે આ બનાવને જાણ પોલીસને કરવામાં આવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે સ્થાનિક પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ શરૂ કરી છે.

વડોદરા સ્ટેશન ડાયરેક્ટરની જગ્યા ખાલી હોવાથી ટ્રેનોના સંચાલન પર અસર

# સૌરાષ્ટ્ર એક્સપ્રેસને ૪ નંબરના પ્લેટ ફોર્મ પર મૂકવાનો મૅસેજ મોડો મળતાં બે ટ્રેનો અટવાઈ

વડોદરા, તા.૬

વડોદરા રેલવે સ્ટેશન ખાતે હાલ ડાયરેક્ટરની પોસ્ટ ખાલી હોવાથી કર્મચારીઓની લીલા લહેર થઇ ગઇ છે,શનિવારે સાંજે સૌરાષ્ટ્ર એકસપ્રેસને ચાર નંબર પ્લેટફોર્મ પર મુકવાનો મેસેજ મોડો પડતાં મોડી પડેલી ટ્રેનો વધુ મોડી પડી હોવાની વિગતો સપાટી પર આવી છે,જેમાં સંબંધિત કર્મચારીઓની લાપરવાહી હોવાનું મનાઇ રહ્યું છે.

શનિવારે સાંજે વડોદરા રેલવે સ્ટેશન પર બનેલી ઘટનાની વિગતો એવી છે કે, સામાન્ય રીતે વડોદરા રેલવે સ્ટેશનના કોઈ પણ પ્લેટફોર્મ પર ટ્રેન પહોંચવાની હોય ત્યારે ટ્રેનના લોકો પાઈલટને સ્પીડ મેમો આપવાનો હોય છે,જેમાં કેટલી સ્પીડે કયા પ્લેટફોર્મ પર ટ્રેનને જવાનું છે તેની સુચના હોય છે પણ શનિવારે સાંજે સંબંધિત કર્મચારીએ રેલવે સ્ટેશન ખાતે મેમો પહોંચાડવામાં લાપરવાહી દાખવતાં સૌરાષ્ટ્ર એકસપ્રેસને પ્લેટફોર્મની બહાર દશ મિનીટ બહાર ઉભી રાખવી પડી હતી.ત્યારબાદ સૌરાષ્ટ્ર એકસપ્રેસ ચાર નંબરના પ્લેટફોર્મ પર પહોંચી હતી પણ આગળથી મોડી આવતી ટ્રેન વધુ મોડી પડી હતી.બીજી બાજુ સૂર્યનગરી એકસપ્રેકસને પણ ચાર નંબરના પ્લેટફોર્મ પર જ ઉભી રાખવાની હતી પણ સૌરાષ્ટ્ર એકસપ્રેસ ઉભી હોવાથી સૂર્યનગરી એકસપ્રેસને પણ સ્ટેશન બહાર ઉભી રાખવાની ફરજ પડી હતી.આ ટ્રેન વીસ મીનીટ મોડી પડી હતી.આ ટ્રેન પણ આગળથી જ મોડી આવી હતી.બે ટ્રેનો રેલ કર્મચારીની લાપરવાહીના લીધે મોડી પડતાં વડોદરા રેલવે સ્ટેશનના અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા. આ અંગેની જાણ વડોદરા રેલવે ડિવિઝનના ટોચના અધિકારીઓની પણ કરાઇ હોવાનું જાણવા મળે છે,રેલવે તંત્રની લાપરવાહીના લીધે મોડી પડેલી બંને ટ્રેનોના ત્રણ હજાર મુસાફરો રેલવે તંત્રની બેદરકારીથી પરેશાન થયા હતા.

વડોદરા રેલવે સ્ટેશન ખાતે આવતી-જતી દરેક ટ્રેનના ટાઈમીંગ નોંધવામાં આવે છે અને આ અંગેનો એક વિષેષ ચાર્ટ બનાવવામાં આવે છે.જે ચાર્ટ વડોદરા રેલવે ડિવિઝનના ટોચના અધિકારીઓને મોકલવામા આવે છે અને કોઈની લાપરવાહી હોય તો જે તે કર્મચારીને ચાર્જશીટ અપાય છે.

વડોદરા રેલવે સ્ટેશનના ડાયરેકટર સોનીની નિવૃતી બાદ આ જગ્યા હજુ સુધી ભરવામાં આવી નથી જેના પગલે સ્ટેશનના રેલ કર્મીઓને લીલા લહેર થઇ ગઇ છે,ગત ૩૦મી જૂનના રોજ સ્ટેશન ડાયરેકટર સોની નિવૃત થયા હતા તે પછી તેમની જગ્યા હજુ સુધી ભરાઈ નથી.આવી મહત્વની જગ્યા રેલવે દ્વારા ખાલી રખાતી નથી છતાં કેમ ખાલી છે તે વિચારનીય પ્રશ્ન છે.

અટલાદરા પોલીસે ગુનો દાખલ કર્યો

# પેટ્રોલ પંપ સંચાલક સામે રિવોલ્વર તાકી મારી નાખવાની ધમકી આપી

વડોદરા, તા.૬

વેચાણ કરેલું મકાન પરત લેવા માટે પેટ્રોલ પંપ ચલાવતા વેપારીના ઘરે જઈ તેમના દૂરના સંબંધીએ વેપારી સામે રિવોલ્વર તાકી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તેમજ વેપારીની પત્ની સાથે પણ ખરાબ વર્તન કર્યુ હતું.

પેટ્રોલ પંપ ચલાવતા પ્રિતમસિંહ ઈન્દ્રવિજયસિંહ રાઉલજીએ અટલાદરા પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગઈકાલે હું તથા મારી પત્ની ઘરે હતા. બપોરે ત્રણ વાગ્યે અમારા દૂરના સગા મહેન્દ્રસિંહ ઓરિયા (રહે. ગામ વાવડી,તા. રાજપીપળા, જિ. નર્મદા) તથા તેમની સાથે એક અન્ય વ્યક્તિ ઘરે આવ્યા હતા. મહેન્દ્રસિંહે અચાનક મારી પત્નીને છાતીના ભાગે ધક્કો મારી દીધો હતો અને મને કહ્યું કે,તારે મારો ફ્લેટ મને પાછો આપવાનો છે કે નહીં ? બંનેએ મને ગાળો બોલી ઝપાઝપી કરી હતી. મારા પત્ની છોડાવવા વચ્ચે પડતા તેઓ મારા રૂમમાંથી બહાર નીકળી ગયા હતા. મારા ઘરની આગળ ઉભેલી એક કારમાં બેઠેલા વ્યક્તિ પાસેથી મહેન્દ્રસિંહે રિવોલ્વર લઈ મારી સામે તાકી આજે તને મારી નાંખવાનો છે. તેવી ધમકી આપી હતી. મેં મારા મોબાઈલથી વીડિયો ઉતારવા જતા મહેન્દ્રસિંહને રિવોલ્વર આપનાર વ્યક્તિએ મારા હાથમાંથી મોબાઈલ ફોન છીનવી લીધો હતો. નજીકમાં રહેતા મારા બહેન અને બનેવી આવી જતા મહેન્દ્રસિંહ અને તેની સાથે આવેલા બે વ્યક્તિઓ કારમાં બેસીને જતા રહ્યા હતા. મહેન્દ્રસિંહનું માંજલપુર સહજાનંદ હાઈરાઈઝમાં આવેલું મકાન મેં ખરીદ કર્યુ હતું. તેના પૈસા પણ ચૂકવી દીધા છે અને દસ્તાવેજ પણ મારા નામે થઈ ગયો છે.

મૃત યુવાન વાઘોડિયાની ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો

# વાઘોડિયાના લીમડા ગામની વરસાદી કાંસમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો

વડોદરા, તા.૬

વાઘોડિયા તાલુકાના લીમડા ગામે બસ સ્ટેશન પાસે વરસાદી કાંસમાંથી એક ખાનગી કંપનીના કર્મચારીનો મૃતદેહ મળતાં વાઘોડિયા પોલીસે ગહન તપાસ હાથ ધરી છે.

વાઘોડિયા પોલીસ સૂત્રો મુજબ વાઘોડિયાના લીમડા ગામ બસ સ્ટેશન પાસેથી વરસાદી કાસ માંથી ખાનગી કંપનીમાં કામ કરતો અજીત ભુવનેશ્વર એરોન ( ઉ.૨૫ હાલ રે. લીમડા મુળ.ઝારખંડ) લીમડાં ગામે ભાડાના મકાનમાં રહી નોકરી કરતા હતા તેઓ ગામના સોમનાથકુમાર ધરમ મહતો (રે.મુળ.ઝારખંડ) સાથે રહેતાં હતા ૩ તારીખના રોજ એપોલો ટાયર કંપનીમાં સેકન્ડ શીપમાં નોકરી પર જવા નીકળ્યો હતો બીજા માણસોએ જણાવેલ કે અજીત નોકરી પર આવ્યો નથી બે દિવસથી અજીત રૂમ પર નહિ આવતા ૪ તારીખે સોમનાથકુમાર તથા કુવરસીંગ નાઓ અજીત ઓરોન ને શોધવા માટે લીમડા ગામ તથા વાઘોડીયા બજારમાં ગયેલા પણ કોઈ પત્તો મળ્યો નહિ રાત્રના ૧૦ વાગ્યની આસપાસ મોબાઈલ પર સુપરવાઈઝરનો ફોન આવેલ અને જણાવેલ કે પારૂલ કોલેજના ગેટની સામે વરસાદી કાસના પાણીમાં એક પુરૂષની લાશ મળી છે જેથી અમે તપાસ કરવા ત્યાં ગયા તે વખતે પોલીસ પણ ત્યા આવી ગયેલ અને લાશને પાણીમાંથી બહાર કાઢી જોતા અજીત ઓરોનની હતી પાણીમાં ડુબી જવાના કારણે ફુલી ગઈ હતી અને તેના નાક તથા મોઢામાંથી પાણી નીકળતુ હતુ તેને શરીરે કોઇ ઈજા ના નિશાન જોવા મળ્યા નહિ જેથી અજીત ભુવનેશ્વર એરોન નુ મોત કોઇ અગમ્ય કારણોસર વરસાદી કાસના પાણીમાં ડુબી જવાથી થયું હોય તેવું જણાતા તેની જાણ સોમનાથકુમાર એ પોલીસને કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

વાઘોડિયા પોઈ પી.આર. જાડેજાએ જણાવ્યું હતું કે,કાંસમાં ડૂબી જવાય તેવું પાણી છે એટલે પગ લપસી ગયો હોવાથી તે ડૂબી ગયો હોવાનું અનુમાન છે અમે તેનું પોસ્ટમોટર્મ પણ કરાવ્યું છે પણ ઈજાના કોઈ નિશાન કે અન્ય શંકા ઉપજાવે તેવી બાબત જણાઇ નથી.

ખાડામાં એક્ટિવાસવાર પડી જતાં ઉશ્કેરાટ

# કલાલીમાં ખખડધજ રસ્તાના વિરોધમાં ગાડી પર બૅનર લગાવ્યું




વડોદરા, તા.૬

વડોદરાના કલાલી વિસ્તારમાં રસ્તાઓની બિસ્માર હાલત સામે વિરોધ પ્રદર્શિત કરવા માટે કોંગ્રેસના કાર્યકર દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. ચોમાસા બાદ કલાલી રોડ પર પડેલા મોટા ખાડાઓ અને તેના કારણે લોકોને પડી રહેલી હાલાકીને તંત્ર સમક્ષ લાવવા માટે તેમણે પોતાની ગાડી પર પોસ્ટર લગાવી, રસ્તાઓ પર ફર્યા હતા અને જાતે ખાડાઓની ચકાસણી કરી હતી. તેઓએ પોતાની ગાડી પર "કલાલી રોડની હાલત કફોડી, તંત્ર ક્યાં છે?" અને "વરસાદી ખાડાઓથી પ્રજા પરેશાન, તંત્ર ક્યારે જાગશે?" જેવા સૂત્રો લખેલા પોસ્ટરો લગાવ્યા હતા.

## પત્નીની હત્યા કરનાર પતિની ધરપકડ

વડોદરા, તા. ૬

ડભોઇ તાલુકાના ગોજાલી ગામે નદીવાળા ફળિયામાં રહેતા પ્રકાશ ઉર્ફે ઝીણા રેવલભાઈ વસાવા (ઉ.વ.૪૩) મહેનત મજૂરી કરી જીવન ગુજારે છે. જેને પરીવારમાં પત્ની રાધાબેન પ્રકાશ ઉર્ફે ઝીણા વસાવાને સંતાનમાં એક પુત્ર છે. દંપતી વચ્ચે ચારિત્ર ની શંકાએ અવારનવાર ઝઘડા થતાં હતા. તેવામાં પતિએ પિત્તો ગુમાવ્યો હતો. તા.૧ જુલાઈની રાત્રે ઘરની અડારીમાં સુઈ રહેલી પત્નીને દંડા વડે બેરહેમીપૂર્વક માર માર્યો હતો. જેથી તેના ડાબા હાથે, બરડામાં અને બંને પગોમાં ગંભીર ઇજાઓ થઈ હતી. તેને સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી જ્યાં પત્નિનું સારવારના દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવની જાણ પોલીસને કરવામાં આવી હતી. જેથી ઉચ્ચ પોલીસ અધિકારી ઘટના સ્થળે દોડી ગયા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### વડોદરામાં આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ સેવા માટે રજૂઆત

વડોદરા એરપોર્ટ ખાતે ભારત સરકાર ના નાગરિક ઉડ્ડયન મંત્રી મુરલીધર મહોલ સાથે વડોદરા લોકસભાના સાંસદ ડો. હેમાંગ જોષી દ્વારા સયાજીગંજના ધારાસભ્ય કેયુરભાઈ રોકડિયા, ભાજપ કોર્પોરેટર પરાક્રમસિંહ જાડેજા તથા એરપોર્ટ એડવાઇઝરી કમિટીના સદસ્યોને સાથે રાખી શુભેચ્છા મુલાકાત કરવામાં આવી હતી અને આંતરરાષ્ટ્રીય ફલાઇટ સેવા માટે રજૂઆત કરવામાં આવી.

### ચાઇલ્ડ વેલફેર કમિટીના ચેરમેન તરીકે નિમણૂક



વડોદરા : સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા વિવિધ જિલ્લાની બાળ કલ્યાણ સમિતિ ની ઘોષણા કરવામાં આવી હતી. ચાઇલ્ડ વેલફેર કમિટીના વડોદરા જિલ્લાના ચેરમેન તરીકે એડવોકેટ મેહુલ લાખાણીની નિયુક્તિ થઈ છે. મેહુલ લાખાણી વડોદરા મહાનગર ભારતીય જનતા પાર્ટીના મંત્રી તરીકે કાર્યરત છે. તેઓ એમ.એસ. યુનિવર્સિટીમાં વિદ્યાર્થી નેતા તરીકે વાઇસ પ્રેસિડન્ટ અને જનરલ સેક્રેટરી પણ રહી ચૂક્યા છે. તેઓ વિવિધ યુનિવર્સિટીમાં સેનેટ મેમ્બર અને સિન્ડિકેટ મેમ્બર પણ રહ્યા છે. વકીલાતના વ્યવસાયમાં આવતા પહેલા તેઓ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. તેમનો કાયદાનો શિક્ષણનો અને બાળકો સાથેનો અનુભવ અધ્યક્ષ તરીકેની જવાબદારી નિભાવવામાં ઉપયોગી થશે. આ કમિટીમાં સંઘ પરિવાર, શિક્ષણ તેમજ સામાજિક ક્ષેત્રે કાર્યરત અન્ય સભ્યોની નિમણૂક કરવામાં આવી છે.

Printed and Published by Sanjay Pravinkumar Shah on behalf of Inkpot Publication Private Limited, Printed at 530 & 533, Narsinh Estate, OPP. Lubi Gel LLP, Near Bus Stand, village Manjusar, Taluka Savli, Dist. Vadodara, Gujarat - 391775 and Published at: 3rd Floor, Satva Avenue, Beside Avsar Party Plot, Sama-Savli Main Road, Vadodara-390008. • Editor*: Sanjay Pravinkumar Shah • RNI NO: 1667/57
All rights reserved Reproduction in any manner, electronic or otherwise, in whole or in part, without prior written permission of the Editor is prohibited.
For News Contact : E-mail : pressnote@loksattajansatta.com | For Advertisement Contact : E-mail : advt@loksattajansatta.com

### કોર્પોરેશનના બ્લ્યૂ બોન્ડ ઈશ્યૂને સામાન્યસભાની પ્રાથમિક મંજૂરી મળી : જનભાગીદારીની મહત્વપૂર્ણ યોજનાનું માળખું તૈયાર

# વડોદરા કોર્પોરેશન ૨૦૦ કરોડનો બ્લ્યૂ બોન્ડ ઈશ્યૂ બહાર પાડશે

## પબ્લિક ઈશ્યૂ બહાર પાડીને આર્થિક સ્થિતિ મજબૂત બનાવવાનો અને પાણીની કામગીરી પૂર્ણ કરવાનો વડોદરા કોર્પોરેશનનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ

દિગ્વિજય પાઠક । વડોદરા

વડોદરા મહાનગરપાલિકા દ્વારા હાલ સુધીમાં બે વખત બોન્ડ બહાર પાડવામાં આવ્યા છે. જેમાં રોકાણકારોએ અભૂતપૂર્વ ઉત્સાહ બતાવ્યા બાદ આગામી ડિસેમ્બર મહિનામાં હવે નવો પબ્લિક ઈશ્યુ બહાર પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. બ્લ્યુ બોન્ડનો આ પબ્લિક ઈશ્યુ ૨૦૦ કરોડનો હશે. જેમાં નાના રોકાણકારો પણ ભાગ લઈ શકે તેવું આયોજન છે. વડોદરા મહાનગરપાલિકાએ તાજેતરમાં જ ત્રિવેન્દ્રમ ખાતે વડોદરા મહાનગરપાલિકાની નોંધપાત્ર સિદ્ધિ પર આધારિત ધ ગ્રીન બુક પુસ્તકનું ભવ્ય વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક વડોદરા કોર્પોરેશન અને ડેલોઇટની ટીમના સહયોગથી તૈયાર કરવામાં આવ્યું છે, જે અન્ય શહેરો માટે દિશા નિર્દેશક સાબિત થશે.




મ્યુનિસિપલ બોન્ડ એક પ્રકારનું દેવું સાધન છે જે સ્થાનિક સરકારી સંસ્થાઓ, જેમ કે મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અથવા અન્ય સ્થાનિક સત્તાવાળાઓ, દ્વારા જાહેર જનતા પાસેથી ભંડોળ એકત્ર કરવા માટે બહાર પાડવામાં આવે છે. આ બોન્ડ ઈશ્યુ કરીને, મહાનગરપાલિકા રોકાણકારો પાસેથી પૈસા ઉધાર લે છે અને તેના બદલામાં રોકાણકારોને નિશ્ચિત વ્યાજ દરે સમયાંતરે વ્યાજ ચૂકવવાનું વચન આપે છે. બોન્ડની પાકતી મુદત પૂરી થતા, મહાનગરપાલિકા રોકાણકારોને મૂળ રકમ પાછી ચૂકવે છે. આ બોન્ડનો ઉપયોગ સામાન્ય રીતે શહેરના વિકાસ પ્રોજેક્ટ્સ જેમ કે રસ્તાઓનું નિર્માણ, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા સુધારવી, પુલ બાંધવા, જાહેર પરિવહન સુવિધાઓ વિકસાવવી, બગીચાઓ બનાવવું અથવા અન્ય માળખાકીય સુવિધાઓના નિર્માણ માટે ભંડોળ પૂરું પાડવા માટે થાય છે. વડોદરા મહાનગરપાલિકાએ અગાઉ બે બોન્ડ બહાર પાડયા હતા. હવે આગામી ડિસેમ્બર મહિનામાં બ્લુ બોન્ડના પબ્લિક ઈશ્યુ માટેનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

### બોન્ડથી પાલિકાને શું ફાયદો?

બોન્ડથી પાલિકાને શું ફાયદો થયો તે અંગે વડોદરા મહાનગરપાલિકાના ચીફ એકાઉન્ટન્ટ સુરેશ તિવારીએ જણાવ્યું હતું કે, કોર્પોરેશન જો વિકાસના કામો માટે કોઈ બેંક પાસે લોન મેળવવા માટે જાય તો પાલિકાએ તેની સામે બમણી સિક્યુરિટી આપવી પડે છે. જ્યારે સામે બોન્ડના કારણે તે વ્યાજદર પણ ઓછું થાય છે. આ ઉપરાંત વડોદરા મહાનગર પાલિકાએ સફળતા પૂર્વક બોન્ડ પર પાડ્યા જેના કારણે ભારત સરકારે પાલિકાને રૂ. ૧૩ કરોડ ઈન્સેન્ટિવ આપ્યું જેથી આ વ્યાજમાં પણ બે ટકા ઘટાડો થઈ ગયો. સરળ ભાષામાં સમજીએ તો પાલિકાએ પ્રથમ બોન્ડ ૭.૧૫ ટકાએ બહાર પાડ્યો હતો જેની સામે ભારત સરકારે ૧૩ કરોડ આપ્યા જેથી પાલિકાને વ્યાજમાં બે ટકા ઘટાડો થઈ ગયો. આ ઉપરાંત કોર્પોરેશન દર મહિને પાલિકા દ્વારા વ્યાજદરની રકમ અને મુદ્દલની રકમ સાઈડમાં મુકવામાં આવી હતી. વ્યાજ દર છ મહિને ચુકવવામાં આવે છે તે રકમ સિવાયની રકમ ફિક્સ ડીપોઝીટમાં મુકવામાં આવે છે જેથી પાંચ વર્ષને અંતે તેઓએ મેળવેલા બોન્ડ પેટે તેઓને માત્ર ૨ થી ૨.૫ ટકા જ રકમ વ્યાજ ચૂકવવું પડે છે. જે બેંક લોન કરતા ખુબ ઓછું હોય છે.

### બોન્ડથી રોકાણકારોને શું ફાયદો?

કેટલાક રોકાણકારો સલામત રોકાણ કરવા ઉપર ભાર મુકતા હોય છે. કોર્પોરેશને બહાર પાડેલા બોન્ડમાં ફિક્સ વ્યાજ નક્કી કરવામાં આવે છે જે દર છ મહિને તેઓને મળી જાય છે અને જ્યારે મુદત પાકે ત્યારે તેઓએ રોકાણ કરેલી રકમ પરત મળી જાય છે. રોકાણકારોને બોન્ડમાં રોકાણ કરવામાં સલામતી એટલા માટે અનુભવાય છે કારણ કે સરકારી સંસ્થા ક્યારેય ડૂબવાની નથી. આ ઉપરાંત અન્યત્ર ઈન્વેસ્ટ કરવા કરતા સારું અને સલામત વળતર મળે છે.

### હાલમાં પાલિકાનું ૨૩૦ કરોડ દેવું

પાલિકાના દેવા અંગે ચીફ એકાઉન્ટન્ટ તિવારીએ જણાવ્યું હતું કે, બંને બોન્ડના ૨૦૦ કરોડ અને ૩૦ કરોડની લોન છે. એટલે વડોદરા મહાનગરપાલિકાના માથે ૨૩૦૦ કરોડનું દેવું છે. જેની સામે બેલેન્સ સહિત ૨૦ હજાર કરોડથી વધુની છે. જેથી તેની સામે માંડ ૧ ટકા જેટલું દેવું છે. દર મહિને આપણે જે પૈસા પાછા મુખ્ય છે તેમાં ૧૦૦ કરોડ જેટલા સિકિંગ ફંડ છે જે એફડી છે. જેથી દેવું ૧ ટકા કરતા પણ ઓછું થઈ જશે. બોન્ડથી ટ્રાન્સફરન્સી એન એકાઉન્ટીબીલીટી વધશે.

### વડોદરાના નાગરિકો પણ બોન્ડ ખરીદી શકશે

વડોદરાના સામાન્ય નાગરિકો પણ આગામી સમયમાં પાડનાર ઈશ્યુ ખરીદી શકશે. પાલિકા અંદાજે ૧૦,૦૦૦ના ગુણાંકમાં રોકાણ કરી શકશે. જેનું ફિક્સ વ્યાજ નક્કી કરવામાં આવશે અને તે બાદ ઈશ્યુ જાહેર કરવામાં આવશે. વડોદરાના નાગરિકો પણ કોર્પોરેશન સાથે એટેચ થાય અને તેની કામગીરીમાં પોતાની જનભાગીદારી છે તેવું સમાજે તેવો આની પાછળ આશય છે.

### બોન્ડથી થતા ફાયદા

- બોન્ડ દ્વારા મહાનગરપાલિકા એકસાથે મોટા પ્રમાણમાં ભંડોળ એકત્ર કરી શકે છે, જે મોટા માળખાકીય પ્રોજેક્ટ્સ માટે જરૂરી હોય છે. બેંકો પાસેથી લોન લેવા કરતાં આ વધુ સસ્તો અને કાર્યક્ષમ વિકલ્પ સાબિત થઈ શકે છે.
- બોન્ડ દ્વારા એકત્ર થયેલ ભંડોળનો ઉપયોગ શહેરના વિવિધ વિકાસ કાર્યો, જેમ કે નવા રસ્તાઓ, પાણીના પ્રોજેક્ટ્સ, ગટર સુવિધાઓ, આરોગ્ય કેન્દ્રો, શાળાઓ અને અન્ય જાહેર સુવિધાઓના નિર્માણ અને સુધારણા માટે થઈ શકે છે.
- બોન્ડ સામાન્ય રીતે લાંબા ગાળાના હોય છે, જે મહાનગરપાલિકાને લાંબા ગાળાના પ્રોજેક્ટ્સ માટે સ્થિર ભંડોળ પૂરું પાડે છે અને ટૂંકા ગાળાની ધિરાણ પરની નિર્ભરતા ઘટાડે છે.
- સારી ક્રેડિટ રેટિંગ ધરાવતી મહાનગરપાલિકાઓ સામાન્ય રીતે બેંક લોન કરતાં ઓછા વ્યાજ દરે બોન્ડ દ્વારા ભંડોળ મેળવી શકે છે અને મહાનગરપાલિકા માટે ભંડોળનો ખર્ચ ઘટાડે છે.
- બોન્ડ બહાર પાડવાથી મહાનગરપાલિકા બેંક લોન પરની નિર્ભરતા ઘટાડીને નાણાકીય સ્વતંત્રતા મેળવે છે. આ પ્રક્રિયામાં વધુ પારદર્શિતા આવે છે, કારણ કે બોન્ડની શરતો અને ભંડોળના ઉપયોગની માહિતી જાહેર કરવી પડે છે.
- સફળતાપૂર્વક બોન્ડ બહાર પાડવાથી અને તેના ભંડોળનો સારો ઉપયોગ કરવાથી શહેરની નાણાકીય શિસ્ત અને વ્યવસ્થાપન ક્ષમતા પ્રદર્શિત થાય છે, જેનાથી શહેરની છબી અને વિશ્વસનીયતામાં સુધારો થાય છે.

### ગ્રીન બોન્ડ અંગે ઇન્ટરનેશનલ સર્ટિફિકેટ મેળવનાર વડોદરા કોર્પોરેશન પ્રથમ

ગ્રીન બોન્ડ અંગે ચીફ એકાઉન્ટન્ટ જણાવ્યું હતું કે, આ બોન્ડ થકી જે પ્રોજેક્ટ ઉભા કરવામાં આવશે તેના આધારે પ્રદુષણમાં નિયંત્રણ થશે તે સાબિત કરવાનું હોય છે. અગાઉ અમે ઉંડેરા અને શેરખી એસટીપી બનાવ્યું હતું. આ પ્રોજેક્ટ ડ્રેનેજ માટે હતું જો આ પ્રોજેક્ટ ન કરીએ તો પ્રદુષણ કેટલું થશે તે અંગેનો પ્રોજેક્ટ તૈયાર કર્યો. જેના ઉપર ઈન્ટરનેશનલ એજન્સીના માન્ય ઓડિટરોએ ચકાસ્યું અને પેરામીટરમાં બેઠા બાદ વીએમસીને પ્રથમ ઈન્ટરનેશનલ સર્ટિફિકેટ મળ્યું હતું. જે એશિયામાં પ્રથમ મહાનગરપાલિકા છે.

### વીએમસીનો બોન્ડ થોડા સમયમાં જ ૧૪.૬ ગણો ઓવર-સબસ્ક્રાઈબ થયો હતો

૧ માર્ચ ૨૦૨૪ના રોજ જ્યારે બોન્ડ ઈસ્યુ માટે બીએસઈના ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મ પર સબસ્ક્રિપ્શન થયું ત્યારે માત્ર થોડા સમયમાં જ બોન્ડ ૧૪.૬ ગણો ઓવર-સબસ્ક્રાઈબ થયો હતો. કુલ ૪૪ બિડરો દ્વારા રૂ.૧૪૬૦ કરોડની બીડ મેળવી, જે ભારતના મ્યુનિસિપલ બોન્ડ ઈતિહાસમાં સૌથી વધુ સબસ્ક્રિપ્શન ધરાવતું ઈસ્યુ બની રહ્યું છે, જે વડોદરા કોર્પોરેશન પ્રત્યે રોકાણકારોના પ્રચંડ વિશ્વાસને દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે, વડોદરા કોર્પોરેશન દ્વારા જૂની સિદ્ધિ ટકાવી રાખવા માટે ગત વર્ષે પણ રૂપિયા ૧૦૦ કરોડના બોન્ડ દ્વારા નાણાં ઉઘરાવવામાં આવ્યા હતા.

---

### માંડવી દરવાજા નીચેથી પસાર થવા ભગવાનને નાની પાલખીમાં બિરાજમાન કરાયા

# ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસ સાથે ભગવાન વિઠ્ઠલનાથજીનો ૨૧૯મો વરઘોડો નીકળ્યો

## ભગવાન વિઠ્ઠલનાથજીના વરઘોડામાં ભાજપના નેતાઓની પાંખી હાજરી





વડોદરા, તા. ૬

આજે દેવપોઢી અગિયારસના પાવન દિવસે માંડવી ખાતે આવેલા ઐતિહાસિક શ્રી વિઠ્ઠલનાથજી મંદિરથી ભગવાન શ્રી વિઠ્ઠલનાથજી નગરચર્યાએ નીકળ્યા હતા. સાજન મહાજન સાથે નગર ચર્યાએ નીકળેલા ભગવાન શ્રી વિઠ્ઠલજીના દર્શન માટે શ્રદ્ધાળુઓએ પડાપડી કરી હતી. પરંપરાગત ગાયકવાડ પરિવાર દ્વારા ભગવાનની પૂજા કર્યા બાદ વરઘોડાએ પ્રસ્થાન કર્યુ હતું. ઝરમર ઝરમર વરસાદમાં ચાંદી જડીત પાલખીમાં નગર ચર્યાએ નીકળેલા ભગવાનના માર્ગોમાં હજારો લોકોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

શહેરના માંડવી ખાતે આવેલા ઐતિહાસિક વિઠ્ઠલનાથજી મંદિરમાંથી આજે દેવપોઢી અગિયારસના દિવસે ૨૧૯મો ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીનો વાજતેગાજતે ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. શહનાઈના સૂર, બેન્ડવાજા, નાસિક ઢોલ અને વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલાના ગગનભેદી જયઘોષ સાથે નીકળેલા ભવ્ય વરઘોડામાં રાજકીય અગ્રણીઓ તેમજ શહેરના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. શ્રદ્ધાળુઓએ ભગવાનના દર્શન અને પ્રસાદ મેળવવા માટે પડાપાડી કરી હતી. જડબેસલાક પોલીસ બંદોબસ્ત વચ્ચે નીકળેલા ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીના વરઘોડામાં મેઘરાજાએ પણ અમીછાંટણા કર્યા હતા. ઝરમર વરસાદ વચ્ચે નીકળેલા ભગવાન વિઠ્ઠલનાથજીના વરઘોડાનું માર્ગોમાં વેપારીઓએ ભવ્ય સ્વાગત કર્યું હતું અને દર્શન કરી ધન્યતા અનુભવી હતી. માંડવી ખાતેથી સાજન મહાજન સાથે નીકળેલા ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીનો વરઘોડો માંડવી રોડ, ન્યાય મંદિર, અમદાવાદીપોળ, રાવપુરા રોડ, કોઠી ચાર રસ્તા થઈને કીર્તિ મંદિરથી શ્રી હરિ હર મહાદેવ મંદિર ખાતે પહોચ્યો હતો અને બપોરે ૪ કલાકે સલાટવાળા, નાગરવાડા ચાર રસ્તા થઈને વરઘોડો નીજ મંદિરે પહોચ્યો હતો. ભગવાનના દર્શન માટે આજે આખો દિવસ મંદિર ખુલ્લું રહેશે.

### વરઘોડામાં મેઘરાજાનાં અમીછાંટણાં

જડબેસલાક પોલીસ બંદોબસ્ત વચ્ચે નીકળેલા ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીના વરઘોડામાં મેઘરાજાએ પણ અમીછાંટણા કર્યા હતા. ઝરમર વરસાદ વચ્ચે નીકળેલા ભગવાન વિઠ્ઠલનાથજીના વરઘોડાનું માર્ગોમાં વેપારીઓએ ભવ્ય સ્વાગત કર્યું હતું અને દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

---

### શાંતિપૂર્ણ માહોલમાં સરસિયા તળાવમાં તાજિયા ઠંડા કરાયા



વડોદરા શહેરમાં કોમી એખલાસ અને ભાઈચારા સાથે મોહરમનો પર્વ સંપન્ન થયો હતો. યાકુતપુરા વિસ્તારમાં આવેલા સરસિયા તળાવ ખાતે સવારથી મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઉમટી પડ્યા હતા. શહેરના જુદાજુદા વિસ્તારોમાંથી તાજિયા જુલૂસ સરસિયા તળાવ તરફ જતા જોવા મળ્યા હતા. કારેલીબાગ પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ઈતિહાસમાં પહેલી વખત મચ્છીપીઠના તાજિયાને બપોરે લગભગ સાડા ચાર વાગ્યાની આસપાસ સરસિયા તળાવ ખાતે ઠંડા કરવામાં આવ્યા હતા. પોલીસની સતર્કતા અને લોખંડી બંદોબસ્ત વચ્ચે મોહરમનો પર્વ બિલકુલ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો હતો.

---

### માછલાં પકડવાની જાળમાં ફસાઈને ખેંચાઈ આવેલ મગરનું રેસ્ક્યૂ

વડોદરા, તા. ૬

શહેર નજીક આવેલા વરસાડા ગામના તળાવમાં માછલા પકડવાની જાળમાં મગર ફસાતા મગર જાળમાં ખેંચાઈ આવ્યો હતો. આ બનાવવાની જાણ શહેરની વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટ સંસ્થાના પ્રમુખ ને કરવામાં આવતા સંસ્થાના કાર્યકર્તાઓએ જાળમાં ફસાયેલા મગરનો રેસ્ક્યુ કરીને વન વિભાગના કર્મચારીઓને સોંપવામાં આવ્યો હતો.

ચોમાસાની સિઝનમાં વિશ્વામિત્રી નદીમાં આવેલા નવા પાણીને લઈને કેટલાક મગરો પાણીના વહેણમાં તણાય આવતા હોય છે. ત્યારે આવા મગરો નદી કિનારે સન બાથ માટે બહાર આવી પહોંચતા હોય છે. ત્યારબાદ મગરો ફરતા ફરતા ગામના તળાવો પાણીના નાળાઓ ઉતરી જતા હોય છે ત્યારે આ મગરો ગામોના તળાવમાં છે નાળાઓ માં જોવા મળે છે. ત્યારે આજે વડોદરા નજીક આવેલ વરસાડા ગામ ના તળાવમાં માછીમારે નાખેલી માછલા પકડવાની જાળમાં તળાવમાં ફરતો સાત ફૂટ જેટલો મગર ફસાયો હતો. જે મગરની જાળમાં ખેંચાઈ આવ્યો હતો. માછી મારે જાળમાં ફસાયેલા મગરને જોતા જ તે ચોકી ઉઠ્યો હતો. આ બનાવની જાન ગામના ચિંતનભાઈ પટેલ નામના વ્યક્તિને થતા તેમને વડોદરા શહેરની વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ સંસ્થાના પ્રમુખ અરવિંદ પવારને કરવામાં આવી હતી. જેથી પ્રમુખ અરવિંદ પવારે તેમની સંસ્થાના કાર્યકર હાર્દિક પવાર, ઈશ્વર ચાવડા તથા અર્જુન પરમાર ને મગરના રેસ્ક્યુ માટે મોકલી આપવામાં આવ્યા હતા સાથે આ બનાવની જાણ વન વિભાગના કરવામાં આવતા વન વિભાગના કર્મચારી જીગ્નેશ તથા શૈલેષ ભાઈ પણ બનાવ સ્થળે પહોંચ્યા હતા જ્યાં રેસ્ક્યુ સંસ્થાના કાર્યકર્તાઓએ એક કલાકની ભારે જહેમત બાદ મગરને પકડી વન વિભાગને સોંપવામાં આવ્યો હતો.

---

Adani Enterprises Limited

adani

This is an advertisement for information purpose only and is not a prospectus announcement.

**An opportunity to subscribe to one of India's largest listed business incubators***

**Public Issue of Secured, Rated, Listed, Redeemable, Non - Convertible Debentures**

Effective yield (quarterly and cumulative) of

**9.30% p.a.** (60 months)^

Note: effective yield for annual coupon is 9.29% p.a. & coupon for annual (60M) is 9.30%

**ISSUE OPENS ON: WEDNESDAY, JULY 9, 2025**

**ISSUE CLOSES ON: TUESDAY, JULY 22, 2025****

Allotment on first come, first serve basis#

- Security Cover: 1.1 X
- Minimum Application: ₹10,000/- (10 NCDs) across all series (and in multiple of ₹1000/- (1 NCD each) thereafter)
- Tenor: 24, 36 & 60 months (with Quarterly, Annual or Cumulative interest payment options)
- Credit Rating: "Care AA-; Stable" by CARE Ratings Limited and "[ICRA]AA- (Stable)" by ICRA Limited
- Mode of Application in Issue: ASBA only • Subject to applicable tax deducted at source.

*In terms of Market Capitalization, as on March 31, 2025 Source: BSE / NSE

^ For further details please refer "Issue Related Information" beginning on page 282 of the Prospectus dated June 30, 2025

**DISCLAIMER OF THE ISSUER:** Adani Enterprises Limited (**"Company"**), subject to market conditions, and other considerations, is proposing a public issue of secured, rated, listed, redeemable non-convertible debentures (**"NCDs"**) and has filed the Prospectus dated June 30, 2025 (**"Prospectus"**). Investment in the NCDs involves high degree of risk. Investors proposing to participate in the Issue should invest only on the basis of the information contained in the Prospectus. Investors should see the Prospectus filed by Adani Enterprises Limited with the Registrar of Companies, Gujarat, Dadra & Nagar Haveli at Ahmedabad, BSE Limited (**"BSE"**), National Stock Exchange of India Ltd. (**"NSE"**) and Securities and Exchange Board of India (**"SEBI"**), including the section titled *"Risk Factors"* and *"Material Developments"* beginning on pages 18 and 233 respectively of the Prospectus, available on the websites of SEBI at www.sebi.gov.in, BSE at www.bseindia.com, NSE at www.nseindia.com and the websites of the lead managers at www.nuvama.com, www.trustgroup.in and www.tipsons.com. The Issuer and the Lead Managers accept no responsibility for statements made otherwise than in the Prospectus or in the advertisement or any other material issued by or at the instance of the Company and that anyone placing reliance on any other source of information would be doing so at their own risk.

**DISCLAIMER CLAUSE OF BSE:** It is to be distinctly understood that the permission given by BSE should not in any way be deemed or construed that the Draft Offer Document has been cleared or approved by BSE. The investors are advised to refer to the Draft Offer Document/Offer Document for the full text of the Disclaimer clause of the BSE.

**DISCLAIMER CLAUSE OF NSE:** It is to be distinctly understood that the permission given by NSE should not in any way be deemed or construed that the Draft Prospectus has been cleared or approved by NSE nor does it certify the correctness or completeness of any of the contents of the Draft Prospectus. The investors are advised to refer to the Prospectus for the full text of the "Disclaimer clause of the NSE".

**DISCLAIMER CLAUSE OF USE OF BSE ELECTRONIC PLATFORM:** It is to be distinctly understood that the permission given by the BSE to use their network and software of the Online system should not in any way be deemed or construed as compliance with various statutory requirement approved by the Exchange; nor does it any manner warrant, certify or endorse the correctness or completeness of any of the compliance with the statutory and other requirements; nor does it take any responsibility for the financial or other soundness of the Company, its promoters, its management or any scheme or project of the Company. It is also to be distinctly understood that the approval given by the Exchange is only to use the software for participating in system of making application process.

**DISCLAIMER CLAUSE OF USE OF NSE ELECTRONIC PLATFORM:** It is also to be distinctly understood that the approval given by the Exchange is only to use the software for participating in system of making application process. It is distinctly understood by the Issuer that the permission given by NSE to use their network and online platform for facilitating applications for public issue of NCDs should not in any way be deemed or construed as that the compliance with various statutory and other requirements by Adani Enterprises Limited, LMs, etc. are cleared or approved by NSE; nor does it in any manner warrant, certify or endorse the correctness or completeness of any of the compliance with the statutory and other requirements nor does it take any responsibility for the financial or other soundness of the Issuer, its promoters, its management or any scheme or project of the Issuer. It is also distinctly understood that the approval given by NSE should not in any way be deemed or construed that the prospectus has been cleared or approved by NSE; nor does it in any manner warrant, certify or endorse the correctness or completeness of any of the contents of the prospectus; nor does it warrant that the securities will be listed or will continue to be listed on the Exchange.

# *Allotment in the public issue of debt securities shall be made on the basis of date of upload of each application into the electronic book of the Stock Exchange in accordance with the SEBI NCS Master Circular. However from the date of over subscription and thereafter, the allotment will be made to the applicants on proportionate basis.*

** *Issue shall remain open for subscription on Working Days from 10:00 AM to 5:00 PM (Indian Standard Time) during the period indicated above and is subject to early closure or extension. For further details, please refer to the section titled "Issue Related Information" on page 282 of the Prospectus.*

For further disclaimers, please refer page number 268 of the Prospectus. Link to refer the Prospectus https://www.adanienterprises.com/-/media/Project/Enterprises/Investors/Investor-Downloads/Others/Adani-Enterprises-Limited_Prospectus_June25.pdf
Capitalised terms not defined herein shall have the same meaning as assigned to such terms in the Prospectus.
For detailed terms and conditions, please refer to the Prospectus.
Link to download Abridged Prospectus: https://www.adanienterprises.com/-/media/Project/Enterprises/Investors/Investor-Downloads/Others/Adani-Enterprises-Limited_Abridged-Prospectus_June25.pdf

**Registered and Corporate Office:** Adani Corporate House, Shantigram, Near Vaishno Devi Circle, S. G. Highway, Khodiyar, Ahmedabad - 382 421, Gujarat, India. **Tel.:** +91 (79) 2555 4412; **Fax:** +91 (79) 2555 5500.
**www.adanienterprises.com**

Please scan the QR code to view the Abridged Prospectus

Adfactors 238/25

### ગુજરાત સરકારના રાજ્યકક્ષાના મંત્રી બચુભાઈ ખાબડની મુશ્કેલીઓ વધી

# બચુ ખાબડને મંત્રી પદેથી દૂર કરવા કોંગ્રેસની રજૂઆત

## કોંગ્રેસ ડેલીગેશ રાજ્યપાલને મળતા રાજકીય મોરચે ખળભળાટ : નવા જૂનીના એંધાણ

દાહોદ,તા.૦૬

ગુજરાત સરકારના મંત્રી બચુભાઈ ખાબડની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી, કેમ કે બે દિવસ અગાઉ યોજાયેલા રાજ્ય સરકારના મહત્વના ત્રણ કાર્યક્રમમાં તેઓને બાકાત રાખવામાં આવ્યા. તેમજ બે દિવસ અગાઉ જેલવાસ ભોગવી રહેલા તેમના બે પુત્રોના જામીન પણ રદ થયા. અને વધુ માઠા સમાચાર મંત્રીના માટે આવ્યા છે કે ધારાસભ્ય સહિત કોંગ્રેસનું એક ડેલીગેશન રાજ્યપાલને મળ્યું છે અને મંત્રી બચુભાઈ ખાબડને મંત્રી પદ પરથી દૂર કરવાની વાત કરી છે. ગુજરાત સરકારના રાજ્યકક્ષાના મંત્રી બચુ ખાબડ છે. તેમની મુશ્કેલીઓ દિન પ્રતિદિન વધી રહી છે. ગુજરાત સરકારના બે દિવસ અગાઉ ત્રણ મોટા કાર્યક્રમો યોજાયા હતા. અને આ ત્રણે કાર્યક્રમોમાં બચુભાઈ ખાબડની બાદબાકી કરવામાં આવી હતી. અને ગાંધીનગરમાં પણ સરપંચોનું સંમેલન મળ્યું હતું. અને તે સંમેલનમાં પણ જે પંચાયત વિભાગના મંત્રી છે, તેવા રાજ્ય કક્ષાના મંત્રી બચુખાબડની બાદબાકી થઈ હતી. જે કાર્યક્રમના આમંત્રણ પત્રમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને સી.આર.પાટીલ બંનેનાં નામ હતાં. પરંતુ રાજ્યકક્ષાના પંચાયત વિભાગના મંત્રી બચ્ચું ખાબડને તેમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. મંત્રીના આવા કપરાં સમયમાં જેલવાસ ભોગવી રહેલા



તેમના બંને પુત્રોએ મૂકેલી તેમની રેગ્યુલર જામીન અરજી પણ દાહોદની કોર્ટે ફગાવી દીધી છે. કેમકે કોર્ટે આ મામલાની ગંભીરતા ધ્યાને લીધી છે. અને તે પ્રકારે તેઓના જામીન રદ કરવામાં આવ્યા. અને વધુ એક સમાચાર મંત્રી માટે મુસીબત ઊભી કરે તેમ છે. કેમકે કોંગ્રેસના વિપક્ષના નેતા અમિત ચાવડા તથા કેટલાક ધારાસભ્યો સહિત કોંગ્રેસના નેતાઓનું ડેલિગેશન ગુજરાતના રાજ્યપાલ પાસે પહોંચ્યું હતું. અને તેમને માંગણી કરી છે કે, તેમના પુત્રો પણ ભ્રષ્ટાચારના મામલામાં હાલ જેલવાસ ભોગવી રહ્યા છે. તે કારણસર તે પોતે નૈતિક ધોરણે રાજીનામું નથી આપતા, અને આ મામલે સરકારની પણ કોઈ ઈચ્છા શક્તિ નથી જેથી તેમને મંત્રી પદેથી દૂર કરવાની માગણી કરી છે. રાજ્યપાલ સમક્ષ કરેલી પોતાની રજૂઆતમાં વિપક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, સરકારમાં બેઠેલા લોકોના આશીર્વાદ અને કથીત મિલીભગતથી ગામથી લઈને ગાંધીનગર સુધીના અધિકારીઓ સાથેના મેળાપીપણામાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે અને ભ્રષ્ટાચાર કરવા વાળા લોકો સામે કાયદેસર કેસ કરવાની કે દાખલા રૂપ કાર્યવાહી કરવાની સહેજ પણ ઈચ્છા શક્તિ રાજ્યના મુખ્યમંત્રી તથા સરકારમાં દેખાતી નથી. તમે જેમને સંવિધાનના નામે નિષ્ઠાપૂર્વક કામ કરવાના શપથ લેવડાવ્યા હતા. એવા રાજ્ય સરકારના મંત્રીના બંને દીકરાઓ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા છે. જેમની સામે ભ્રષ્ટાચારના પૂરતા પુરાવા છે. અને ભ્રષ્ટાચાર સાબિત થઈ ચૂક્યો છે અને જે જેલવાસ ભોગવી રહ્યા છે. તેમ છતાં તેઓ નૈતિકતાથી તો રાજીનામું આપતા નથી. એમને પદ પરથી દૂર કરવાની હિંમત કદાચકારણે સરકારમાં પણ નથી,

### અપૂરતી સુવિધાઓને લઈને લોકોમાં ભારે રોષ ફેલાયો

# લીમખેડા બેંક ઓફ બરોડા શાખામાં પાસબુક પ્રિન્ટર બંધ, બેઠક વ્યવસ્થાનો પણ અભાવ

## બેંક ખાતું ચાલુ કરવા જેવાં મૂળભૂત કામોમાં ધક્કાનો સામનો



લીમખેડા,તા.૫

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના મુખ્ય મથક લીમખેડા ખાતે, જૂના માર્કેટ રોડ પર આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં ખાતેદારો સાથે થતા દુર્વ્યવહાર અને અપૂરતી સુવિધાઓને લઈને લોકોમાં ભારે રોષ ફેલાયો છે. બેંકના કર્મચારીઓ દ્વારા ખાતેદારોને આધારકાર્ડ અને પાનકાર્ડ લિંક કરવા, બેંક ખાતું ચાલુ કરવા જેવાં મૂળભૂત કામોમાં ધક્કાઓ નો સામનો કરવો પડી રહ્યો છે. પ્રિન્ટર છેલ્લા દોઢથી બે મહિનાથી બંધ હોવાથી ખાતેદારોને નોંધણી વિના પરત ફરવું પડે છે. બેંકમાં બેસવા માટેની બેઠક વ્યવસ્થાનો પણ અભાવ છે, જેના કારણે ખાતેદારોને ઉભા રહીને લાંબો સમય રાહ જોવી પડે છે.લીમખેડા તાલુકાના મોટા હાથીધરા ગામના રહેવાસી સનુભાઈ રામસિંગભાઈ તડવી, જેઓ બેંક ઓફ બરોડાના ખાતેદાર છે, તેમને ગાડીના હપ્તા ભરવા માટે ખાતું ચાલુ કરાવવા અઠવાડિયાઓથી બેંકના ફેરા લગાવવા પડી રહ્યા છે. બેંકના કર્મચારીઓ દ્વારા તેમને વારંવાર ધક્કા ખવડાવવામાં આવે છે અને યોગ્ય માર્ગદર્શન કે સહાય આપવામાં આવતી નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### બોડેલીના જાખરપુરા રેલવે ગરનાળામાં પાણી ભરાતા વાહનચાલકોને મુશ્કેલી



બોડેલી : છેલ્લા ત્રણ દિવસથી છોટાઉદેપુર જિલ્લા સહિત બોડેલી વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યો છે ગઈ કાલે બોડેલી વિસ્તારમાં દોઢ ઈંચ કરતાં વધુ વરસાદ ખાબક્યો હતો અને એ દિવસ પહેલા પણ એક થી દોઢ ઈંચ સુધી વરસાદ પડ્યો હતો ત્યારે સતત વરસાદને લઈને બોડેલીના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાના બનાવ જોવા મળ્યા છે રોડ પર પણ પાણી જ પાણી જોવા મળ્યું છે બોડેલીના અલીપુરા ગોપાલ ટોકીઝ વિસ્તાર છોટાઉદેપુર રોડ ગોકુલ સ્ટેટ જેવા વિસ્તારોમાં રસ્તા પર પાણી ભરાયા હતા ત્યારે બોડેલીના જાબરપુરા પાસે આવેલ રેલવેના ઘરનાળામાં પાણી ભરાવાથી વાહન ચાલકોને ખૂબ મુશ્કેલી પડી હતી. હવા માન વિભાગ તરફથી હજુ પણ છોટાઉદેપુર જિલ્લામાં અને બોડેલીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે વરસાદી લઈને બોડેલીના નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાવાના બનાવો પણ જોવા મળી રહ્યા છે ત્યારે બોડેલીના ઝાકરપુરા પાસે આવેલ રેલવેના ઘરનાળામાં પાણી ભરાતા વાહન ચાલકોને ખૂબ હાલાકી પડી હતી છેલ્લા ત્રણ દિવસથી છોટાઉદેપુર જિલ્લા સહિત બોડેલી વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યો છે ગઈ કાલે બોડેલી વિસ્તારમાં દોઢ ઈંચ કરતાં વધુ વરસાદ ખાબક્યો હતો

### બોડેલી નગરમાં મોહરમ પર્વની ઉજવણી તાજીયા સાથે ભવ્ય જુલુસ નીકળ્યુ



બોડેલી : છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે મુસ્લિમ સમાજના માતમ ના પર્વ મોહરમ પર્વની ઉજવણી કોમી એકતા સાથે ખૂબ જ શાંતિપૂર્ણ વાતાવરણમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ સંપન્ન થઈ હતી ઈસ્લામિક કેલેન્ડરનો પ્રથમ માસ એટલે મોહરમ નો માસ. આ પ્રથમ માસના પહેલા ચાંદથી દસમાં ચાંદ સુધી મુસ્લિમ બિરાદરો દ્વારા મોહરમ પર્વની ઉજવણી માતમ ના પર્વ તરીકે કરવામાં આવે છે. આ પર્વ મોહરમ પર્વની ઉજવણી બોડેલી નગર સહિત આસપાસના ગામોમાં રહેતા મુસ્લિમ બિરાદરો દ્વારા દસ દિવસ માટે વિવિધ યુવા કમિટી દ્વારા કરબલા ની યાદમાં તેના પ્રતિક રૂપે કલાત્મક તાજીયા બનાવી આરૂઢ કરવામાં આવે છે મહોરમ માસના નવમાં ચાંદે કતલની રાતે બોડેલી , અમન પાર્ક, હુસેની મોહલ્લા , રજા નગર, રામનગર, ફતેનગર તેમજ અલીપુરા, ઢોકલીયા અને જૂની બોડેલી માં આરૂઢ કરાયેલા તાજીયાનું જુલુસ નીકળ્યું હતું જેમાં સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા. અને બીજા દિવસે દસમાં ચાંદ ના રોજ બપોર બાદ બોડેલી, અલીપુરા અને ઢોકલીયા થી બોડેલી થઈ અલીપુરા એસ.ટી.ડેપો સુધી તાજીયાનું ભવ્ય જુલુસ જેમાં નાના-મોટા થઈ અનેક કલાત્મક તાજીયા સાથે જુલુસ નીકળ્યું હતું.

### વણકર સમાજ કાલોલના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ યોજાયો



કાલોલ : વિશ્વાસ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ કાલોલ દ્વારા વણકર સમાજ ના વિદ્યાર્થીઓ નો સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો. કાલોલ તાલુકાના વિશ્વાસ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ કાજલબેન. જી. પરમાર દ્વારા કાર્યક્રમ ની શુભ શરૂઆત કરવામાં આવી હતી જેમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ ધોરણ ૧૦/૧૨ અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરતા સ્નાતક, અનુસ્નાતક અને, નર્સિંગ, પી. એચ ડી તથા અન્ય સિદ્ધિઓ હાંસલ કરનાર અને ચાલુ સાલે નોકરી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ નું સન્માન કરવામાં આવ્યું હતું આ તબ્બકે છોટાઉદેપુર પ્રા. જિલ્લા શિક્ષણાધિકારી જશવંતભાઈ પરમાર, ટ્રસ્ટ ના ઉપ પ્રમુખ ભાવનાબેન, તેમજ કિરીટભાઈ પરમાર, જયેશભાઈ ડાભી, ગોવિંદભાઈ પરમાર અને કુલીબેન ખાસ ઊપસ્થિત રહ્યા હતા. ૧૮૧ ના મિત્તલબેન અને ચેતનાબેન કોન્સ્ટેબલ અને કોકિલા વણકર થકી કાઉન્સિલર દ્વારા પાયા ની સમજ આપી હતી આ પ્રસંગે શિક્ષણ માટે કટિબ્ધ જીવ એવા મહેન્દ્રભાઈ વણકર વકીલ, સંજયભાઈ વણકર સમાજ ના પ્રમુખ, જગદીશભાઈ ખાખરાવાળા, અશ્વીનભાઈ, પ્રમોદભાઈ, ધીરજ વાઘેલા વકીલ, ઈશ્વરભાઈ વણકર અને વિનોદ કામરોલા સહિત હંસાબેન, ભાવિકા. વી. સહિત ઊપસ્થિત રહી કાર્યક્રમ શોભાવ્યો હતો.

### ભવનના ધાબામાંથી વરસાદી પાણી લીકેજ

# મોટા આંબલીયા પંચાયત ખાતે શૌચાલય સહિત પ્રાથમિક સુવિધાનો અભાવ

## શૌચાલયની કામગીરી કરવામાં આવશે : તલાટી

દાહોદ,તા.૯

સિંગવડ તાલુકાના મોટા આંબલીયા ગ્રામ પંચાયત માં સરપંચ તેમજ તલાટી કમ મંત્રી બંને મહિલા હોવા છતાં મોટા આંબલીયા ગ્રામ પંચાયતમાં પ્રાથમિક સુવિધાના નામે શૌચાલય પણ નથી.મહિલા સરપંચ અને તલાટી પણ મહિલા હોવા છતાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી જે આશ્ચર્ય પમાડે તેવી બાબત છે.વળી ગ્રામપંચાયતમાં ઘણા સમયથી લાઈટ નું મિટર પણ બંધ હાલતમાં છે.હાલમા ગ્રામ પંચાયત ૭ /૧૨, ૮અ ના ઉતારા સહિત જમીનના કામકાજ , ખેડૂતલક્ષી યોજનાઓ ઓનલાઈન કરવાનું સહિત અનેક યોજનાઓ માટે મોટાભાગના કામ ગામ પંચાયત ભવનથી બધું કામ ઓનલાઈન થયી ગયેલ છે ત્યારે લાઈટ બીલ ન આવતું હોય તો પંચાયતનુ કામ કરી રીતે કરવામાં આવે છે તેવું લોકમુખે ચરચાઈ રહ્યા છે. જ્યારે.ગ્રામપંચાયત ભવન નુ આખું ધાબૂ લીકેજ થતુ હોય ધાબા ઉપર વરસાદી પાણી બંધ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવે તો વરસાદી પાણી બંધ થયી શકે તેમ છે.વધુમા ગ્રામજનોને પૂછતાં એવું જાણવા મળેલ છે કે રેગ્યુલર ગ્રામસભા પણ યોજવામાં આવતી નથી.જલ સે નળ પર યોજનાનો ચાર્જ પાણી પુરવઠા વિભાગ પાસેથી મોટા આબલીયા ગ્રામપંચાયત દ્વારા લયી લેવામાં આવ્યો છે છતાં પણ મોટા આંબલીયા ગામના ગ્રામજનોને છેલ્લા કેટલાક દિવસથી પીવાનું પાણી મળતું નથી. પી.વી. ડાંગી તલાટી કમ મંત્રી- મોટા આંબળીયા, શૌચાલય જેવી પ્રાથમિક સુવિધા માટે વહીવટી સહિતની તમામ પ્રક્રિયા શરૂ કરી દીધેલી છે અને ટૂંકા ગાળામાં સૌચાલયની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

### લીમખેડા ગ્રામ પંચાયતમાં મહિલા શક્તિનો ઉદય: ઉપસરપંચ પદ માટે ચર્ચાઓ તેજ

# લીમખેડા ગ્રામ પંચાયતમાં પ્રથમ વખત મહિલા ઉમેદવારને ઉપસરપંચ પદ માટે પ્રાધાન્ય અપાશે

## તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ૧૦ સભ્યોની પંચાયતમાં ૬ મહિલાઓએ જીત મેળવી હતી




દાહોદ,તા.૯

લીમખેડા ગ્રામ પંચાયતની તાજેતરની ચૂંટણીએ ગામના રાજકીય પટલ પર નવો અધ્યાય ઉમેર્યો છે. ૧૦ સભ્યોની પંચાયતમાં ૬ મહિલાઓએ જીત મેળવીને ગ્રામ પંચાયત લીમખેડામાં માં મહિલા શક્તિનો દબદબો જોવા મળી રહ્યો છે જ્યારે ૪ પુરુષ સભ્યો વિજેતા બન્યા છે. જોકે, આઝાદીના ૭૮ વર્ષના ઈતિહાસમાં લીમખેડા ગ્રામ પંચાયતમાં સરપંચ કે ઉપસરપંચના પદે કોઈ મહિલાને સ્થાન મળ્યું ન હોવાનું ચર્ચા રહ્યું છે ત્યારે લીમખેડા ગ્રામ પંચાયત ના ઉપસરપંચના પદ માટે મહિલા સભ્યોની સક્રિયતા એ લીમખેડા નગરમાં રાજકારણમાં નવો ઉત્સાહ જગાવ્યો છે. તાજેતરમાં જ યોજાયેલી ગ્રામ પંચાયત ની ચૂંટણી અત્યંત રોમાંચક રહી, જેમાં સરપંચ પદ માટે દિનેશ ભરવાડ અને અર્જુનભાઈ ભરવાડ વચ્ચે ભારે સ્પર્ધા જોવા મળી. તમામ ઉમેદવારોએ એડી ચોટીનું જોર લગાવ્યું હતું જેમાં દિનેશ ભાઈ ભરવાડે પાતળી સરસાઈથી વિજય મેળવ્યો હતો. જ્યારે સરકારે સ્થાનિક સ્વરાજ્ય ની સંસ્થાઓમાં મહિલાઓ માટે ૫૦ ટકા આરક્ષણની નીતિ અમલમાં મૂકી છે, અને આ વખતે લીમખેડા ગ્રામ પંચાયતમાં ૬ મહિલા સભ્યોની જીતે ઉપસરપંચના પદ માટે નવી આશા જગાવી છે. મહિલા સભ્યો ઉપસરપંચ પદ હાંસલ કરવા માટે અન્ય સભ્યોનું સમર્થન મેળવવા સક્રિય બન્યા છે. સમગ્ર લીમખેડા નગરમાં ચર્ચાઓ ચાલી રહી છે કે આ વખતે લીમખેડાના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ મહિલા ઉપસરપંચના પદે બિરાજી શકે છે.લીમખેડા ગ્રામ પંચાયતમાં અત્યાર સુધી ઉપસરપંચનું પદ હંમેશાં પુરુષ સભ્યોને જ ફાળે ગયું છે. પરંતુ, ૬ મહિલા સભ્યોની સંખ્યાબળ અને તેમની રાજકીય સક્રિયતાને જોતાં, આ વખતે પરંપરા તૂટવાની શક્યતા દેખાઈ રહી છે.

### કાચા તેમજ લિપણવાળા માટીના મકાનોમાં મચ્છરોનો ઉપદ્રવ વધુ પ્રમાણમાં

# શહેરા તાલુકાના એક ગામે બાળકને ભેદી વાયરસ ભરખી જતા પરિવાર ભયભીત

## બાળકને ખેંચ આવતા તાત્કાલિક સારવાર માટે વડોદરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો

શહેરા,તા.૯

પંચમહાલ જીલ્લામાં ભેદી વાયરસના કારણે ત્રણ બાળકોના મોત નીપજ્યા છે,જેમાં શહેરા તાલુકાના એક ગામે આઠ વર્ષના બાળકને ભેદી વાયરસ ભરખી જતા પરિવાર સહીત આસપાસના લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે

પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકના એક ગામે નાનકડા પરિવારનો બાળક જે બીજા ધોરણમાં અભ્યાસ કરતું હતું તેને મોડી રાત્રે અચાનક ઠંડી લાગવા માંડી અને તાવ આવી ગયો ત્યારબાદ સવારે ખેંચ આવતા પરિવારજનો



તાત્કાલિક સારવાર માટે શહેરા સરકારી દવાખાને લઈ ગયા અને ત્યાંથી ગોધરા રીફર કરવામાં આવ્યો હતો,જોકે બાળકની સ્થિતિ સારી ન હોવાથી તાત્કાલિક વધુ સારવાર અર્થે વડોદરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો,જ્યાં તબિબો દ્વારા રિપોર્ટ માટે બ્લડ સેમ્પલો લેવામાં આવ્યા હતા,જોકે સારવાર દરમિયાન આઠ વર્ષીય બાળકનું મોત નીપજ્યું હતું. જોકે બાળકનું મોત ભેદી વાયરસના કારણે થયું હોવાને લઈ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ ભેદી વાયરસ વકરે નહીં તે માટે સેમ્પલો તેમજ જંતુ નાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે.ચોમાસુ શરૂ થતાં જ ગ્રામીણ વિસ્તારોમાં આવેલા કાચા તેમજ લિપણ વાળા માટીના મકાનોમાં મચ્છરોનો ઉપદ્રવ વધુ પ્રમાણમાં જોવા મળતો હોય છે તેમજ આવી જગ્યાએ મચ્છર સહિત બીજી અનેક જીવાતો જોવા મળતી હોય છે,ત્યારે ગત વર્ષે આ સમયે શંકાસ્પદ ચાંદીપુરમ વાયરસના કારણે સમગ્ર જીલ્લામાં આરોગ્ય વિભાગને દોડતું કરી દીધું હતું.

### બોડેલી ખાતે આવેલી એમડીઆઇ

# સ્કૂલ જવાના રસ્તા પર કીચડ અને પાણી ભરાતા વિદ્યાર્થીઓને મુશ્કેલી

## વરસાદના કારણે રસ્તાનું કામ અધૂરુ

બોડેલી,તા.૯

બોડેલીના અલીપુરા એમ,ડી,આઈ સ્કૂલ ખત્રી વિદ્યાલય વિસ્તારમાં રસ્તાની કફોડી જોવા મળી રહી છે બોડેલીના અલીપુરા વિસ્તારમાં એસ. ટી. ડેપો પાસેના રસ્તા પર કીચડ અને પાણી ભરાવા જેવી ભયાનક સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક રહીશો અને શાળાના વિદ્યાર્થીઓને ભારે સામનો કરવાનો વારો આવ્યો છે.છોટાઉદેપુર જિલ્લાના બોડેલીના અલીપુરા એસ. ટી. ડેપો પાસેથી શાળા તરફ જતા મુખ્ય માર્ગ પર આવેલ ફતેનગર, ચાચક અને ગોકુલ એસ્ટેટ જેવા વિસ્તારોના નાગરિકો કીચડ અને પાણી ભરાઈ જવાના જીવનથી ત્રાહીમામ પોકારી ઊઠ્યા છે. બોડેલી અલીપુરા ખત્રી વિદ્યાલય જવાના રસ્તા પર આસરે એક મહિના અગાઉ અહીં ગટર લાઈનનું કામ શરુ થયું હતું અને ત્યારબાદ નવા રોડ નું નિર્માણ કરવાનુ હતુ પરંતુ વરસાદ શરૂ થઈ જવાના કારણે કામ અધૂરુ રહી ગયુ અને સ્થિતિ વધુ વણસી ઠેર ઠેર કાદવ અને ગટરના પાણી ભરાતા રાહદારીઓને અત્યંત મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે આ સમસ્યા રાહત મળે તે માટે ગ્રામ પંચાયત દ્વારા ભારે વાહનો અટકાવવા લોખંડની એન્ગલ લગાવવામાં આવી હતી. પણ કોઈ કોઈક વ્યક્તિ દ્વારા એંગલ ને તોડી નાખવામાં આવી છે જેને લઇ ગ્રામ પંચાયતે આ ઘટના અંગે કાર્યવાહી કરવા સ્થાનિક પોલીસ મથકે લેખિત રજૂઆત પણ કરી છે. શાળાએ પણ ગ્રામ પંચાયતના પદાધિકારીઓ સમક્ષ રજૂઆત કરી છે કે વિદ્યાર્થીઓની સુરક્ષા માટે રસ્તાનું કાયમી નિરાકરણ લાવવામાં આવે અને હાલ સમારકામ તાત્કાલિક કરવામા આવે.

### આનંદ મેળામાં ફૂડ સ્ટોલ ઉભા કરાયા

# બોડેલી કન્યાશાળામાં બાળમેળા યોજાયો બાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો

## વેશભૂષા, વેસ્ટમાંથી બેસ્ટ જેવી એક્ટિવિટી પણ યોજાઇ

બોડેલી,તા.૯

બોડેલી કન્યાશાળામાં આ મેળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શાળાની ધોરણ એક થી આઠ ની બાળાઓએ અલગ અલગ એક્ટિવિટીમાં ભાગ લીધો. જેમાં ધોરણ ૧ થી ૫ ની વિદ્યાર્થીનીઓએ બાળવાર્તા ,માટીકામ ,ચિત્રકામ , રંગ પૂરણી,કાગળ કામ , વેશભૂષા , વેસ્ટ માંથી બેસ્ટ વગેરે જેવી એક્ટિવિટીમાં ભાગ લીધો અને ધોરણ ૬ થી ૮ ની વિદ્યાર્થીનીઓએ ફ્યુઝ બાંધવો , સ્ક્રુ લગાવવો , કૂકર બંધ કરવું ,ખીલી લગાવવી , શરીરની સ્વચ્છતા ,હાથ પર મહેંદી લગાવવી , રંગોળી બનાવવી, વેસ્ટ માંથી બેસ્ટ બનાવવું, હેર સ્ટાઈલ બનાવવી , આપત્તિ વ્યવસ્થાપનની સમજૂતી, ફૂલ પાન દ્વારા શણગાર , આનંદ મેળા દ્વારા વસ્તુ વેચાણ સ્ટોલ વગેરે જેવી એક્ટિવિટીમાં ભાગ લીધો. આનંદ મેળામાં અલગ અલગ ૧૭ જેટલા ફૂડ સ્ટોલ શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા ઊભા કરવામાં આવ્યા જેમાં અલગ અલગ પ્રકારની વાનગીઓ વિદ્યાર્થીનીઓ પોતાના ઘરેથી બનાવીને લાવી હતી શાળાના ત્રણ શિક્ષિકા બહેનો હર્ષાબહેન , કીર્તિકાબહેન અને કલ્પનાબહેને પણ ફૂડ સ્ટોલમાં ભાગ લઈને વિદ્યાર્થીનીઓનો ઉત્સવ વધાર્યો હતો. શાળાની મોટાભાગની છોકરીઓએ અલગ અલગ એક્ટિવિટીમાં ભાગ લીધો અને તેને જોવા માટે છોટાઉદેપુર જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી જશવંતભાઈ પરમાર, બોડેલી ગ્રુ પાચાર્ય હર્ષદભાઈ વરિયા, બોડેલી સી.આર.સી નગીનભાઈ રાઠવા, સહિત એસએમસીના સભ્યો ,વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને તમામ એક્ટિવિટી નિહાળી હતી.

### પાણી શુદ્ધ કરવા માટે વપરાતી ફટકડીનો સ્ટોક ખલાસ થઈ ગયો

# દાહોદમાં શહેરીજનોને ડહોળું પાણી અપાતાં પાણીજન્ય રોગચાળાનું જોખમ : લોકોમાં રોષ

## પોતાના રૂપિયે બહારથી શુદ્ધ પીવાના પાણીના કારબા ખરીદવા નગરજનો મજબૂર

દાહોદ, તા.૯

એક તરફ દાહોદ શહેરમાં પીવાના પાણી માટે દાહોદવાસીઓ વલખાં મારી રહ્યા છે. ત્યારે બીજી તરફ હાલ ચોમાસાની ઋતુમાં દાહોદ શહેરમાં દર પાંચમે દિવસે આપવામાં આવતું પીવાનું પાણી ડહોળું તેમજ ગંદુ આવતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે અધિકારી રાજ ધરાવતી નગરપાલિકામાં ફટકડીનો સ્ટોક જ ન હોવાથી નગરજનોને અપાતા ડહોળા અને ગંદા પાણીને કારણે શહેરીજનોને માથે રોગચાળાનું જોખમ વધ્યું છે. અને આ મામલે ફરિયાદ લઈ મહિલાઓના ટોળાને કાઉન્સિલરના ઘર સુધી પહોંચીને ઉગ્ર રજૂઆત કરવાની ફરજ પડી હતી. દાહોદ હવે તો સ્માર્ટ સિટી બની જેથી સ્માર્ટ સિટીના નિયમ મુજબ તો શહેરીજનોને શુદ્ધ પીવાના પાણીનો પુરવઠો નિયમિત રીતે રોજ આપવાનો હોવા છતાં ચાર ચાર દિવસના આંતરે પાણીનો પુરવઠો આપવામાં આવે છે. આમ પણ દાહોદ શહેરવાસીઓ પાણીની આવી વિકટ સમસ્યાથી વર્ષોથી પીડાઈ રહ્યા છે. અને સ્માર્ટ સિટી થયા પછી પણ શહેરવાસીઓની પાણીની આ સમસ્યા યથાવત રહી છે. શહેરના ઘણા વિસ્તારોમાં તો અઠવાડિયા સુધી પીવાનું પાણી આપવામાં આવતું નથી અને જો પાણીનો સપ્લાય ચાલુ કરવામાં આવે તો ગણતરીની મિનિટોમાં પાણીનો સપ્લાય બંધ કરી દેવાની ફરિયાદો સાથે ઘણા વિસ્તારોમાં પાણી આપવાના સમય દરમિયાન વીજ પુરવઠો પણ ખોરવાઈ જતો હોવાને કારણે પાણી ભરવું મુશ્કેલ બને છે. વર્ષોથી દાહોદવાસીઓ પાણીની આ સમસ્યા સામે ઝઝૂમી રહ્યા છે. ત્યારે આવા સમયે હાલ જ્યારે ચોમાસાની ઋતુ ચાલી રહી છે. ત્યારે શહેરના મોટાભાગના વિસ્તારોમાં આપવામાં આવતું પીવાનું પાણી ડહોળું હોવાની ફરિયાદો શહેરીજનો કરી રહ્યા છે. આવા સમયે પાલિકાના સત્તાધિશો લોકોની ટેલીફોનિક રજૂઆતો નહીં સાંભળતા હોવાની ફરિયાદો પણ લોકો કરી રહ્યા છે. પાણી શુદ્ધ કરવા માટે ઉપયોગમાં લેવાતી ફટકડીનો સ્ટોક જ દાહોદ પાલિકા પાસે સમાપ્ત થઈ ગયો હોવાનું બિન સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. શું આ ફટકડીનો સ્ટોક આગોતરા આયોજન પ્રમાણે



ભરવામાં આવ્યો ન હતો કે શું? કે પછી પાલિકા પાસે આ ફટકડીના સ્ટોક માટેનું ભંડોળ નથી? જેવા અનેક સવાલો પણ હવે ઊભા થયા છે. એક તરફ ચોમાસાની સિઝન ચાલી રહી છે.

### ચોમાસુ જામ્યું: આગામી પાંચ દિવસ રાજ્યના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી

# ગુજરાતના ૨૦૪ તાલુકામાં મેઘમહેર: ભિલોડામાં સૌથી વધુ ૬.૬ ઈંચ

## સૌરાષ્ટ્ર-કચ્છમાં આગામી ૪૮ કલાક દરમિયાન અતિ ભારે વરસાદની સંભાવના
## અમદાવાદ અને ગાંધીનગરમાં પણ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી

અમદાવાદ, તા. ૬

ગુજરાતભરમાં હાલ ચોમાસુ જામ્યું છે. ગઈ ૧૬ જૂનથી રાજ્યમાં થયેલી ચોમાસાની એન્ટ્રી બાદ માત્ર ૧૭ દિવસમાં વરસાદે આખા રાજ્યને કવર કરી લીધું છે. હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ ગુજરાતના ઘણા વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલમાં ત્રણ સિસ્ટમ સક્રિય થવાને કારણે રાજ્યભરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે આવતીકાલે રાજ્યના ૨૨ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.હવામાન વિભાગે રાજ્યના અરવલ્લી, સાબરકાંઠા, અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, મોરબી, કચ્છ, દાહોદ, મહીસાગર, ભાવનગર, અમરેલી, બોટાદ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદર નગરહવેલી, ગીર સોમનાથ, દીવ, મહેસાણા, જામનગર, પંચમહાલ, વડોદરામાં ભારેથી અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ આપ્યું છે. આ સિવાય બાકીના જિલ્લાઓમાં ભારે વરસાદને લઈને યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આજે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદ વરસી શકે છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી ૪૮ કલાક દરમિયાન અતિ ભારે વરસાદની સંભાવના છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ખાસ કરીને સુરત, નવસારી અને ભરૂચ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. ભરૂચમાં જળબંબાકાર સર્જાયો છે. બજારોમાં નદીઓની જેમ પાણી વહ્યા હતા. વાંસદામાં ૫૨ રસ્તા બંધ થયા હતા. કોઝવે પર પાણી ફરી વળ્યા છે. જેના કારણે રસ્તાઓ બંધ કરાયા હતા. રવિવારે સવારે ૬ વાગ્યાથી ૮ વાગ્યા સુધીમાં રાજ્યના ૫૧ તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ વરસ્યો હતો. જેમાં સૌથી વધુ વ્યારામાં ૨ ઈંચ વરસ્યો હતો. બારડોલી, વાલોદ, ડોલવણ, સોનગઢ અને દાંતામાં એક ઈંચ વરસાદ વરસ્યો હતો.

**છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૪ તાલુકામાં વરસાદ**

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૦૪ તાલુકામાં હળવાથી ભારે વરસાદ વરસ્યો હતો. જેમાં સૌથી વધુ અરવલ્લીના ભિલોડામાં સવા છ ઈંચ, વ્યારામાં પોણા છ ઈંચ, ડોલવણમાં સવા ૫ ઈંચ, પલસાણામાં પાંચ ઈંચ, કપરાડા, સોનગઢ અને સુરતમાં પોણા પાંચ ઈંચ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત રાજ્યના ૫૦ તાલુકામાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. જ્યારે ૯૩ તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. ગતરોજ પણ રાજ્યના અનેક પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ખાસ કરીને દ્વારકા, વલસાડના કપરાડા અને ધરમપુર તેમજ તાપીના વ્યારામાં અને અમદાવાદ અને વડોદરામાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. તેમજ ઠેર-ઠેર પાણી ભરાયા હતા અને માર્ગો નદીઓમાં ફેરવાયા હતા.

**૧૧૦ મિમીની જરૂરિયાત સામે ૨૮૮ મિમી વરસાદ ખાબક્યો**

સામાન્ય રીતે ગુજરાતમાં જૂન મહિનામાં સરેરાશ ૧૧૦.૮ મિમી (૪.૪૩ ઈંચ) વરસાદની જરૂરિયાત હોય છે. એની સામે ૨૮૮.૭ મિમી (૧૧.૫૫ ઈંચ) વરસાદ મળ્યો છે. જરૂરિયાત કરતાં ૧૬૧% વધુ વરસાદે ૪૪ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે. ૧૨૫ વર્ષના ઇતિહાસમાં જૂન મહિનામાં સૌથી વધુ ૨૯૮.૩ મિમી (૧૧.૯૩ ઈંચ) વરસાદ ૧૯૮૦ માં નોંધાયો હતો, એટલે કે આ વખતે ૪૪ વર્ષ બાદ સૌથી વધુ વરસાદ સાથે ૧૨૫ વર્ષનો બીજો સૌથી વધુ વરસાદનો રેકોર્ડ બન્યો છે. ૨૦૨૪માં જૂનમાં રાજ્યમાં મેઘરાજાની ૯ દિવસની હાજરી સામે ચાલુ સિઝનમાં જૂનના ૧૯ દિવસની હાજરી આપી છે. રાજ્યના ૫ ઝોનમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૯ દિવસ અને કચ્છમાં સૌથી ઓછા ૮ દિવસ મેઘરાજા વરસ્યા છે. ઉલ્લેખનીય છે કે સામાન્ય રીતે જે દિવસે ૨.૫ મિમી કે તેથી વધુ વરસાદ વરસે એને વરસાદનો ૧ દિવસ ગણવામાં આવે છે.

**જુલાઈમાં પણ સામાન્યથી વધુ વરસાદની શક્યતા**

ભારતીય હવામાન વિભાગે સોમવારે રજૂ કરેલા જુલાઇ મહિનાના પૂર્વાનુમાન મુજબ, દેશમાં ૧૦૬%થી વધુ વરસાદની શક્યતા છે. ગુજરાતમાં જુલાઇનું પૂર્વાનુમાન જોઇ રાજ્યના બાકીના વિસ્તારોમાં સામાન્યથી વધુ વરસાદની શક્યતા છે, એટલે કે મોટા ભાગના વિસ્તારોમાં સારા વરસાદના સંકેતો છે.



### રાજ્યના ૫ ઝોનમાં સિઝનના વરસાદની સ્થિતિ

કચ્છ : મેઘરાજાએ સૌથી ઓછા ૮ દિવસની હાજરી આપી છે. જૂનમાં ૫૦.૧ મિમી (૨ ઈંચ) વરસાદની જરૂરિયાત સામે ૧૪૨.૩ મિમી (૫.૬૯ ઈંચ) વરસાદ મળ્યો છે. જરૂરિયાત કરતાં ૧૮૪% વધુ વરસાદ રહ્યો છે.

ઉત્તર ગુજરાત : મેઘરાજાએ ૧૫ દિવસની હાજરી આપી છે. જૂનમાં ૮૦.૨ મિમી (૩.૨૧ ઈંચ)ની જરૂરિયાત સામે ૧૭૮ મિમી (૭.૧૨ ઈંચ) વરસાદ મળ્યો છે. જરૂરિયાત કરતાં ૧૨૨% વધુ વરસાદ છે.

મધ્ય-પૂર્વ ગુજરાત : મેઘરાજાએ ૧૭ દિવસની હાજરી આપી છે. જૂન સુધીમાં ૧૧૩ મિમી (૪.૫૨ ઈંચ)ની જરૂરિયાત સામે ૨૭૮.૯ મિમી (૧૧.૧૬ ઈંચ) વરસાદ મળ્યો છે. જરૂરિયાત કરતાં ૧૪૭% વધુ વરસાદ રહ્યો છે.

સૌરાષ્ટ્ર : મેઘરાજાએ ૧૧ દિવસની હાજરી આપી છે. જૂનમાં ૧૨૭.૭ મિમી (૫.૧૨ ઈંચ)ની જરૂરિયાત સામે ૨૪૫.૧ મિમી (૯.૮૦ ઈંચ) વરસાદ થયો છે.

દક્ષિણ ગુજરાત : મેઘરાજાએ સૌથી વધુ ૧૯ દિવસની હાજરી આપી. જૂનમાં ૨૫૩.૪ મિમીની જરૂરિયાત સામે ૫૩૨.૫ મિમી (૨૧.૩ ઈંચ) વરસાદ મળ્યો છે.

## ઈડરના સપ્તેશ્વર પાસેની સાબરમતી નદીમાં ૩૦ વર્ષીય યુવાને સેલ્ફી લેવા જતા જીવ ગુમાવ્યો



ઈડર, તા. ૬

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના આવેલ સપ્તેશ્વર પાસેની સાબરમતી નદીમાં આશરે ૩૦ વર્ષીય યુવાન સેલ્ફી લેવા જતા યુવાનનો પગ લપસતા જીવ ગુમાવ્યો હોવાનું જાણવા મળ્યું છે જ્યારે યુવાને પોતાનો અમુલ્ય જીવ ગુમાવ્યો છે. આ અંગે મળતી માહિતી મુજબ ઈડરના સપ્તેશ્વર પાસે આવેલી સાબરમતી નદીમાં એક યુવાન સેલ્ફીના ચક્કરમાં યુવાનનો પગ લપસતા પાણીના પ્રવાહમાં ઘરકાવ થયો હતો જ્યારે યુવાન મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકાના કટોસણ ગામનો હોવાનું સામે આવ્યુ ત્યારે સ્થાનિકો તેમજ ફાયરબ્રિગેડ અને પોલીસ દ્વારા યુવાનની સતત બે કલાકથી શોધખોળ હાથ ધરી છે જ્યારે ઉપરવાસમાં ભારે વરસાદને લઈ સપ્તેશ્વર પાસે આવેલી સાબરમતી નદી અત્યારે બે કાંઠે વહી રહી છે ત્યારે વારંવાર તંત્ર દ્વારા સાવચેત કરવા છતા અથવા નદી કિનારે ન જવું તેમ છતાં પ્રવાસીઓ ફોટો પાડવા માટે નદી કિનારે જતા હોય છે ત્યારે તંત્ર દ્વાર ત્યાં આગળ કોઈ પ્રોટેકશનની વ્યવસ્થા કરવી જોઈએ તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

### સહકારી પ્રવૃત્તિને પાંચ પી એટલે પીપલ, પેક્સ, પ્લેટફોર્મ, પોલિસી અને પ્રોસ્પેરિટીના આધારે દેશવ્યાપી બનાવવા અમિત શાહનું આહવાન

# અમૂલ એફએમસીજી ક્ષેત્રે ફક્ત ભારતની જ નહીં પરંતુ વિશ્વની સૌથી મજબૂત બ્રાન્ડ બની : અમિત શાહ

### દૂધ, ખાંડની મિલો, માર્કેટિંગ, રોકડ ધિરાણથી ડિજિટલ પેમેન્ટ સુધી સહકારી મંડળીઓ વિકાસમાં યોગદાન આપી રહી છે : શાહ

ગાંધીનગર, તા. ૬

કેન્દ્રીય સહકારિતા મંત્રાલયના ચોથા સ્થાપના દિવસ નિમિતે આણંદ ખાતે કેન્દ્રિય સહકાર મંત્રી અમિત શાહના અધ્યક્ષ સ્થાને અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં એક સહકાર સંમેલન યોજાયું હતું. આ સંમેલનને સંબોધતા કેન્દ્રિય સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, કેન્દ્રીય સહકારિતા મંત્રાલયને ચાર વર્ષ, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એનડીડીબી)ના ૬૦ વર્ષ અને સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતિ વર્ષના સુભગ સમન્વય આણંદમાં સહકાર સંમેલન સાથે અનેક કાર્યો થઇ રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્રીય સહકારિતા મંત્રાલય ચાર વર્ષમાં પાંચ પી () આધારે કામ કરી રહ્યું છે. પીપલ (જનસેવા કેન્દ્રિત), પેક્સ (છઝઝી-પ્રાથમિક સહકારી મંડળીઓનું સશક્તિકરણ), પ્લેટફોર્મ (ડિજિટલ પ્લેટફોર્મ), પોલિસી (નવી નીતિઓ) અને પ્રોસ્પેરિટી(સમાજની સંપન્નતા)ના આધારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સહકાર પ્રવૃત્તિનો વ્યાપ વિસ્તરી રહ્યો છે.આ અવસરે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમૂલ ડેરીના ચોકલેટ, દૂધ, દહી અને મોઝરેલા ચીજના એક્સટેન્શન પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે એનડીડીબીના મુખ્યાલય ખાતે મણીબેન પટેલનું ભવનનું લોકાર્પણ પણ કર્યું હતું. દેશની દૂધ સહકારી મંડળીઓના રાષ્ટ્રીય સંગઠનનો પાયો પણ આ બન્ને મહાનુભાવોના હસ્તે નંખાયો છે. ત્યારે તેમણે સરદાર પટેલ સહકારી દૂધ ડેરી ફેડરશનનું નોંધણી પત્ર અર્પણ કરી લોગોનું અનાવરણ કર્યું હતું. આ ઉપરાંત કચ્છના રણમાં કામ કરતા અગિયારોને સહકારી પ્રવૃત્તિમાં જોડવાના ઉદાત હેતુંથી શરૂ કરાવેલી કચ્છ મીઠા ઉત્પાદક સહકારી મંડળીનું નોંધણી પત્ર પણ એનાયત કરાયું હતું.આ અવસરે અમિત શાહે અમૂલ ડેરીનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે, ૩૬ લાખ ગુજરાતી અને ૨૦ લાખ દેશભરના મળી કુલ ૫૬ લાખ બહેનો પશુપાલન થકી દૂધ ઉત્પાદન દ્વારા રૂ. ૮૦ હજાર કરોડનું ટર્નઓવર કરે છે. જે આગામી વર્ષે એક લાખ કરોડ થશે, જેનો નફો ૫૬ લાખ સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલી આ બહેનોના ખાતામાં જશે.અમિત શાહે અમૂલ, એનડીડીબી અને કચ્છમાં મીઠા સહકારી મંડળીનો પ્રારંભ કરવા બદલ તમામને શુભેચ્છા પાઠવી હતી અને જણાવ્યું હતું કે, આ પહેલ નમક ઉત્પાદક ખેડૂતો માટે મોટી સફળતા બનશે. આ અવસરે તેમણે ભારતના સહકારી ક્ષેત્રને મજબૂત કરી વિશ્વ માટે ઉદાહરણ બનાવવાનો સંકલ્પ પણ વ્યક્ત કર્યો હતો.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહના નેતૃત્વમાં દેશભરની ગ્રામ પંચાયતોને સહકાર સાથે જોડવામાં આવી છે. બે લાખથી વધુ પેક્સ દ્વારા ગ્રામીણ અર્થતંત્રને નવી ઊર્જા મળી છે, જે હવે પેટ્રોલ પંપ, જન ઔષધિ કેન્દ્રો, પાણીના પ્રોજેક્ટ્સ અને ડિજિટલ પેમેન્ટ જેવી સેવાઓ પૂરી પાડે છે. સહકારી બેંકિંગ ક્ષેત્રે ડિજિટલાઈઝેશન અપનાવીને ગામડાંઓમાં આધુનિક બેંકિંગ સેવાઓ પહોંચાડી છે. રાજ્ય સરકારે ઈ-કોઓપરેટિવ પોર્ટલ દ્વારા મંડળીઓનું રજિસ્ટ્રેશન, ઓડિટ અને રિપોર્ટિંગ ઓનલાઈન કર્યું છે, જેનાથી પારદર્શકતા અને કાર્યક્ષમતામાં વધારો થયો છે.ચોથા સહકારીતા વર્ષની ઉજવણીના અવસરે ભારત સરકારના સહકાર રાજ્ય મંત્રી કૃષ્ણપાલ તથા મુરલીધર મોહોલ, ભારત સરકારના મત્સ્ય અને પશુપાલન રાજ્ય મંત્રી જ્યોર્જ કુરિયન, ભારત સરકારના મત્સ્ય અને ડેરી વિભાગના રાજ્ય મંત્રી એસ.પી. બઘેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, ઉપાધ્યક્ષ જેઠા આહિર, કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, સહકાર રાજ્યમંત્રી જગદીશ પંચાલ, સાંસદ મિતેશ પટેલ, અમૂલના ચેરમેન વિપુલ પટેલ, ગુકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણી, કેન્દ્ર સહકાર વિભાગના સહકારિતા સચિવ ડૉ. આશિષ ભૂટાણી, અમૂલના એમ. ડી. ડૉ. અમિત વ્યાસ સહિતના અગ્રણીઓ, મંડળીઓના પ્રમુખો અને સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.



**કચ્છ જિલ્લા મીઠા સહકારી મંડળી અમૂલ જેવી મજબૂત ચળવળ બનશે : અમિત શાહ**

કેન્દ્રિય સહકાર મંત્રી અમિત શાહ દ્વારા આજે કચ્છ જિલ્લા મીઠા સહકારી મંડળીનો આણંદ ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો. આ અવસરે કેન્દ્રિય સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લા મીઠા સહકારી મંડળીના સ્વરૂપમાં એક મોડેલ સમિતિ શરૂ કરાઇ છે. જે આગામી દિવસોમાં મીઠું ઉત્પન્ન કરતાં દરેક મજૂર માટે અમૂલ જેવી મજબૂત સહકારી ચળવળ બનશે.

### પતિ સાથે ઝઘડો થતાં દિપા ડિંડોલી પીજીમાં રહેવા ગઇ હતી

# પેઈંગગેસ્ટની ૨૫ લાખનાં દર-દાગીના ભરેલી બેગ ચોરી પાટીલ દંપતી ફરાર

સુરત, તા.૬

પેઈંગગેસ્ટ તરીકે રહેતી મહિલાની રોકડ અને સોના ચાંદીના ઘરેણાં મળી પચ્ચીસ લાખની વધુની મતા ભરેલી બેગ ચોરી પીજી ચલાવતું ડિંડોલીનું પાટીલ દંપતી ફરાર થઇ ગયું હતું.

ડિંડોલી પોલીસ પાસે મળતી માહિતી અનુસાર સાઈ રેસિડેન્સીમાં દિપા દિપકભાઈ નન્વરે તેની બહેન પણી સાથે રહે છે. ઉત્તરપ્રદેશનાં જોનપુરની વતની દિપા અગાઉ પતિ સાથે મહાદેવ નગરમાં રહેતી હતી. દરમિયાન પતિ દીપક સાથે બોલાચાલી થતાં દીપાએ અલગ રહેવા માટે ઓ.એલ.એક્ષ. પર પેઈંગગેસ્ટ સર્ચ કર્યું હતું. જેમાં એક નંબર મળતા તેણીએ કોલ કર્યો તો સામે સૃષ્ટિ પાટીલે વાત કરી હતી.

સૃષ્ટિએ દીપાને નવરત્ન બંગલોનું સરનામું આપી રૂમ જોવા બોલાવી હતી. દિપા તેની માનેલી બહેન ગુડિયા કિષ્ના ઉપાધ્યાય સાથે ત્યાં ગઈ હતી. સૃષ્ટિ પાટીલે જમવા સાથે ૫,૦૦૦ રૂપિયા ભાડુ જણાવતાં દિપા ૨૭ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ ત્યાં રહેવા જતી રહી હતી. એ સમયે તે ડિંડોલી રાજમહેલ મોલ ખાતે આવેલ ઝેપ્ટોમાં નોકરી કરતી હતી.

સૃષ્ટિ પાટીલ હંમેશા ઘરે રહેતી હોય દિપા તેના રૂમમાં લોક લગાવતી ન હતી. દરમિયાન ૧૧ એપ્રિલ ૨૦૨૫ના રોજ ગુડીયા ઉપાધ્યાય તેના પરિવાર સાથે ડાકોર દર્શન કરવા જવાની હોવાથી તેણીએ રોકડા ૪,૫૦,૦૦૦ તથા ૨૫ તોલા સોનાના જુદા જુદા પ્રકારના દાગીના ઉપરાંત ૨.૫૦ કિલોગ્રામ ચાંદીની વસ્તુઓ સાચવવા આપી હતી. દિપાએ દરદાગીના તેના રોકડા ૧.૭૫ લાખ રૂપિયા સાથે બેગમાં મૂકી દીધા હતાં.

દરમિયાન ૧૩મી એપ્રિલે સાંજે ચારેક વાગ્યે સૃષ્ટિ પાટિલનો ભાઈ આદિત્ય સુભાષ રાય દીપાની નોકરીના સ્થળે ગયો હતો. તેણે જણાવ્યું હતું કે, તમે ઘરે ચાલો. ઘર ખાલી પડેલું છે. તમે તમારો સામાન લઈ લો. આ સાંભળતાં જ દિપા તુરંત નવરત્ન બંગલો પહોંચી હતી. ઘરમાંથી તેણીનો કોઈ સર સામાન ગાયબ થઈ ગયો હતો.

દીપાએ ઘરની નીચે આવેલી કિરણ મેડિકલમાં પૂછતા જાણવા મળ્યું હતું કે, સવારે સાડા નવેક વાગ્યા દરમ્યાન સૃષ્ટિ પાટીલ તથા તેનો પતિ પંકજ સુભાષ પાટીલ અચાનક સર-સામાન લઈને ચાલી ગયા છે. ત્યારબાદ દીપાના અનેક પ્રયત્ન છતાં સૃષ્ટિ તેના પતિ પંકજ અને ભાઈ આદિત્ય રાયનો સંપર્ક કરી શકાયો ન હતો. આ રીતે દીપાનાં રોકડા ૧.૭૫ લાખ, તેણીનાં માનેલી બહેન ગુડિયાનાં રોકડા ૪.૫૦ લાખ તેમજ ૨૫ તોલા સોનાનાં દાગીના અને ૨.૫૦ કિલો ચાંદી મળી કુલ પચ્ચીસ લાખથી વધુ કિંમતની મતા લઈ ફરાર થઇ ગયેલા પાટીલ દંપતી અને સુભાષ રાય સામે ફરિયાદ નોંધાવી હતી.

**પુલિસ છાપા મારનેવાલીથી ઇસલિયે હમે ભાગના પડા**

દીપાએ સંપર્ક માટે અનેક પ્રયત્નો કર્યા બાદ પંકજ પાટીલે તેણેની મેસેજ કર્યો હતો. જેમાં લખ્યું હતું કે, ×હાય દીપાજી, હમે અરજન્ટ મેં ઘર ખાલી કરના પડા. કારણ આજ પુલીસ ઘર પર છાપા મારને આને વાલી થી. મેરે ખિલાફ ૧૨ કેસીસ હુવે હે, ઈસલીયે ભાગને કે અલાવા કોઈ ઓપ્શન નહી થા. આપકો આપકા બેગ દેને કે લિયે કોલ કીયે, લેકિન લગ નહી રહા થા. આપ કે બેગ કા ટેન્શન મત લેના. મેં એક મહિને કે અંદર મેરા મેટર શાંત હોતે હી બેગ દે જાઉંગા. ડોન્ટ વરી. તબ તક ફોન બંધ રહેગા. ટેન્શન મત લેના.

**નવરત્ન બંગલોમાં પીજી ચલાવતા સૃષ્ટિ અને પંકજ પાટીલે મોટો ખેલ કર્યો**

### સ્વૈચ્છિક સંસ્થા દ્વારા વકિલ મારફતે મનપાનાં મનસ્વી નિયમો અંગે મ્યુ.કમિશનરને નોટિસ

# પેટ ડોગ રજિસ્ટ્રેશન બાબતે અમદાવાદ અને સુરત મહાનગર પાલિકાનાં જુદા જુદા નિયમોથી અસમંજસતા

સુરત, તા.૬

અમદાવાદમાં શ્વાનનાં હુમલાથી યુવાનનાં મૃત્યુ બાદ પેટડોગ રજિસ્ટ્રેશન માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેરાત આપવામાં આવી હતી. આ જાહેરાતમાં શ્વાન માલિકોએ આધારકાર્ડ અથવા ચૂંટણીકાર્ડ, વેરાબિલ, લાઈટબિલ, ફોટો, શ્વાનનો ફોટો, જ્યાં શ્વાનને રાખતાં હોય તે સ્થળનો ફોટો, વેટરનરી ડોક્ટર દ્વારા આપવામાં આવેલ વેક્સીનનું કાર્ડ પુરાવારૂપે રજૂ કરવાનાં રહેશે તેમ જણાવવામાં આવ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પેટડોગનું રજિસ્ટ્રેશન ઓનલાઈન કરી રહી છે. બીજીતરફ સુરત મહાનગર પાલિકાનાં અધિકારીઓએ મનસ્વીપણે સોસાયટી અથવા એપાર્ટમેન્ટનાં પ્રમુખ, સેક્રેટરી તેમજ આસપાસનાં ૧૦ વ્યકિતનાં એન.ઓ.સી. રજૂ કરવા ફરજ પાડી છે. આ ઉપરાંત એક જ ડોગ રાખવાની શરત મૂકવામાં આવી છે. ગુજરાતની જ બે મહાનગર પાલિકા દ્વારા બે અલગ અલગ નિયમો રાખવામાં આવતાં શ્વાનમાલિકોમાં અસમંજસતા સર્જાઇ છે.

અમદાવાદમાં શ્વાન દ્વારા કરવામાં આવેલાં હુમલામાં એક યુવાનનું મોત નીપજવાનાં કિસ્સા પછી સુરત મહાનગર પાલિકાનાં અધિકારીઓએ ગેરકાનુની શરતો સાથે પેટડોગનું રજિસ્ટ્રેશન કરાવવા માટે સખતાઇ વાપરતાં જીવદયા પ્રેમીઓ તેમજ શ્વાન પાળનારા લોકોમાં ભારે નારાજગી વ્યાપી ગઇ છે. ગોલ ફાઉન્ડેશન દ્વારા પોતાનાં એડવોકેટ મારફતે મ્યુનિસિપલ કોર્પોરેશન, કલેક્ટર અને એનિમલ વેલફેર બોર્ડનાં સેકેટરીને લીગલ નોટિસ મોકલીને ૧૫ દિવસમાં ગેરકાનુની શરતો અને ગેરબંધારણીય નિયમો દુર કરવાની માંગણી કરી છે.

ગોલ ફાઉન્ડેશનનાં વિશાલ મોદી તરફે એડવોકેટ ભાવિક શાહે મ્યુનિસિપલ કમિશનરને પાઠવેલી લીગલ નોટિસમાં જણાવ્યું છે કે, સુરત મહાનગર પાલિકાએ પેટડોગ રજિસ્ટ્રેશન ફોર્મ ઇશ્યુ કર્યું છે તેમાં સોસાયટી-એપાર્ટમેન્ટનાં સેક્રેટરી કે પ્રમુખ અને આસપાસનાં ૧૦ વ્યકિતઓની એન.ઓ.સી. લાવવાની જોગવાઇ છે તે ગેરકાનુની છે, પીસીએ એક્ટ-૧૯૬૦ અને એબીસી રૂલ્સની વિરૂદ્ધ છે માત્ર એટલું જ નહી એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઇન્ડિયાની ગાઇડલાઇનની પણ વિરૂદ્ધ છે. રજિસ્ટ્રેશન ફોર્મમાં માત્ર એક જ ડોગ રાખવાની શરત મૂકવામાં આવી છે તે પણ બંધારણની વિરૂદ્ધ છે, કાયદામાં ક્યાંય એવી જોગવાઇ નથી કે કોઇ વ્યકિત એક જ ડોગ પાળી શકે. હાલમાં જેમની પાસે એક કરતાં વધારે ડોગ હોય તો વધારાનાં ડોગને છોડી મૂકવાની જો ફરજ પડે તો તે ડોગની જિંદગી જોખમમાં આવી શકે અને તે કુઅલ્ટી ગણાય. વધારાનાં ડોગનું શું કરવું તેની કોઇ સ્પષ્ટતા રજિસ્ટ્રેશન ફોર્મમાં કરવામાં નથી આવી. સ્ટેમ્પ પેપર ઉપર એફિડેવિટ માંગવામાં આવી છે તેનાથી વધારાનું આર્થિક ભારણ આવે છે.

રજિસ્ટ્રેશન ફોર્મ ઇશ્યું કરતાં પહેલાં એનિમલ વેલફેર ઓર્ગેનાઇઝેશન, કાયદાકીય નિષ્ણાંતો, હાઉસિંગ વેલફેર એસોસીએશનો સાથે કન્સલ્ટિંગ કર્યા વિના નિયમોનો અમલ શરૂ કરી દીધો છે જેથી ૧૫ દિવસમાં ગેરકાનુની અને ગેરબંધારણીય નિયમો દુર કરીને જાણ કરવા માટે નોટિસ અને ઇમેઇલ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને વાકેફ કર્યા હોવાનું એડવોકેટ ભાવિક શાહે જણાવ્યું હતું.

**સુરત મનપાનાં અધિકારીઓએ લાદેલી ગેરબંધારણીય અને ગેરકાનુની શરતો અને નિયમો ૧૫ દિવસમાં દુર કરવા માગણી**

**અમદાવાદ મનપાની જાહેરાતમાં પ્રમુખ તથા રહીશોની એનઓસી કે એક ડોગનાં નિયમનો ઉલ્લેખ નથી**



# આરંભ



મિત્ર એટલે એવી વ્યક્તિ કે જે તમારા વિશે બધું જાણવા છતાં પણ તમને પ્રેમ કરે છે
- એલ્બર્ટ હબાર્ડ

## યુરોપમાં ૭૦ વર્ષ બાદ વરૂ પાછા ફરવાથી રહીશોમાં ચિંતાનો માહોલ શું કામ સર્જાયો?

૧૯૫૦ના દાયકામાં આડેધડ શિકાર અને યુદ્ધને કારણે પોલેન્ડમાંથી વરૂઓ લગભગ નાશ પામ્યા હતા. ઘણા પ્રયત્નો પછી, હવે ત્યાં લગભગ ૩,૯૦૦ વરૂઓ છે. પોલેન્ડના કોન્સકી શહેરમાં રહેતા લોકોને જંગલમાં છુપાયેલા કેમેરામાંથી લેવામાં આવેલા વરૂના ફોટા બતાવવામાં આવી રહ્યા છે. આમ કરીને, વૈજ્ઞાનિક રોમન ગુલા તેમને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે વરૂ મનુષ્યો માટે ખતરનાક નથી. તે કોમ્યુનિટી હોલમાં ભેગા થયેલા લોકોને કહી રહ્યા છે, "પોલેન્ડના જંગલોમાં વરૂઓએ ફરીથી પોતાનું ઘર બનાવી લીધું છે." પરંતુ ગુલા અને સમગ્ર યુરોપના વૈજ્ઞાનિકો ચિંતિત છે કે વર્ષોની મહેનત વ્યર્થ જઈ શકે છે.

યુરોપિયન કમિશનનો દલીલ છે કે વરૂઓની વધતી સંખ્યા માનવો અને પાલતુ પ્રાણીઓ માટે ખતરો છે. યુરોપિયન કમિશનના પ્રમુખ, ઉર્સુલા વોન ડેર લેયેને, પોતે ડાઉનગ્રેડિંગ માટે ઝુંબેશ ચલાવી હતી કારણ કે તેમના પાલતુ ટટ્ટૂને વરૂએ મારી નાખ્યું હતું. ગુલા કહે છે કે આ નિર્ણય વિજ્ઞાનના આધારે લેવામાં આવ્યો નથી. બલ્કે, તે સમગ્ર યુરોપમાં વરૂઓ વિરૂદ્ધ ચાલી રહેલા અભિયાનનું પરિણામ છે . તેમણે સમાચાર એજન્સી છર્ફ ને કહ્યું, "પ્રાચીન કાળથી વરૂઓને રાક્ષસો તરીકે દર્શાવવામાં આવ્યા છે." તેમનું માનવું છે કે આ એક રાજકીય નિર્ણય છે, જે પ્રકૃતિને નિયંત્રિત કરવાની જમણેરી વિચારસરણીથી પ્રભાવિત છે. તેમણે કહ્યું કે વરૂઓ માણસોથી ડરે છે અને કોઈપણ કિંમતે તેમને ટાળવાનો પ્રયાસ કરે છે. આ નિર્ણય સિવાય, પ્રાણીઓની સુરક્ષા માટે અન્ય ઘણા પગલાં લઈ શકાયા હોત.

યુરોપિયન યુનિયનના નિર્ણયથી ગુલા માત્ર નારાજ નથી, પરંતુ અગ્રણી સંરક્ષણ સંગઠનોએ પણ ગયા અઠવાડિયે એક નિવેદનમાં પોતાની નિરાશા વ્યક્ત કરતા કહ્યું: "યુરોપે વરૂ અને વિજ્ઞાન બંનેથી મોં ફેરવી લીધું છે." તેમણે કાયદા ઘડનારાઓ પર આ નિર્ણય સાથે "નાજુક પ્રજાતિઓ અને ઈકોસિસ્ટમ સામે ઝુંબેશ" ચલાવવાનો આરોપ મૂક્યો. નિષ્ણાતો કહે છે કે વરૂઓને ઓળખવા ખૂબ જ મુશ્કેલ છે. જોકે, હવે લોકો સ્માર્ટફોન પર તેમના વીડિયો શેર કરતા હોવાથી તેઓ વધુ દૃશ્યમાન બન્યા છે. આ ઉપરાંત, આબોહવા પરિવર્તનને કારણે, તેમને ખોરાકની શોધમાં ઘણી વખત સૂકા જંગલોમાંથી બહાર નીકળીને ખેતરોમાં આવવું પડે છે. જોકે, પોલેન્ડે સંરક્ષણવાદીઓને ખાતરી આપવાનો પ્રયાસ કર્યો છે કે તે તેના વર્તમાન નિયમોમાં ફેરફાર કરશે નહીં, જેનો અર્થ એ છે કે ખૂબ જ દુર્લભ કિસ્સાઓમાં વરૂના શિકારને મંજૂરી આપવામાં આવશે. પરંતુ ગુલા કહે છે કે વરૂના રક્ષણ સંબંધિત કાયદાઓનો યોગ્ય રીતે અમલ થઈ રહ્યો નથી.

પોલેન્ડના જુદા જુદા ભાગોમાં કામ કરતા ત્રણ વરૂ નિરીક્ષકોએ એએફપીને જણાવ્યું હતું કે તેમણે જે વરૂઓ પર જીપીએસ કોલર લગાવ્યા હતા તેમને પણ શિકારીઓ દ્વારા મારી નાખવામાં આવ્યા હતા. પરંતુ આ કેસમાં અત્યાર સુધી કોઈને સજા કરવામાં આવી નથી. સંશોધક જોઆના ટોચિડલોસ્કા સાથે મળીને, ગુલાએ એવા વિસ્તારોમાં વરૂઓ વિશે જાગૃતિ લાવવાનું પોતાનું મિશન બનાવ્યું છે જ્યાં વરૂઓ પાછા ફર્યા છે. જો કે, આ કાર્ય સરળ નથી, કારણ કે નાના શહેરોમાં શિકારીઓ વધુ પ્રભાવશાળી હોય છે. કોસ્કીયે જેવી જગ્યાએ, જ્યાં લગભગ ૩૩,૦૦૦ લોકો રહે છે, ત્યાં લાગણીઓ ખૂબ જ ઝડપથી ભડકી શકે છે. આ મુદ્દા પર લોકોના મંતવ્યો પણ વિભાજિત લાગે છે. આ ચર્ચા દરમિયાન, કેટલાક લોકોએ ગુલા પર વિદેશી સંગઠનના ઈશારે કામ કરવાનો આરોપ લગાવ્યો છે અને કહ્યું છે કે વરૂઓનો શિકાર કરવો જોઈએ.

જંગલો સુકાઈ રહ્યા છે અને ખેતી મોટા પાયે ફેલાઈ રહી છે, તેથી હરણ અને જંગલી ડુક્કર જેવા પ્રાણીઓ ખોરાકની શોધમાં ખેતરોમાં આવવા લાગ્યા છે. પિયરુઝેક-નોવાકે કહ્યું કે વરૂઓ વિરૂદ્ધ ઝુંબેશ ચલાવનારા રાજકારણીઓએ યુરોપમાં આ પ્રાણીની છબીને ખૂબ જ નુકસાન પહોંચાડ્યું છે. જેના કારણે તે હવે પોતાનો મોટાભાગનો સમય સોશિયલ મીડિયા અને સ્થાનિક પોલિશ મીડિયામાં વિતાવે છે જેથી વરૂઓ વિશે ફેલાયેલી અફવાઓને ખોટી સાબિત કરી શકાય. તેણીએ આશા વ્યક્ત કરી કે પોલેન્ડ તેના વરૂઓનું રક્ષણ કરવાનું ચાલુ રાખશે જેથી વરૂઓને બચાવવામાં યુરોપની આ દુર્લભ સફળતાની વાર્તા ચાલુ રહી શકે.

- તંત્રી

### મેનેજર તરીકે સ્થાપિત હોય તેના માટે દિવસના અંતે અંતિમ નિર્ણયો લેવા અને નિર્ણાયક રીતે કામ કરવું ફરજિયાત છે

## મેનેજમેન્ટનાં મહત્ત્વનાં સાત નિયમો કયા?



### નિયમ ૧
**કર્મચારીઓ સાથે હંમેશાં આદર સાથેનું વર્તન**

શ્રેષ્ઠ સંચાલનની શરૂઆત તમને આશ્ચર્ય થશે અથવા કોઈ પણ સંજોગોમાં કદાચ તમે નહીં કરી શકોથી થાય છે. જો કોઈ વ્યક્તિ તમને રિપોર્ટ કરે છે તો બની શકે કે તમે તેમને નોકરી પર રાખ્યા છે અથવા તમે હાલ જે જગ્યાએ છો તે તમને વારસામાં મળી છે. બન્ને સંજોગોમાં વ્યકિતની કાર્ય ઉત્પાદકતા અને કંપનીના વિકાસમાં તેમના યોગદાન માટે તમે જ જવાબદાર છો. આ લેખ પરંતુ ભૂલી જઈએ કે મેનેજમેન્ટમાં રહેલા વ્યક્તિને દરેક વ્યક્તિ સાથે આદર પૂર્વક વર્તન કરવું જોઈએ. દરેક વ્યક્તિ સાથે આદર પૂર્વકનું વર્તન મારી દ્રષ્ટિએ શક્ય નથી. પરંતુ જો આપણે વ્યક્તિ સાથે આદર પૂર્વક કેમ વર્તવું તે સમજી શકીએ તો મેનેજમેન્ટના પહેલા નિયમનું પાલન કરવું આપણી માટે સહેલું બની જાય છે. કારણકે તે સારા મેનેજમેન્ટ માટે ખુબજ જરૂર છે.

### નિયમ ૨
**અસહમત થવાની ભાવનાને પ્રોત્સાહિત કરવી**

● મેનેજમેન્ટમાં ફરજ બજાવતી વ્યક્તિ માટે દરેક નિર્ણય મહત્વનો હોય છે. જે લેવામાં તેમના સહકર્મી પણ તેમની મદદ કરતા હોય છે. કેટલીક વખત વ્યક્તિ મેનેજમેન્ટના નિર્ણયથી અસહમત હોય શકે. તેવા સમયે મેનેજમેન્ટમાં રહેલી વ્યક્તિને તે નિર્ણયની કદર કરવી જોઈએ. મેનેજમેન્ટ દ્વારા હંમેશા એવા લોકોની પસંદગી કરવી જોઈએ જેઓ પોતાના માટે વિચારે તેમજ મેનેજમેન્ટના ધ્યાનમાં ન હોય કે વિચારવામાં પણ ન આવે તેવા ક્રિએટિવ વિચારો સાથે આવે. મારુ એવું માનવું છે કે આ પ્રકારના લોકો મુશ્કેલી સર્જવામાં પણ આગળ હોય છે પરંતુ મેનેજમેન્ટ કંપનીના વિકાસ માટે લેવા જેવું જોખમ છે. કંપનીના વિકાસ માટે મેનેજમેન્ટ જ નહીં કંપનીના દરેક વ્યક્તિમાં સર્જનાત્મકતા હોવી ખુબ જ જરૂરી છે. જેની માટે દરેક વ્યક્તિને આઉટ ઓફ ધી બોક્સ વિચારવાની જરૂર હોય છે. દરેક મેનેજમેન્ટને એવા કર્મચારીઓની જરૂર હોય છે. જે મેનેજમેન્ટ સાથે અસંમત થાય અને નવા વિચારો અજમાવવામાં આગળ પડતા હોય. હકીકતમાં આવા વિચારો પાકીને કેટલાક નિષ્ફળ જશે પરંતુ કેટલાક સફળ થશે તે નક્કી છે. જે માટે કંપનીમાં તે પ્રકારનું વાતાવરણ કેળવવાની જરૂર હોય છે.

- જો કંપનીના કર્મચારીઓને તેમના પોતાના વિચારોનું યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે તો તેઓ વધુ સશક્ત અનુભવે છે. જો તેમની કંપની આખરે તેમના કેટલાક વિચારોનો અમલ કરે તો તેઓ કંપનીમાં તેમનું મહત્વ વધારે છે તેમ સમજે છે. એટલું જ નહીં તેમને લાગે છે કે કંપની માટે તેમનું યોગદાન અનન્ય છે. એટલે જ જ્યારે તેમના વિચારો અમલમાં મૂકવામાં આવે છે, ત્યારે તેઓ કંપનીની સફળતા માટે વધુ મહેનત કરે છે.

- મેનેજમેન્ટ તરીકે કંપનીમાં માટે શ્રેષ્ઠ વિચારોની જરૂર હોય છે. પરંતુ તે ક્યાંથી આવે છે તેની ચિંતા કરવાની જરૂર હોતી નથી. વાસ્તવમાં, મેનેજમનેટ માટે સૌથી ખુશી વાત એ છે કે ટીમના સભ્યો પૈકીનો એક માત્ર મેનેજમેન્ટ કરતાં વધુ સારો વિચાર સાથે આવે તે જરૂરી નથી પરંતુ મેનેજમેન્ટને ખોટું સાબિત કરે. તેનો અર્થ એ થાય છે કે મેનેજમેન્ટમાં રહેલી વ્યક્તિ તેનાથી કંઈક શીખે છે અને બીજું કે મેનેજમેન્ટમાં રહેલી વ્યક્તિ તેમનાથી વધુ સ્માર્ટ વ્યક્તિઓની ઘેરાયેલી છે.

### નિયમ ૩
**અંતિમ નિર્ણય લેવો અને આગળ વધવું**

● મેનેજર તરીકે, દિવસના અંતે અંતિમ નિર્ણયો લેવાનું અને નિર્ણાયક રીતે કામ કરવાનું વ્યક્તિ માટે ફરજિયાત છે. તેથી જ્યારે વ્યક્તિ માટે નિર્ણય લેવાનો સમય આવે છે ત્યારે ટીમમાં અસંમતિને પ્રોત્સાહિત કર્યા બાદ સામે આવેલા તમામ વિકલ્પોનું મૂલ્યાંકન કરવું તેમજ દરેકની દલીલો સાંભળવી અને તેને



**સિદ્ધાર્થ મણિયાર**
**પોઇન્ટ ઓફ વ્યૂહ**

ગ્રહણ કરવી તે અંતે મેનેજમેન્ટમાં રહેલી વ્યક્તિ પર નિર્ભર કરે છે. અંતિમ નિર્ણય લેતા પહેલા મેનેજમેન્ટમાં રહેલી વ્યક્તિએ તેના નિર્ણય અંગે તેની ટીમના દરેક સભ્યોને નિર્ણય અંગે સ્પષ્ટ કરી અને પછી આગળ વધવું જોઈએ.

### નિયમ ૪
**કર્મચારીઓના પ્રશ્નોના જવાબ આપવા**

● મેનેજમેન્ટની જૂની પદ્ધતિ અનુસાર કર્મચારી જ્યારે કોઈ પણ કામ કરતા સમયે પ્રશ્ન કરે કે શા માટે? ત્યારે મેનેજમેન્ટમાંથી જવાબ મળે છે કે, કારણ કે મેનેજમેન્ટ કીધું છે. આ પ્રકારનો જવાબ મળ્યા બાદ કર્મચારી બેદરકારી પૂર્વક કામ કરે છે. જોકે આ પદ્ધતિ શાળાના બાળકો માટે કામ કરી શકે છે. પરંતુ કંપનીના મેનેજમેન્ટ દ્વારા આ પ્રકારના જવાબ કંપનીના કર્મચારીઓ માટે યોગ્ય ન કહેવાય. આ પ્રકારના જવાબોથી કંપનીના વિકાસ જ નહીં કંપનીની ઉત્પાદકતા અને ઉત્પાદનની ગુણવત્તાને પણ અસર કરે છે.

કંપનીના વિકાસ માટે મેનેજમેન્ટ દ્વારા ટીમના સભ્યોને જાણવાની જરૂર હોય છે કે, તેઓ કંપની માટે એક એસેટ છે, તેમનું કંપનીના વિકાસમાં શું મહત્વ છે અને કંપનીના વિકાસમાં તેમનો ફાળો કેટલો છે. તેમજ તેઓને જાણવાની જરૂર છે કે તેઓ જે પણ કાર્ય કરી રહ્યા છે તે કંપનીના લક્ષ્યો સાથે જોડાયેલા છે. જો મેનેજમેન્ટ મને છે કે, પ્રોત્સાહિત અને ખુશ કર્મચારી કંપનીના વિકાસમાં મોટો ફાળો આપી શકે છે ત્યારે મેનેજમેન્ટે કર્મચારી કામ કરવા નહીં પરંતુ તે કામ કેમ કરવાનું છે તે સમજવવા માટે સમય આપવો જરુરુ બને છે.

### નિયમ ૫
**કોઈપણ કમ્યુનિકેશનને બને તેટલું નાનું રાખો**

● મેનેજમેન્ટ દ્વારા ટીમના સભ્યો પૈકી એકને કંઈક કામ સોંપવામાં આવે ત્યારે તે સૌથી જરૂરી છે કે, તેમની સાથેનું કમ્યુનિકેશન ક્લિયર હોય કે તેમને શું કરવાનું છે અને કેમ કરવાનું છે. તે સમજવવામાં મેનેજમેન્ટના વ્યકિતને વધારે સમય લાગે તે બતાવે છે કે વ્યક્તિએ પોતે શું કામ સોંપવાનું છે તે જાતે જ સમજવાનો પ્રયાસ કર્યો નથી. મેનેજર તરીકે, વ્યક્તિને જવાબદારી છે કે ટીમના સભ્યને જે કામ સોંપવાનું છે તે કામ પોતે પહેલા સમજી લે અને બને એટલું ટૂંકમાં સંપૂર્ણ માહિતી સાથે ટીમના સભ્યને સમજાવે. જો મેનેજર પોતે કામને સંપૂર્ણ સમજ્યા હોય તો તે ટીમના સભ્યને કામની ટૂંક વિગત, તેની જરૂરિયાત અને તેને ચોક્કસપણે કરવાની રીત પણ સમજાવી શકે છે. મેનેજર ટીમના સભ્યને યોગ્ય રીતે કામ સમજાવી શકે તો ટીમના સભ્યને પણ ખબર જ હોય છે કે મેનેજર તેમની પાસેથી શું અપેક્ષા રાખે છે. જો એકવાર મેનેજર અસરકારક રીતે ટીમના સભ્યને અસાઈનમેન્ટ સોંપી દે, તે પછી પ્રોજેક્ટના એક્ઝિક્યુશન દરમિયાન સંક્ષિપ્તમાં અને કાર્યક્ષમ રીતે અપડેટ કરવાની જવાબદારી સભ્યની બને છે. મેનેજરની જવાબદારી માત્ર સભ્યને પ્રોત્સાહિત કરી તેમને જે જાણવાની જરૂર છે તેના મુખ્ય સાર સુધી પ્રોજેક્ટ અપડેટ્સને ડિસ્ટિલ કરવા માટે સભ્યને જરૂરી સમય ફાળવો.

### નિયમ ૬
**મોટી સમસ્યાનું સર્જન કરનારને દૂર રાખો**

● મેનેજમેન્ટમાં શ્રેષ્ઠતા ધરાવતા વ્યક્તિઓના મેનેજમેન્ટના ગોલ્ડ રૂલ્સમાં આ નિયમનો સમાવેશ થાય છે. કારણ કે જો મેનેજમેન્ટ મુશ્કેલી સર્જનારાઓને બોર્ડમાં રાખે તો મેનેજમેન્ટ ટીમમાંથી શ્રેષ્ઠ વ્યક્તિઓને ગુમાવાની નોબત આવી શકે છે. નિયમ ૨ માં, મેં સમજાવ્યું કે મુશ્કેલીએ નિર્માણની એક ચોક્કસ જરૂરિયાત છે. જે તંદુરસ્ત, સફળ કંપની કે જે વિકાસ કરવા માંગે છે તેના માટે ખુબ જ જરૂરી છે. પરંતુ મુશ્કેલી સર્જવાની એક હદ હોય છે જે જે સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. અહીં એવા લોકો વિષે વાત કરી રહ્યા છીએ કે જેમના વ્યક્તિત્વ અથવા ક્રિયાઓને અનાદરકારી, જોખમી અને બિનઉત્પાદક માનવામાં આવે છે. આ મુશ્કેલી સર્જનારાઓને તાત્કાલિક કંપનીમાંથી દૂર કરવા જોઈએ અથવા જો તમે કરી શકો તેમ ન હોય તો તમારાથી દૂર કરો. આનો અર્થ એ નથી કે આ મુશ્કેલી સર્જનારાઓ ખરાબ વ્યક્તિ છે. તેઓ કદાચ ન પણ હોય. તેઓ કદાચ ખૂબ સારા લોકો છે. પરંતુ વ્યવસાય અથવા ટીમ ચલાવવાના સંદર્ભમાં તેમને ધ્યાને રાખી નિર્ણય લેવો જોઈએ.

### નિયમ ૭
**કર્મચારીઓને આનંદમાં રાખો**

નોલેજ બિઝનેસને મેનેજ કરનાર વ્યક્તિ ટીમના સભ્યોના વિચારો અને વિચારસરણી પર આધારિત હોય તો અને મેનેજમેન્ટ સ્વીકારે છે કે ટીમના સભ્યનો જુસ્સો, સર્જનાત્મકતા અને સ્વ-પ્રેરણા કંપની માટે અન્ય કંઈપણ કરતા સૌથી વધુ મહત્વપૂર્ણ છે. આવા સમયે મેનેજમેન્ટને પણ ખબર જ હોય છે કે, ટીમના શ્રેષ્ઠ સભ્ય પાસે અન્ય કેટલા વિકલ્પ છે. ત્યારે તમારે તે વ્યક્તિને સાચવી રાખવા માટે જરૂરી તમામ પગલાં લેવા તે મેનેજમેન્ટની ફરજમાં આવે છે. તે માટે કંપનીના મેનેજમેન્ટે ટીમના સભ્યો હોય કે પછી કર્મચારીઓ માટે કામ કરવાનું વધુ સારું અને આનંદદાયક બનાવવું જરૂરી બને છે. જે માટે કર્મચારી સાથે લંચ કરવો, તેમની સાથે પાર્ટી કરવી, તેમની સાથે બેસી કોઈક વખત ચ્હાની ચુસકી લેવી પણ જરૂરી હોય છે.

એટલું જ નહીં ટીમનો દરેક સભ્ય હોય કે પછી કંપનીનો દરેક કર્મચારી દરેકને તેમની યોગ્યતા અને કંપનીમાં તેમની મહત્વતા જણાવવાની જરૂર હોય છે. તે ઉપરાંત તેમના કામ કરવાથી કંપનીમાં શું ફેરફાર થાય છે અને કંપનીને શું ફાયદો થાય છે તે જણાવવું પણ તેટલું જ જરૂરી છે.

આ બધું જણાવવાથી ટીમના સભ્યો અથવા કર્મચારીઓમાં કામ કરવાનો નવો જુસ્સો અને પ્રોત્સાહન આપે છે.

siddharth.maniyar@gmail.com

## ઓચિંતાની ધરખમ રકમની ટેક્સ નોટિસ મળે તો..?






ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સમીર મેહતા પોતાની કેબીનમાં આરામથી બેસીને યુટ્યૂબ પર ડોક્ટર જયશંકરની પ્રેસ કોન્ફરન્સ સાંભળતા હતા,એક બાજુ ટ્રમ્પના ૫૦૦% ટેરિફ ના સવાલ પર ડોક્ટર જયશંકરનું નિવેદન પૂરું થયું અને બીજું બાજુ તેમના ખાસ ક્લાઈન્ટ સત્યમભાઈનું ઓફિસમાં આગમન થયું.

સત્યમભાઈની હાલત જોઈને સમીરભાઈએ તેમને સીધા પોતાની કેબીનમાં બોલાવ્યા, ચા પાણી ની સલાહ કરી પણ સત્યમભાઈ ખુબ ગભરાયેલા લાગતા હતા, સમીરભાઈએ ઔપચારિકતા છોડીને સત્યમભાઈને આવવાનું કારણ પૂછ્યું.

અરે એવું તે કઈ ચાલે!, અમારે ધંધો કરવો કે નહિ?, પાઈની પૈદાશ નહિ ઘડીની ફુરસત નઈ અને ઉપરથી કરોડોની નોટિસ, કરોડોની નોટિસ સાંભળી સમીરભાઈ ટટ્ટાર થઇ ગયા, હવે એમને પણ જાણવાની ઉતાવળ હતી, પણ શું થયું કહેશો કશુ - સમીરભાઈનો અવાજ થોડો ઊંચો થઇ ગયો, સત્યમભાઈના હાથમાં એક બેંક સ્ટેટમેન્ટ અને એક સરકારી નોટિસ હતી. 'સમીરભાઈ,' તેમણે ઉતાવળથી કહ્યું, 'જુઓ આ શું થયું છે! મારી બેંકમાં GST વિભાગ તરફથી સીધી નોટિસ આવી છે કે મારે કોઈ 'શિવમ ટ્રેડર્સ' નામના વેપારીના ઠ્ઠના ૧૩ કરોડ રૂપિયા ચૂકવવાના બાકી છે. નોટિસમાં લખ્યું છે કે, જો હું નહિ ચૂકવું તો બેંકમાંથી સીધા કપાઈ જશે! મને તો ખબર જ નથી કે આ 'શિવમ ટ્રેડર્સ' કોણ છે કે મેં ક્યારેય તેમના પૈસા રાખ્યા છે! શું આ શક્ય છે?' આપણું ટર્નઓવર ૧૩ કરોડનું નથીને ચૂકવવાના ૧૩ કરોડ, આના કરતાતો ધંધો બંધ કરી બધું વેચી ગામડે જતા રહીયે, શાંતિથી ખેતી કરશુ ને રોટલા ખાશું.

સમીરભાઈએ શાંતિથી કાગળો લીધા અને ધ્યાનપૂર્વક વાંચ્યા. તેમના ચહેરા પર સ્મિત ફરક્યું. તેમણે જાતેજ ચા અને ગાંઠિયાનો ઓર્ડર આપ્યો અને કહ્યું 'સત્યમભાઇ', રોટલાનો તો સમય નથી થયો એટલે ચાને ગાંઠિયા ખાઈ લો અત્યારે તો , બીજું તમે ખોટા નહીં હોવ તો ચિંતા કરવાની બિલકુલ જરૂર નથી. તમારા જેવોજ એક કિસ્સો તાજેતરમાં બોમ્બે હાઈકોર્ટ સમક્ષ આવ્યો હતો, અને કોર્ટે કરદાતાની તરફેણમાં ખૂબ જ મહત્વનો અને રાહતરૂપ ચુકાદો આપ્યો છે.'

સત્યમભાઈની ભ્રમરો ઊંચી થઈ. 'ખરેખર? શું કેસ હતો?

'જુઓ,' સમીરભાઈએ સમજાવવાનું શરૂ કર્યું, આ કેસ 'મેસર્સ ગેલેક્સી ઈન્ટરનેશનલ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા એન્ડ ઓર્સ.' નામે ઓળખાય છે, અને તેનો ચુકાદો ૨૪ જૂન, ૨૦૨૫ ના રોજ આવ્યો છે. આ કેસમાં પણ તમારા જેવી જ પરિસ્થિતિ હતી. ઠ્ઠ અધિકારીઓએ 'મેસર્સ ગેલેક્સી ઈન્ટરનેશનલ' દ્વારા કોઈ 'દુર્ગા માધબ પાંડા' નામના વેપારીના ૩૦.૧૯ કરોડના GST લેણાંની વસૂલાત માટે સીધી ગુરૂગ્રામની એક બેંક શાખાને નોટિસ મોકલી દીધી હતી.

ગેલેક્સી ઈન્ટરનેશનલને આ નોટિસની કોઈ જાણકારી જ નહોતી, અને તેમણે દલીલ કરી કે તેઓ ન તો તે ડિફોલ્ટર માટે કોઈ પૈસા ધરાવે છે, ન તો ગુરૂગ્રામમાં તેમનું કોઈ બેંક ખાતું છે, કે ના તેઓ ડિફોલ્ટરને ઓળખે છે, તેમનું સાચું ખાતું તો મુંબઈમાં છે. તેમનો મુખ્ય મુદ્દો એ હતો કે, CGST એક્ટ, ૨૦૧૭ ની કલમ ૭૯(૧)(સી) હેઠળ તેમને સીધી કોઈ નોટિસ આપવામાં આવી ન હતી.

બોમ્બે હાઈકોર્ટે આ કલમનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કર્યું. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું કે, કલમ ૭૯(૧)(સી)(ઈ) હેઠળ, જો સરકાર કોઈ વ્યક્તિ પાસેથી કોઈ ડિફોલ્ટરના પૈસા વસૂલવા માંગતી હોય, તો નોટિસ સીધી તે વ્યક્તિને, એટલે



**સી.એ. મનિષ લુક્કા**
**મની મેટર**

કે તમારા કિસ્સામાં તમને, મોકલવી ફરજિયાત છે. આ એટલા માટે જરૂરી છે કે, કલમ ૭૯(૧)(સી)(vii) હેઠળ, તમને એ સાબિત કરવાની તક મળે કે તમે ડિફોલ્ટરના કોઈ પૈસા રાખ્યા નથી કે તમને તે ચૂકવવાના નથી.

આ કેસમાં પણ, જેમ તમારા કિસ્સામાં થયું છે, ગેલેક્સી ઈન્ટરનેશનલને આવી કોઈ નોટિસ આપવામાં આવી ન હતી, જેના કારણે તેમને પોતાની નિર્દોષતા સાબિત કરવાની તક મળી ન હતી. કોર્ટે આને કાયદાકીય પ્રક્રિયાનો સ્પષ્ટ ભંગ ગણાવ્યો. તેમણે કર્ણાટક હાઈકોર્ટના 'જે. આર. પ્રાઈમ કોર્પોરેશન પ્રાઈવેટ લિમિટેડ વિ. સુપરિન્ટેન્ડેન્ટ ઓફ સેન્ટ્રલ ટેક્સ, બેંગલુરુ' નામના એક સમાન કેસનો પણ ઉલ્લેખ કર્યો, જ્યાં પણ બેંકને સીધી નોટિસ આપવી એ ફરજિયાત પ્રક્રિયાનું ઉલ્લંઘન ગણવામાં આવ્યું હતું.

પરિણામે, બોમ્બે હાઈકોર્ટે ગેલેક્સી ઈન્ટરનેશનલને મોકલેલી નોટિસને રદ કરી દીધી. કોર્ટે સ્પષ્ટ કહ્યું કે, કલમ ૭૯ની પૂર્વ-શરતોનું પાલન ન થવાને કારણે આ નોટિસ કાયદેસર નથી. જોકે, કોર્ટે અધિકારીઓને છૂટ આપી છે કે તેઓ ગેલેક્સી ઈન્ટરનેશનલને તેમના સાચા સરનામે નવી નોટિસ મોકલી શકે, જો તેઓ વસૂલાત કરવા માંગતા હોય તો. આનો અર્થ એ થયો સત્યમભાઇ,સમીરભાઈએ ખભે હાથ મુકતા કહ્યું, કે તમારી બેંકને મળેલી આ નોટિસ પણ કાયદેસર નથી, કારણ કે તમને સીધી કોઈ નોટિસ મળી નથી. આપણે આ ચુકાદાને ટાંકીને અધિકારીઓ સમક્ષ મજબૂત રજૂઆત કરી શકીશું અને આ નોટિસને રદ કરાવી શકીશું. હવે તમે નિશ્ચિત રહો, આપણે આનો ઉકેલ લાવીશું.'

સત્યમભાઈના ચહેરા પરથી ચિંતાની રેખાઓ ગાયબ થઈ ગઈ અને એક મોટી મુસ્કાન છવાઈ ગઈ. તેમને ખાતરી થઈ કે કાયદો ખરેખર ન્યાયિક રીતે કામ કરે છે અને તેમના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પરનો તેમનો વિશ્વાસ વધુ દ્રઢ બન્યો. યાદ રાખો, જો તમને આવી કોઈ અણધારી નોટિસ મળે તો ગભરાશો નહીં. સૌ પ્રથમ, તમારા બેંક ખાતાની વિગતો અને નોટિસમાં દર્શાવેલ માહિતી કાળજીપૂર્વક ચકાસો. કોઈ પણ પગલું ભરતા પહેલા તરત જ તમારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કાયદાકીય સલાહકારનો સંપર્ક કરો. તેઓ તમને યોગ્ય માર્ગદર્શન આપી શકશે અને તમારા હિતોનું રક્ષણ કરી શકશે. કાયદાકીય પ્રક્રિયાનું પાલન અત્યંત મહત્વનું છે અને તમને તમારી વાત રજૂ કરવાની પૂરતી તક મળવી એ તમારો અધિકાર છે.

**જો તમને આવી કોઈ અણધારી નોટિસ મળે તો ગભરાશો નહીં, સૌ પ્રથમ તમારા બેંક ખાતાની વિગતો અને નોટિસમાં દર્શાવેલ માહિતી કાળજીપૂર્વક ચકાસો**

lukkamanish@gmail.com

## સીલિંગ ફેનની ઊર્જા બચાવવાનો વિચાર બન્યો સફળતાની સીડી

**મયૂર સુંદરરાજનના ધ્યાનમાં આવ્યું કે સીલિંગ ફેનમાં નેનો ટેક્નોલોજીનો ઉપયોગ કરી ભારતમાં વીજ વપરાશમાં નોંધપાત્ર તફાવત સર્જી શકાય છે**

ઈલેક્ટ્રીસીટીના ઉત્પાદનમાં ભારત દુનિયાનો ત્રીજા નંબરનો દેશ છે. ભારતમાં પ્રતિ કલાક બે હજાર ટેરાવોટ વીજળીનું ઉત્પાદન થાય છે. તેની સામે વીજળીની માંગ સતત વધી રહી છે. ભારતમાં થઈ રહેલા પ્રચુર વિકાસને અને જીવનધોરણમાં આવી રહેલા સુધારાને કારણે વીજળીની માંગ સતત વધારો જોવા મળે છે. ભારતમાં વીજળીની માંગ હજૂ ઘણી વધવાની છે જેથી વીજળીની ઉત્પાદન ક્ષમતા વધારવી પડશે. તે સાથે હાલ વપરાતા વીજ ઉપકરણોમાં ઈલેક્ટ્રીસીટી કન્ઝમ્પશન ઘટાડવાના પ્રયત્નો પણ કરવામાં આવી રહ્યા છે. આ દિશામાં ચેન્નાઈના મયુર સુંદરરાજને ભારતમાં ક્રાંતિ સર્જી છે.

ચેન્નાઈમાંથી ઈલેટ્રીકલ એન્જીનીયરીંગની ડિગ્રી મેળવી અમેરિકામાં પીએચડી કરનાર મયુર સુંદરરાજને કોઈમ્બતુરમાંથી તેમના કરિયરની શરૂઆત કરી. વર્ષ ૧૯૮૯માં મયુર સુંદરરાજને કોમ્પ્યુટર્સ માટે કંટ્રોલર્સ બનાવવાના વ્યવસાયથી શરૂઆત કરી. તે સાથે તેમણે ટેક્સટાઈલના ક્ષેત્રમાં પણ વ્યવસાય કર્યો. કોમ્પ્યુટર કંટ્રોલર્સ અને ટેક્સટાઈલ તરફથી ધ્યાન હટાવીને વર્ષ ૨૦૦૫માં મયુર સુંદરરાજને ઈલેક્ટ્રિક મોટર્સ બનાવવાના ક્ષેત્રમાં ધ્યાન કેન્દ્રિત કર્યું. વેર્સા ડ્રાઈવ્સ પ્રાઈવેટ લિમિટેડની સ્થાપના કરી તેઓ ઈલેક્ટ્રિક મોટર્સ બનાવી રહ્યા હતા ત્યારે વર્ષ ૨૦૧૦માં એક ટ્રેડ ફેરમાં મયુરની મુલાકાત સંજીવ કેસકર સાથે થઈ. સંજીવ સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ખુબ જાણીતું નામ છે. સંજીવે ચર્ચા દરમ્યાન મયુર સુંદરરાજાનને બીએલડીસી મોટર બનાવી સીલિંગ ફેન ક્ષેત્રમાં ક્રાંતિ સર્જી શકાય છે તેમ જણાવ્યું. મયુરને સંજીવની વાતમાં રસ પડ્યો. બીએલડીસી ટેક્નોલોજી માટે મયુર સુંદરરાજને સંશોધન શરુ કર્યું.



**કેયુર જાની**
**સકસેસ સ્ટોરી**

રેગ્યુલર સીલિંગ ફેનમાં બ્રશડ મોટર આવે છે જે રોટરમાં કરંટ મોકલી પંખાને ફેરવે છે. આ સિસ્ટમથી સીલિંગ ફેન તેર કલાકમાં એક યુનિટ વીજળી બાળે છે. ભારતમાં સીલિંગ ફેન ઘરમાં વપરાતી વીજળીના ૨૧ ટકા વપરાશ કરે છે. મયુર સુંદરરાજનના ધ્યાનમાં આવ્યું કે સીલિંગ ફેનમાં નેનો ટેક્નોલોજીનો ઉપયોગ કરી ભારતમાં વીજ વપરાશમાં નોંધપાત્ર તફાવત સર્જી શકાય છે. રેગ્યુલર સીલિંગ ફેન તેર કલાકમાં એક યુનિટ બાળે છે ત્યાં નેનો ટેક્નોલોજીથી ચાળીસ કલાકના વપરાશ બાદ એક યુનિટ વીજળી બળે છે. રેગ્યુલર સીલિંગ ફેનને ફરવા માટે અલ્ટરનેટીંગ કરંટની જરુર પડે છે તેને બદલે ડાઈરેક્ટ કરંટ દ્વારા સીલિંગ ફેનને ઓપરેટ કરવા મયુરે પ્રયોગ શરુ કર્યા. વર્ષ ૨૦૧૨માં બ્રશડ મોટરને બદલે બ્રશલેસ ડાઈરેક્ટ કરંટથી ચાલતી બીએલડીસી મોટર બનાવવામાં સફળતા મેળવી લીધી. તે ભારતના સૌપ્રથમ એનર્જી એફિસિયન્ટ ફેન હતા. રેગ્યુલર સીલિંગ ફેનની સામે તે ૬૦ ટકા ઈલેક્ટ્રીસીટી બચાવતા હતા.

મયુર સુંદરરાજને તેને સુપર ફેન નામ આપ્યું. સુપર ફેનની પાંખોની ડિઝાઈન પણ તે રીતની બનાવવામાં આવી કે રેગ્યુલર સીલિંગ ફેન કરતા વિસ ટકા વધુ હવા ફેંકે. જ્યાં પાવર સપ્લાયમાં ફલાચુએશનની સમસ્યા છે ત્યાં બીએલડીસી ફેન એક ધારી સ્પીડ ઉપર ફરીને ફ્લક્ચ્યુએશનની અસર આવવા દેતા નથી. હાલમાં ભારતમાં ત્રણ ટકા સીલિંગ ફેન જ એનર્જી એફિશિયન્ટ છે. ભારતમાં વર્ષે ચાર કરોડથી વધુ સીલિંગ ફેનનું વેચાણ થાય છે. સીલિંગ ફેનના વપરાશથી જેટલો વીજ વપરાશ થાય છે તેની સામે બીએલડીસી ટેક્નોલોજીના પંખાનો વપરાશ વધવાથી વીજ માંગમાં ખુબ ઘટાડો થશે. મયુર સુંદરરાજના સુપર ફેને ભારતમાં પંખાઓની સમગ્ર ટેક્નોલોજીમાં જ બદલાવ કરી દીધો છે. હાલમાં મયુર સુંદરરાજનની વેર્સા ડ્રાઈવ્સ પ્રાઈવેટ લિમિટેડ ટેક્નોલોજીના ક્ષેત્રે એક સફળ બ્રાન્ડ તરીકે ઓળખાય છે.




keyurjanitiger@gmail.com

**ભારતમાં વર્ષે ચાર કરોડથી વધુ સીલિંગ ફેનનું વેચાણ થાય છે**

# અસહજતાનો સ્વીકાર



**આપણા જીવનનું સૌથી મોટું સ્થાન આપણું પોતાનું મન છે, જો મન રાજી હોય તો જીવનનાં દરેક કાર્યમાં આનંદ છે**

*'મન ન માને એ જગાઓ પર જવાનું છોડીએ,*
*કોઈના દરબારમાં હાજર થવાનું છોડીએ'*
*- હેમેન શાહ*

ક્યારેક કોઈ ખોટા ડરથી આપણે એવા લોકોની આસપાસ રહીએ છીએ જે આપણને અસહજતાનો અનુભવ કરાવે છે. ઉદાહરણ તરીકે, કોઈ મિત્રની એવી પાર્ટીમાં જવું જ્યાં તમને કોઈ ઓળખતું નથી અને તમે એકલાપણું અનુભવો છો. અથવા કોઈ એવા પારિવારિક સમારંભમાં જવું જ્યાં તમારી કોઈ કદર થતી નથી. આવા સ્થળોએ આપણું શરીર હાજર હોય છે, પણ મન ગેરહાજર હોય છે. પરિણામે, આપણે અંદરથી ખાલીપો અને દુઃખ અનુભવીએ છીએ.

જ્યારે તમે કોઈ એવી જગ્યાએ જવાનું બંધ કરો છો જ્યાં તમને સન્માન મળતું નથી, ત્યારે તમે સૌથી પહેલા પોતાની કદર કરવાનું શીખો છો. તમે તમારા સમય, લાગણીઓ અને ઊર્જાનું સન્માન કરવાનું શરૂ કરો છો. આ એક નાનકડો નિર્ણય તમને આત્મવિશ્વાસથી ભરી દે છે.

જીવનમાં ઘણી વાર આપણે એવી પરિસ્થિતિઓનો સામનો કરીએ છીએ, જ્યાં આપણું મન કોઈ જગ્યાએ જવા કે કોઈ વ્યક્તિને મળવા માટે તૈયાર હોતું નથી. છતાં, આપણે સામાજિક દબાણ, ફરજ કે કોઈને નારાજ ન કરવાના ડરથી ત્યાં જઈએ છીએ. પરંતુ આ નિર્ણય આપણી માનસિક શાંતિ અને આત્મસન્માનને મોટો ફટકો પહોંચાડે છે.

જ્યારે તમે મનને ન ગમતી જગ્યાએ જવાનું ટાળો છો, ત્યારે તમે સૌથી પહેલા તમારી જાતને તણાવ અને ચિંતામાંથી મુક્ત કરો છો. મનગમતી જગ્યાએ ન જવું એ એક પ્રકારનો બોજ છે. જ્યારે તમે કોઈ એવી મીટિંગમાં જાઓ છો જ્યાં તમને સન્માન મળવાનું નથી, કે કોઈ એવા કાર્યક્રમમાં હાજરી આપો છો જ્યાં લોકો માત્ર દેખાડા માટે ભેગા થયા છે, ત્યારે તમારું મન અંદરથી સંઘર્ષ કરતું રહે છે. આ સંઘર્ષ ચિંતા, બેચેની અને નકારાત્મક વિચારોને જન્મ આપે છે.

આનાથી વિપરીત, જ્યારે તમે તમારા મનનો અવાજ સાંભળીને 'ના' કહેવાનું શીખો છો, ત્યારે તમે એક પ્રકારની આંતરિક શાંતિનો અનુભવ કરો છો. આ નિર્ણય ભલે નાનો લાગે, પરંતુ તે તમારા મગજને શાંત રાખવામાં અને તણાવને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. આ સ્વ-આદરનું એક પ્રતિક છે, જે તમને આરામ અને ખુશીનો અનુભવ કરાવે છે.

આવું મળવાનું ટાળવાથી સાચા સંબંધોને ઓળખી શકાય છે. જે સંબંધોમાં તમારી કદર નથી થતી, ત્યાં તમારી હાજરી કોઈ મૂલ્ય ધરાવતી નથી. જ્યારે તમે આવા લોકો અને સ્થળોથી દૂર રહો છો, ત્યારે ધીમે ધીમે તમારા જીવનમાંથી નકામા સંબંધો દૂર થવા લાગે છે.

જે લોકો તમને સાચા દિલથી માન આપે છે, તેઓ તમારી ગેરહાજરીને સમજશે. તેઓ તમારી 'ના' નું સન્માન કરશે, કારણ કે તેઓ તમારા મનની સ્થિતિને સમજશે. આનાથી વિપરીત, જે લોકો માત્ર તમારા દેખાડા પૂરતા સંબંધ રાખે છે, તેઓ તમારા દૂર થવાથી પરેશાન થશે. આ રીતે, તમારા જીવનમાં એક સ્પષ્ટતા આવે છે. તમે જાણી શકો છો કે કોણ ખરેખર તમારા હિતમાં છે અને કોણ માત્ર સ્વાર્થ માટે તમારી સાથે છે. આનાથી તમારા જીવનમાં સાચા અને મજબૂત સંબંધો માટે જગ્યા બને છે, જે તમારી ખુશીનું સાચું કારણ બને છે. પરંતુ ઘણીવાર એવું બને છે કે આપણે ન ગમતા વાતાવરણમાં પણ કામ કરવું પડે છે અથવા તો આપણા માટે ફરજિયાત ત્યાં હાજર હોવું જરૂરી બની જાય છે ત્યારે પોતાની જાત સાથે તો રહી જ શકાય છે. આવા સમયે અને સ્થળે પોતાની જાત સાથેનો સમય કાઢવો જરૂરી છે.



**ખ્યાતિ થાનકી 'નિશબ્દા'**
**ફુલદાની**

> **જ્યારે તમે તમારા મનનો અવાજ સાંભળીને 'ના' કહેવાનું શીખો છો, ત્યારે તમે એક પ્રકારની આંતરિક શાંતિનો અનુભવ કરો છો**

જ્યારે તમે બીજાને ખુશ કરવા માટે કે ફરજિયાત સંબંધોમાં સમય બગાડવાનું બંધ કરો છો, ત્યારે તમને તમારી જાત માટે વધુ સમય મળે છે. આ સમયનો ઉપયોગ તમે તમારી પસંદગીની પ્રવૃત્તિઓ, શોખ અને સ્વ-વિકાસ માટે કરી શકો છો.

આ સમયમાં તમે કોઈ નવું કૌશલ્ય શીખી શકો છો, તમારા શોખ પૂરા કરી શકો છો, કે પછી શાંતિથી પુસ્તકો વાંચી શકો છો. આ 'મી ટાઈમ' તમને તમારી જાતને વધુ સારી રીતે ઓળખવાની તક આપે છે. તે તમને તમારી શક્તિઓ અને નબળાઈઓ સમજવામાં મદદ કરે છે, જે આત્મખોજ માટે અનિવાર્ય છે. આ સમય તમને માત્ર શારીરિક રીતે જ નહીં, પણ માનસિક રીતે પણ રિચાર્જ કરે છે.

આત્મવિશ્વાસનો પાયો આત્મગૌરવમાં છે. જ્યારે તમે તમારા મનની વાત સાંભળો છો અને બીજાના દબાણ સામે ઝૂકતા નથી, ત્યારે તમારો આત્મવિશ્વાસ વધે છે. તમે પોતાને મહત્વ આપવાનું શરૂ કરો છો. કોઈની પસંદ પ્રમાણે જીવવું એટલે તમારી જાતને કોઈનાથી નીચા સમજવી. જ્યારે તમે આ છોડી દો છો, ત્યારે તમે તમારી જાતને સ્વતંત્ર અને સમાન ગણો છો. આ એક નાનો નિર્ણય તમારી અંદર એક મજબૂત આત્મવિશ્વાસનો પાયો નાખે છે. તમે જાણો છો કે તમારી હાજરી મૂલ્યવાન છે અને તે માત્ર તે જ જગ્યાએ હોવી જોઈએ, જ્યાં તેની કદર થાય. આ આત્મગૌરવ તમને જીવનના દરેક ક્ષેત્રમાં વધુ મજબૂત બનાવે છે અને તમને સાચા અર્થમાં સ્વતંત્રતાનો અનુભવ કરાવે છે.

આપણા જીવનનો સૌથી મોટું સ્થાન આપણું પોતાનું મન છે. જો મન રાજી હોય, તો જીવનના દરેક કાર્યમાં આનંદ છે. માટે, એ દરેક જગ્યા અને વ્યક્તિને છોડી દો જે તમારા મનની શાંતિ અને આત્મગૌરવ છીનવી લે. યાદ રાખો, મનની શાંતિ અને તમારું સન્માન એ કોઈપણ બાહ્ય દેખાડા કરતાં વધુ મૂલ્યવાન છે.

khyatithanki82@gmail.com

# આધુનિક યુગમાં ગુરુ એટલે યુવાનોના પથદર્શક



ગુરૂપૂર્ણિમા એ ભારતીય સંસ્કૃતિનો એક પવિત્ર પર્વ છે, જે આષાઢ માસની પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે. આ દિવસ ગુરૂ પ્રત્યે શ્રદ્ધા, આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે સમર્પિત છે. ગુરૂપૂર્ણિમા ખાસ કરીને ભગવાન વેદ વ્યાસના જન્મદિવસની ઉજવણી તરીકે ઓળખાય છે, કારણ કે તેમણે વેદોનું સંકલન કરી માનવજાતને જ્ઞાનનો અમૂલ્ય ખજાનો આપ્યો. આ દિવસે શિષ્યો પોતાના ગુરૂનું પૂજન કરે છે, તેમના આશીર્વાદ મેળવે છે અને જ્ઞાન, માર્ગદર્શન તથા પ્રેરણા માટે તેમનો આભાર માને છે. ગુરૂપૂર્ણિમા ગુરૂ-શિષ્ય પરંપરાનું પ્રતીક છે, જે ભારતીય સંસ્કૃતિનો આધારસ્તંભ રહી છે. આ પર્વનો ઉદ્દેશ ગુરૂના મહત્વને યાદ કરવો અને જ્ઞાનની શક્તિનો ઉજાગર કરવો છે. આજના યુવાનો માટે આ દિવસ એ એક તક છે કે તેઓ પોતાના જીવનમાં ગુરૂની ભૂમિકાને સમજે અને તેમના માર્ગદર્શનથી પોતાનું ભવિષ્ય ઘડે.

આધુનિક યુગમાં, જ્યાં ટેકનોલોજી, સ્પર્ધા અને ઝડપી જીવનશૈલીએ યુવાનોના જીવનને જટિલ બનાવ્યું છે, ત્યાં ગુરૂનું મહત્વ વધુ ઉજાગર થાય છે. ગુરૂ એ માત્ર પુસ્તકીય જ્ઞાન આપનાર શિક્ષક નથી, પરંતુ એક એવો માર્ગદર્શક છે જે યુવાનોને જીવનના પડકારોનો સામનો કરવાની શક્તિ, નૈતિક મૂલ્યો અને આત્મવિશ્વાસ આપે છે. આજના યુગમાં યુવાનો સોશિયલ મીડિયા, ગ્લોબલાઈઝેશન અને માહિતીના અતિરેકથી ઘેરાયેલા છે, જેના કારણે તેઓ ઘણીવાર દિશાહીન અને મૂંઝવણમાં રહે છે. આવા સમયે ગુરૂ એક દીવાદાંડીની જેમ કાર્ય કરે છે, જે યુવાનોને સાચા-ખોટાનો ભેદ સમજાવે છે અને તેમની આંતરિક શક્તિને જાગૃત કરે છે. ગુરૂ યુવાનોને તેમના લક્ષ્યો નક્કી કરવામાં, સ્વની ઓળખ શોધવામાં અને સમાજમાં સકારાત્મક યોગદાન આપવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, શિક્ષકો, મેન્ટર્સ, કોચ અને આધ્યાત્મિક ગુરૂઓ યુવાનોને શૈક્ષણિક, વ્યવસાયિક અને વ્યક્તિગત જીવનમાં સફળ થવા માટે પ્રેરણા આપે છે.

> **યુવાનો માટે ગુરુ એવો માર્ગદર્શક છે જે તેમને સ્વપ્નોને સાકાર કરવા, પડકારોનો સામનો કરવા અને જીવનમાં સંતુલન જાળવવા માટે પ્રેરણા આપે છે**



**દર્શક પરમાર**
**યુથફૂલનેસ**

આધુનિક યુગમાં ગુરૂનું સ્વરૂપ બદલાયું છે, અને યુવાનોને જ્ઞાન આપવા માટે નવા ગુરૂઓ અસ્તિત્વ ધરાવે છે. પરંપરાગ શિક્ષકો ઉપરાંત, ટેકનોલોજીના આગમનથી ઓનલાઈન શિક્ષણ પ્લેટફોર્મ્સ, ઈન્ફલુએન્સર્સ, ડિજિટલ મેન્ટોર્સ અને એઆઈ-આધારિત શૈક્ષણિક સાધનો નવા ગુરૂઓનું સ્વરૂપ બન્યા છે.

ઓનલાઈન શિક્ષણ પ્લેટફોર્મ્સ: યુદેમી, કોર્સેરા, ખાન એકેડમી જેવા પ્લેટફોર્મ્સ યુવાનોને વૈશ્વિક સ્તરે નિષ્ણાતો પાસેથી શીખવાની તક આપે છે. આ પ્લેટફોર્મ્સ યુવાનોને નવી કૌશલ્યો, જેમ કે કોડિંગ, ડેટા સાયન્સ, ડિજિટલ માર્કેટિંગ વગેરે, શીખવાડે છે, જે આધુનિક યુગની માંગ છે.

ઈન્ફ્લુન્સર્સ અને ડિજિટલ મેન્ટોર્સ: યુટ્યૂબ, ઈન્સ્ટાગ્રામ અને લિંકડઈન જેવા પ્લેટફોર્મ્સ પર ઘણા નિષ્ણાતો અને મોટિવેશનલ સ્પીકર્સ યુવાનોને પ્રેરણા આપે છે. ઉદાહરણ તરીકે, ભારતના ટેક ગુરૂઓ જેમ કે ટેકનિકલ ગુરૂજી અથવા ફાઈનાન્શિયલ એડવાઈઝર્સ જેમ કે પ્રાંજલ કામરા, યુવાનોને ટેકનોલોજી અને ફાઈનાન્સના ક્ષેત્રે માર્ગદર્શન આપે છે. આ ડિજિટલ મેન્ટોર્સ યુવાનોને વ્યવસાયિક અને વ્યક્તિગત વિકાસ માટે પ્રેરણા આપે છે.

એઆઈ-આધારિત શૈક્ષણિક સાધનો: આજના યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ટૂલ્સ, જેમ કે ચેટજીપીટી, ગ્રોક, અને અન્ય શૈક્ષણિક એપ્સ, યુવાનોને વ્યક્તિગત શિક્ષણનો અનુભવ આપે છે. આ ટૂલ્સ યુવાનોના પ્રશ્નોના જવાબ આપે છે, તેમની શંકાઓ દૂર કરે છે અને નવી કૌશલ્યો શીખવામાં મદદ કરે છે.

કોર્પોરેટ મેન્ટોર્સ અને કોચ: આધુનિક યુગમાં કોર્પોરેટ જગતમાં મેન્ટોર્સ અને કેરિયર કોચ યુવાનોને વ્યવસાયિક સફળતા માટે માર્ગદર્શન આપે છે. ઉદાહરણ તરીકે, લિંકડઈન પર વ્યવસાયિક નિષ્ણાતો યુવાનોને કેરિયર ગાઈડન્સ, ઈન્ટરવ્યૂની તૈયારી અને નેટવર્કિંગની તકો પૂરી પાડે છે.

આધ્યાત્મિક ગુરૂઓ: આજના યુગમાં પણ આધ્યાત્મિક ગુરૂઓ, યુવાનોને માનસિક શાંતિ, ધ્યાન અને જીવનના ઉદ્દેશની શોધમાં માર્ગદર્શન આપે છે. આ ગુરૂઓ યુગાનુયુગ યુવાનોને આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો સાથે જીવન જીવવાની પ્રેરણા આપે છે.

યુવાનો માટે ગુરૂ એ એક એવો માર્ગદર્શક છે જે તેમને સ્વપ્નોને સાકાર કરવા, પડકારોનો સામનો કરવા અને જીવનમાં સંતુલન જાળવવા માટે પ્રેરણા આપે છે. આધુનિક યુગમાં યુવાનોને શૈક્ષણિક દબાણ, કેરિયરની અનિશ્ચિતતા, સોશિયલ મીડિયાનું દબાણ અને માનસિક સ્વાસ્થ્યના પડકારોનો સામનો કરવો પડે છે. આવા સમયે ગુરૂ, પછી તે શિક્ષક, મેન્ટોર, આધ્યાત્મિક ગુરૂ કે ડિજિટલ પ્લેટફોર્મ હોય, યુવાનોને માર્ગદર્શન આપી તેમના આત્મવિશ્વાસને વધારે છે. ગુરૂ યુવાનોને નવીન કૌશલ્યો શીખવાડે છે, તેમની સર્જનાત્મકતાને ઉજાગર કરે છે અને તેમને નૈતિક મૂલ્યો સાથે જીવન જીવવાનું શીખવે છે.

નિષ્કર્ષ- ગુરૂપૂર્ણિમા યુવાનોને ગુરૂના મહત્વની યાદ અપાવે છે અને તેમના જીવનમાં માર્ગદર્શનની ભૂમિકાને ઉજાગર કરે છે. આધુનિક યુગમાં ગુરૂનું સ્વરૂપ બદલાયું છે, પરંતુ તેનું મહત્વ ઘટ્યું નથી. આજના યુગમાં શિક્ષકો, મેન્ટોર્સ, ડિજિટલ પ્લેટફોર્મ્સ, આધ્યાત્મિક ગુરૂઓ અને એઆઈ-આધારિત શૈક્ષણિક સાધનો યુવાનોને જ્ઞાન, પ્રેરણા અને નૈતિક મૂલ્યોની શિક્ષા આપે છે. આ ગુરૂઓ યુવાનોને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે અને તેમને સશક્ત સમાજનું નિર્માણ કરવાની પ્રેરણા આપે છે. યુવાનો માટે ગુરૂ એ માર્ગદર્શક છે, જે તેમને સ્વપ્નોને સાકાર કરવા અને જીવનમાં સંતુલન જાળવવાની શક્તિ પ્રદાન કરે છે. આમ, ગુરૂપૂર્ણિમા યુવાનોને તેમના ગુરૂઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અને તેમના માર્ગદર્શનથી પોતાનું ભવિષ્ય ઉજ્જવળ કરવાનો અવસર પૂરો પાડે છે.

સ્ટ્રાઈકર- ભાવનાત્મક સંબંધના કારણે ગુરૂ- શિષ્ય પરંપરા મજબૂત બને છે,જે ડિજિટલ પ્લેટફોર્મના ગુરૂ સાથે નથી હોતી.

dkbbit@gmail.com

**આમ તો અભ્યાસ માટે સ્કૂલ-કોલેજમાં પ્રત્યક્ષ જવું જ યોગ્ય ગણાય, પણ હવેના મોડર્ન યુગમાં ઓનલાઈન અભ્યાસ કરવાના પણ ઘણા ફાયદા છે**

# ફ્રીમાં ઓનલાઈન અભ્યાસ કરવો હોય તો કઈ વેબસાઈટ પર નિર્ભર રહી શકાય?



ભણતરની રીતમા હવે ઘણા ફેરફાર થઈ ચુક્યા છે. એમાં પણ કોરોના પછી તો ઓનલાઈન ભણતરના અઢળક રસ્તાઓ ખુલ્યા છે. ઘણી ખાનગી સ્કૂલોએ પણ હવે તો ઓનલાઈન અભ્યાસક્રમને અપનાવ્યો છે, જે સિવાય કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને પણ આવરનવર સ્ટડી મટીરીયલ તેમજ અમુક કોર્સ કરવાની જરૂર પડતી હોય છે. આમ તો અભ્યાસ માટે સ્કૂલ કોલેજમાં પ્રત્યેક્ષ જવું જ યોગ્ય ગણાય, પણ હવેના મોડર્ન યુગમા ઓનલાઈન અભ્યાસ કરવાના પણ ઘણા ફાયદા છે. તો આ રહી અમુક વેબસાઈટ જેની પર તમને ઓનલાઈન અભ્યાસ માટેના અઢળક વિકલ્પ મળી રહેશે.

**EdX**

મેસાચુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી અને હાર્વર્ડ યુનિવર્સિટી દ્વારા ૨૦૧૨માં સહિયારી રીતે શરૂ કરવામાં આવેલી આ વેબસાઈટ દુનિયાભરના વિદ્યાર્થીઓને ઓનલાઈન અભ્યાસ કરવાના સેકંડો વિકલ્પ આપે છે. આ વેબસાઈટ પર વિશ્વની ઘણી બધી પ્રસિદ્ધ યુનિવર્સિટી તરફથી સસ્તા અથવા તો મફત ઓનલાઈન કોર્સ મૂકવામાં આવ્યા છે. ૧થી ૪ મહિનાના સમયગાળા માટેના આ કોર્સની મદદથી વિદ્યાર્થીઓ ઓછા વખતમાં મનપસંદ ક્ષેત્રનું જ્ઞાન મેળવી શકે છે. EdX પર હાલ બે લાખ જેટલા રજિસ્ટર્ડ યૂઝર્સ અને બાયોલોજી, કમ્પ્યુટર વિજ્ઞાન, ગણિત વગેરે વિષયના ૨૫૦૦ જેટલા કોર્સ ઉપલબ્ધ છે.

**ખાન એકેડેમી**

પૈસા ભરીને ભણવાના તો આપણે ત્યાં સેંકડો વિકલ્પ જોવા મળે છે. પરંતુ દરેક ઉંમરના વિદ્યાર્થીઓ જેમની પાસે ભણતરના પૈસા ન હોય તેઓ ૨૦૦૮માં કેલિફોર્નિયામાં શરૂ કરાયેલી ખાન એકેડેમીની વેબસાઈટ પરથી ઓનલાઈન અભ્યાસ કરી શકે છે. આ વેબસાઈટ પર સેંકડો કોર્સના વિકલ્પ વિનામૂલ્ય ઉપલબ્ધ છે તેમજ દરેક ઉંમરના વિદ્યાર્થીઓ માટે આ વેબસાઈટ પર ઘણુ બધુ સ્ટડી મટીરીયલ પણ મળી રહે છે. આ વેબસાઈટના સર્જકોનું ધ્યેય ઉચ્ચ ગુણવત્તા વાળું ભણતર દરેક બાળક માટે ઉપલબ્ધ કરાવવાનું છે, માટે અહી દુનિયાભરથી વર્લ્ડ ક્લાસ અભ્યાસક્રમ અને ભણવાની પદ્ધતિઓ પણ તબક્કાવાર ઉમેરાતી રહે છે.



**સમીર ઉદેશી**
**માર્ગદર્શન**

**CosmoLearning**

ભણવાનું જો મજેદાર હોય તો તેમાં વધુ રસ પડે. જે વાતને ધ્યાનમાં રાખીને CosmoLearning દ્વારા પોતાના કોર્સ સાથે વિવિધ ક્વિઝ, વિડિયો લર્નિંગ, નોટ્સ વગેરેના પણ વિકલ્પ રાખવામાં આવ્યા છે. CosmoLearning પણ મફત ભણતર મેળવવાની વેબસાઈટ છે અને અહીંના મોટાભાગના કોર્સ વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્ય અથવા તો ખૂબ ઓછા ભાવે ઉપલબ્ધ છે. સાથે જ આ વેબસાઈટ પર દુનિયાભરની ઘણી કોલેજોના સ્ટડી મટીરીયલ પણ મળી રહે છે. ઉપરાંત ક્વોલિટી એજ્યુકેશન પૂરું પડવાના ધ્યેય સાથે CosmoLearning તરફથી એક યુટ્યુબ ચેનલ પણ શરૂ કરવામાં આવી છે.

**Academic Earth**

આ વેબસાઈટ પર વિદ્યાર્થીઓને એન્જિનિયરિંગથી લઈને એકાઉન્ટ્સ સુધીના વિવિધ વિષયના કોર્સ મળી રહે છે. સાથે જ ખૂબ ઓછા લોકો ભણતા હોય તેવા બિહેવિરિયલ સાયકોલોજીના કોર્સ પણ આ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓ માટે આ વેબસાઈટ પરના આમ તો મોટાભાગના કોર્સ ફ્રી છે, પંરતુ કેટલાક ખાસ કોર્સ માટે ફી પણ ભરવી પડે છે. જોકે સ્ટડી મટીરીયલ શોધતા વિદ્યાર્થીઓને અહી દુનિયાભરની પ્રસિદ્ધ યુનિવર્સિટી તરફથી જાહેર કરાયેલી નોટ્સ મળી રહે છે. Academic Earthની વેબસાઈટ પર વિદ્યાર્થીઓની સગવડ માટે વિડિયો અને પોડકાસ્ટના રૂપમાં પણ ઘણી સામગ્રી જોવા મળે છે.

**Udemy**

ભણવાનું પતાવ્યા બાદ ઘણીવાર નોકરી શોધવા જતા યુવાઓને અમુક વસ્તુ ન આવડતી હોવાથી નોકરી ખોવાનો વારો આવતો હોય છે. તેવું ન થાય એ માટે ઉડેમી પર પર્સનલ સ્કીલ વિકસાવવાના અઢળક વિકલ્પ ઉપલબ્ધ છે. Udemy પરના કોર્સ માત્ર ૫૦૦ રૂપિયાથી શરૂ થાય છે અને એક વાર કોર્સ ખરીદી લીધા બાદ વિદ્યાર્થી તેના મનપસંદ સમય અનુરૂપ ભણીને સર્ટિફિકેટ મેળવી શકે છે. મજેદાર બાબત એ કે ઉડેમી પર એક વાર કોર્સ પૂરો થાય પછી પરીક્ષા આપ્યા બાદ જ કોઈ પણ વ્યક્તિને સર્ટિફિકેટ મળે છે અને આજકાલ ઘણી કંપનીઓએ Udemyના સર્ટિફિકેટને માન્યતા આપવાની શરૂ કરી છે જેથી નોકરી મેળવવામાં પણ અસાની રહે છે.

**MIT.Edu**

યુનાઈટેડ સ્ટેટ્સની જગવિખ્યાત કોલેજ મેસાચુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી તરફથી પણ વિદ્યાર્થીઓને પર્સનલ સ્કીલ ડેવલપમેન્ટના અઢળક કોર્સ પીરસવામાં આવે છે. આજકાલ વિદેશ જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે, પણ ઘણીવાર અહીંના વિદ્યાર્થીઓને ત્યાંના કાયદા કાનૂન મુજબ કામ કરવાનું ફાવતું નથી હોતું. તેવા સંજોગોમાં MIT તરફથી આપવામાં આવતા ઓછી મુદતના વિવિધ કોર્સ કરીને ખુદને વિદેશમાં નોકરી મેળવવા લાયક બનાવી શકાય છે.

વિદેશમાં MIT ના કોર્સ કદાચ મોંઘા લાગે તો તમે જે કોલેજમાં અભ્યાસ કરતા હોવ અથવા તો એડમિશન લીધું હોય ત્યાં તપાસ કરવી જોઈએ. વિદેશમાં પણ ઘણી યુનિવર્સિટી દ્વારા વિવિધ અભ્યાસક્રમનો વિકલ્પ આપવામાં આવતો હોય છે. જો તમે એ યુનિવર્સિટીના વિદ્યાર્થી હોવો તો ઘણીવાર આવા નાના કોર્સ તમને ફ્રીમાં મળી શકે છે, જે માટેની તપાસ અગાઉ કરી લેવી જોઈએ.

# અંક ૪ અને શેરબજારમાં રાહુની ઊથલપાથલ



અંક ૪ એટલે રાહુના ગ્રહનો અંક. શેરબજાર માટે રાહુ હંમેશાં અશુભ રહ્યો છે. તેમાં પણ રાહુ-કેતુથી બનતો કાલસર્પયોગ શેરબજારના ખેલાડીઓ માટે કાયમ માથાનો દુઃખાવો બનીને રહ્યો છે. રાહુ તેજીના સમયે ધોખો દે છે, કેતુ મંદીના સમયે ધોખો દે છે. એમાં પણ રાહુની વિશેષતા એ છે કે એ પહેલાં તો સારા એવા લાભ બતાવે છે અને જ્યારે ખેલાડી લાભના ખેલમાં બરાબરનો આવી જાય છે ત્યારે કોઈ એક જ સોદાના ખેલમાં તે ખેલાડીનું બધું જ લૂંટી લે છે. આથી જ રાહુને શેબબજાર માટે સૌથી છેતરામણો ગ્રહ કહ્યો છે. તે લાભના લોભમાં નાખીને શેરબજારના ખેલાડીનો ખેલ ખતમ કરે છે. રાહુની બીજી નકારાત્મકતા એ છે કે તે માનવને સટ્ટાબાજ બનાવી દે છે. રાહુના પ્રભાવમાં શેરબજારનો ખેલાડી સટ્ટો ખેલતો થઈ જાય છે. આમાં તે ક્યારેક કમાય છે પણ ખરો પરંતુ એનો લાભ ગમે ત્યારે નુકસાનમાં બદલાઈ જાય છે.

ટૂંકમાં શેરબજાર માટે રાહુ હંમેશાં એક વિપરીત ગ્રહ રહ્યો છે. શેરબજાર સૂર્ય અને ગુરૂનું બજાર છે અને રાહુને આ બંને ગ્રહો સાથે સૌથી મોટી દુશ્મની છે. જ્યોતિષશાસ્ત્રમાં સૂર્ય અથવા ગુરૂ સાથેનો રાહુનો સંબંધ 'ચાંડાલયોગ' કહેવાય છે. આ યોગ અપયશ અને અવગિત બંને આપે છે. શેરબજારમાં જાતકના ભાગે અવગતિ વધારે આવે છે. તે લાભના પ્રમાણમાં નુકસાન વધારે ભોગવે છે. આ અવગતિ તેને અપયશ સુધી દોરી જાય છે એ અલગ વાત છે.

આવા રાહુ સાથે જોડાયેલો અંક ૪ પણ શેરબજારની દ્રષ્ટિએ જાતક માટે ખાસ લાભદાયક સાબિત નથી થતો. તારીખ ૪, ૧૩, ૨૨ કે ૩૧ના દિવસે જન્મેલા માનવનો જન્માંક ૪ હોય છે. આ નામાંક તેના ભાગ્યાંક તરીકે હંમેશાં ખંડનાત્મક સાબિત થાય છે. બીજી બાજુ જો જાતકના શુક્ર તથા બુધ સારા હોય અને ગુરૂ પણ અમુક અંશે સહાયક બનતો હોય તો અંક ૪ ધરાવતો જાતક ઉપર દર્શાવેલી તારીખોએ સમજદારી સાથેના સોદાઓમાં નફો કમાઈ શકે છે. તેના માટે ૨૧ જુલાઈથી ૨૮ ઓગષ્ટ તથા ૨૦ જુનથી ૨૭ જુલાઈ સંબંધનો સમય આર્થિક દ્દષ્ટિએ શુભ સાબિત થઈ શકે છે. એમાં પણ આ મહિનાઓની ૪, ૧૩, ૨૨ કે ૩૧મી તારીખના દિવસે જો બુધ કે શુક્રવાર આવતો હોય તો જાતક માટે તે વધારે લાભદાયક સાબિત થઈ શકે છે.



**વિનોદ શાહ**
**ગ્રહયોગ અર્થયોગ**

રાહુને સોના-ચાંદી જેવી કીમતી ધાતુઓ માટે વધારે લગાવ છે. અંક ૪ને નામાંક અથવા ભાગ્યાંક તરીકે ધરાવના જાતકે સોના તેમજ ચાંદીનો બને તેટલો વધારે સંગ્રહ કરવો જોઈએ. તે આવી ધાતુઓના વેપારમાં પણ સફળ રહી શકે છે. બીજી તરફ અંક ૪માં નકારાત્મકતાનું પ્રમાણ એટલું બધું છે કે તેને ખંડનાત્મક ગુણોનો અંક ગણવામાં આવ્યો છે. તે હકારાત્મક અથવા સર્જનાત્મક કદી નથી હોતો. આ અંકના માનવોમાં પણ ખંડનાત્મક પ્રવૃત્તિઓ વધારે જોવા મળે છે.

> **શેરબજાર સૂર્ય અને ગુરુનું બજાર છે અને રાહુને આ બંને ગ્રહો સાથે સૌથી મોટી દુશ્મની છે**

અંક ૪ એ સ્વકેન્દ્રી પ્રવૃત્તિઓનો અંક છે. આ અંકના માનવો જે કાંઈ કરે છે તે એક માત્ર પોતાને જ કેન્દ્રમાં રાખીને કરે છે. તે સ્વાર્થી હોય છે અને પોતાના સ્વાર્થની પૂર્તિ માટે તે ગમે ત્યારે ગમે તેનો ભોગ લેતાં ખચકાતા નથી. તે મોટા ભાગે એકલા રહે છે અને પોતાનો સ્વાર્થ હોય ત્યારે જ જાહેરમાં આવે છે. તે કોઈની સાથે સંબંધ બાંધે છે તો પણ સ્વાર્થથી જ બાંધે છે. આવા માનવો શેરબજારમાં નિષ્ફળ રહે છે કારણ કે તે જેટલા સ્વાર્થી કે સ્વકેન્દ્રી હોય છે તેટલા સમજદાર નથી હોતા. ઉપરાંત રાહુ તેમની અંદર કટ્ટરતાને પણ ઉમેરી દે છે. આ કટ્ટરતા પણ તેમને સમજદાર નથી બનવા દેતી અને અંતે આ ખામી જ તેમના માટે શેરબજારના દરવાજા કાયમ માટે બંધ કરી દે છે.

રાહુની અસર ધરાવતા હોય તેવા જાતકોએ એક હદ સુધીના નુકસાન પછી શેરબજારને છોડી દીધું હોય તેવું ઘણી વાર જોવામાં આવ્યું છે. રાહુની સાથે જો શનિની પણ અશુભ અસર હોય તો ક્યારેક તેમને સરકારી મહેમાન બનીને કારાવાસમાં રહેવું પડ્યું હોય તેવું પણ બન્યું છે.

vhshahsays@gmail.com

**રાહુ લાભના લોભમાં નાખીને શેરબજારના ખેલાડીનો ખેલ ખતમ કરી નાખે છે**

કેપ્ટનની ભૂલથી એજબેસ્ટનમાં નાઇકી કીટ પહેરીને જોવા મળતા નવો વિવાદ સર્જાયો

# બીસીસીઆઈનો એડિડાસ સાથેનો ૨૫૦ કરોડનો સોદો જોખમમાં

## ટેસ્ટની બંને ઇનિંગ્સમાં બેટથી તબાહી મચાવનાર ગિલ નાઇકીનો બ્રાન્ડ એમ્બેસેડર છે, તેથી જ નાઇકી વેસ્ટ પહેરી હતી

બર્મિંગહામ,તા.૬

એજબેસ્ટન ટેસ્ટની બંને ઈનિંગ્સમાં બેટથી તબાહી મચાવનાર શુભમન ગિલે મોટી ભૂલ કરી છે. તેમના પર એક મોટા નિયમનો ભંગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ગિલે જાણી જોઈને કે અજાણતાં એક ભૂલ કરી જેના કારણે ૨૫૦ કરોડ રૂપિયાનો મોટો સોદો જોખમમાં મુકાઈ શકે છે. એજબેસ્ટન ટેસ્ટના ચોથા દિવસે સામે આવેલી શુભમન ગિલની તસવીરથી આ નવો વિવાદ ઉભો થયો છે. ખરેખર, રમતના ચોથા દિવસે, જ્યારે શુભમન ગિલ ભારતીય ઈનિંગ્સ ડિકલેર કરે છે, ત્યારે તેનો એક ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થાય છે. જેમાં ગિલ કાળા રંગની નાઈકી કીટ પહેરેલો જોવા મળ્યો હતો, જ્યારે બીસીસીઆઈનો વર્તમાન




કીટ સ્પોન્સર એડિડાસ છે. હવે આ અંગે હોબાળો મચી ગયો છે. હવે લોકો સવાલો પૂછી રહ્યા છે કે આ કરવું કેટલું યોગ્ય છે કે ખોટું? એડિડાસ સાથે કરાર કર્યા પછી પણ, કેપ્ટન શુભમન ગિલ ખુલ્લેઆમ નાઈકી વેસ્ટ પહેરેલો જોવા મળ્યો છે. આ સમગ્ર મામલે એડિડાસ પ્રશ્નો ઉભા કરી શકે છે. જો તે ઈચ્છે તો બીસીસીઆઈ વિરુદ્ધ નોટિસ જારી કરી શકે છે. એટલું જ નહીં, તે કાર્યવાહી માટે કોર્ટમાં પણ જઈ શકે છે. હવે આપણે જોવાનું છે કે આ મુદ્દા પર આગળ શું થાય છે. હવે પ્રશ્ન એ છે કે શુભમન ગિલનો નાઈકી સાથે શું સંબંધ છે. તો જાણી લો કે ગિલ નાઈકીના બ્રાન્ડ એમ્બેસેડર છે, કદાચ તેથી જ તેની પાસે નાઈકી વેસ્ટ હતી. એક સિદ્ધાંત એવો પણ છે કે જો કોઈ ખેલાડી, બ્રાન્ડ એમ્બેસેડર હોવા છતાં, આવું કરે છે, તો તે તેની ભૂલ નથી. તેથી, આ મુદ્દે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ નહીં પરંતુ કેપ્ટન ગિલ જવાબદાર રહેશે. ખરેખર, વર્ષ ૨૦૨૩ માં બીસીસીઆઈએ એડિડાસ સાથે હાથ મિલાવ્યા હતા. આ સોદો આગામી ૫ વર્ષ માટે એટલે કે ૨૦૨૮ સુધી કરવામાં આવ્યો હતો. આ પહેલા, નાઈકી ટીમ ઈન્ડિયાનું કિટ સ્પોન્સર હતું. બીસીસીઆઈ અને નાઈકી વચ્ચેનો સોદો ૨૦૨૦માં સમાપ્ત થયો, ત્યારબાદ બાયજૂસ અને એમપીએલ જેવા પ્રાયોજકો પણ બીસીસીઆઈમાં જોડાયા, ત્યારબાદ ૨૦૨૩માં બીસીસીઆઈ એડીડાસ વચ્ચે ૨૫૦ કરોડથી વધુનો સોદો થયો, જે હજુ પણ અકબંધ છે. બર્મિંગહામ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયા મજબૂત સ્થિતિમાં છે. આ મેચમાં ભારતે ઈંગ્લેન્ડને ૬૦૮ રનનો લક્ષ્યાંક આપ્યો છે. છેલ્લા દિવસે, ઈંગ્લેન્ડ પાસે ૭ વિકેટ બાકી છે અને તેમને ૫૩૬ રન બનાવવાના છે. ભારતે પ્રથમ ઈનિંગમાં ૫૮૭ રન બનાવ્યા હતા. પછી તેણે ઈંગ્લેન્ડને ૪૦૭ રનમાં ઓલઆઉટ કરી દીધું. તેને ૧૮૦ રનની લીડ મળી. આ પછી ટીમે ૪૨૭ રન બનાવ્યા અને ઈંગ્લેન્ડને ૬૦૮ રનનો પર્વતીય લક્ષ્યાંક આપ્યો. આ મેચમાં ગિલે ૪૩૦ રન બનાવ્યા હતા.

ટી૨૦ આંતરરાષ્ટ્રીય અને વનડે શ્રેણી રમવા માટે ઇંગ્લેન્ડના પ્રવાસ વેળા

# લંડનના ઈન્ડિયા હાઉસ ખાતે ભારતીય મહિલા ક્રિકેટ ટીમનું ભવ્ય સ્વાગત કરાયું

લંડન,તા.૬

ટી૨૦ આંતરરાષ્ટ્રીય અને વનડે શ્રેણી રમવા માટે ઈંગ્લેન્ડના પ્રવાસે ગયેલી ભારતીય મહિલા ક્રિકેટ ટીમનું અહીં ઈન્ડિયા હાઉસ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. શનિવારે સાંજે ભારતીય હાઈ કમિશનના પરિસરમાં આયોજિત સમારોહમાં હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમ અને મુખ્ય કોચ અમોલ મઝુમદારની આગેવાની હેઠળના સપોર્ટ સ્ટાફે હાજરી આપી હતી. યુકેમાં ભારતીય હાઈ કમિશનર વિક્રમ દોરાઈસ્વામીએ તેમનું સ્વાગત કર્યું. આ પ્રસંગે બોલતા, દોરાઈસ્વામીએ કહ્યું, 'તેમણે જે કર્યું છે તે રમતગમતમાં ક્રાંતિ લાવવાનું છે અને તે ભારતમાં દરેક બાબતમાં ભાગીદારીના વિચારમાં ક્રાંતિ લાવવાનું છે.' ટીમને સંબોધતા તેણીએ કહ્યું, 'એવું કંઈ



નથી જે ભારતની યુવતીઓ વિચારે છે કે તેઓ કરી શકતી નથી, કારણ કે તમે અને જૂની પેઢીના ક્રિકેટરોએ તે કરી બતાવ્યું છે.' તમારી પાસે જાદુ છે અને તમે મેદાન પર જ્યાં પણ રમો છો ત્યાં તે અમારી સાથે શેર કરો છો, જેના માટે અમે ખૂબ આભારી છીએ. દોરાસ્વામીએ કહ્યું, 'જ્યારે તમે અમારી ક્રિકેટ ટીમ, અમારી હોકી ટીમ અથવા અમારી કોઈપણ રમત ટીમ જુઓ છો, ત્યારે તેઓ ભારતની શ્રેષ્ઠ ટીમનું પ્રતિનિધિત્વ કરે છે.' આ ફક્ત આપણી શ્રેષ્ઠ ખેલાડીઓ નથી, પરંતુ આ એવી છોકરીઓ છે જે આપણા દેશના ખૂણે ખૂણેથી ભારતનું પ્રતિનિધિત્વ કરે છે. ઓલરાઉન્ડર જેમીમા રોડ્રિગ્સે ફિલ્મ શોલેનું "યે દોસ્તી હમ નહીં તોડેંગે" ગાઈને દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા, જ્યારે ઉપ-કપ્તાન સ્મૃતિ મંધાનાએ લોકોને શ્રેણીની બાકીની મેચો જોવા માટે સ્ટેડિયમમાં આવવા વિનંતી કરી.

વિમ્બલ્ડન ૨૦૨૫: જોકોવિચ, સિનર ચોથા રાઉન્ડમાં, ક્રેજસીકોવા વિમ્બલ્ડનમાંથી બહાર

# નોવાક જોકોવિચ વિમ્બલ્ડનમાં ૧૦૦ મેચ જીતનાર માત્ર ત્રીજો ખેલાડી બન્યો, ફેડરર અને નવરાતિલોવા આગળ છે

## મનાઉરે ડેનમાર્કના ઓગસ્ટ હોલ્મગ્રેનને સીધા સેટમાં હરાવીને ચોથા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે

સાત વખતના ચેમ્પિયન નોવાક જોકોવિચે પોતાના દેશબંધુ મિઓમીર કેકમાનોવિચને હરાવ્યો અને ઈટાલીના જેનિક સિનરે પેડ્રો માર્ટિનેઝને હરાવીને વિમ્બલ્ડન મેન્સ સિંગલ્સના ચોથા રાઉન્ડમાં પ્રવેશ કર્યો.

શનિવારે રમાયેલી પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં સર્બિયન દિગ્ગજ નોવાક જોકોવિચે કેકમાનોવિચને ૬-૩, ૬-૦, ૬-૪ થી હરાવીને પોતાની ૧૦૦મી જીત નોંધાવી. આ સાથે જોકોવિચ માર્ટિના નવરાતિલોવા અને રોજર ફેડરરના ક્લબમાં જોડાયો જેમણે આ સિદ્ધિ મેળવી છે.

આગામી રાઉન્ડમાં જોકોવિચનો મુકાબલો ઓસ્ટ્રેલિયાના એલેક્સ ડી મિનાઉર સામે થશે. મિનાઉરે ડેનમાર્કના ઓગસ્ટ હોલ્મગ્રેનને સીધા સેટમાં હરાવીને ચોથા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે. અન્ય એક મેચમાં, વિશ્વના નંબર વન ખેલાડી સિનરે પોતાનું શાનદાર



પ્રદર્શન ચાલુ રાખ્યું અને સ્પેનના પેડ્રો માર્ટિનેઝને માત્ર એક કલાક અને ૫૫ મિનિટમાં ૬-૧, ૬-૩, ૬-૧ થી હરાવ્યું. ઈટાલીના અનુભવી ખેલાડી સિનર અત્યાર સુધી ટુર્નામેન્ટમાં એક પણ સેટ ગુમાવ્યો નથી. આગામી રાઉન્ડમાં, તેનો સામનો હવે ૧૯મા ક્રમાંકિત ગ્રિગોર દિમિત્રોવ સામે થશે. દિમિત્રોવે સેબેસ્ટિયન ઓફનરને હરાવ્યો.

દસમા ક્રમાંકિત યુનાઈટેડ સ્ટેટ્સના બેન શેલ્ટને આ વર્ષની ઈવેન્ટમાં પોતાનો સંપૂર્ણ રેકોર્ડ જાળવી રાખ્યો હતો, જેમાં તેણે હંગેરીના માર્ટન ફુકસોવિક્સને ૬-૩, ૭-૬ (૪), ૬-૨ થી હરાવીને આગામી રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો જ્યાં તેનો સામનો ઈટાલીના લોરેન્ઝો સોનેગો સામે થશે.દિવસના અન્ય એક મેચમાં, ૨૦૧૪ યુએસ ઓપન ચેમ્પિયન ક્રોએશિયાના મારિન સિલિકે સ્પેનના જૌમે મુનારને ૬-૩, ૩-૬, ૬-૨, ૬-૪ થી હરાવ્યો. આગામી રાઉન્ડમાં તેનો સામનો ઈટાલીના ફ્લેવિયો કોબોલી સામે થશે. મહિલા વર્ગમાં, પોલેન્ડની આઠમી ક્રમાંકિત ઈગા સ્વિયાટેકે રોમમાં અમેરિકન ડેનિયલ કોલિન્સ સામેની પોતાની હારનો બદલો ૬-૨, ૬-૩ થી જીત મેળવી.

ટેસ્ટના ત્રીજા દિવસની શરૂઆત ઓસ્ટ્રેલિયાએ ૧૨ રનના સ્કોરથી ૨ વિકેટ ગુમાવીને કરી હતી

# ગ્રેનાડા ટેસ્ટના ત્રીજા દિવસે ગ્રીન અને સ્મિથની અડધી સદી : AUSની WI પર 254 રનની લીડ

ગ્રેનાડા,તા.૬

વેસ્ટ ઈન્ડિઝ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચની ટેસ્ટ શ્રેણીની બીજી મેચ ગ્રેનાડાના નેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે, જ્યાં મેચના ત્રીજા દિવસના અંત સુધીમાં ઓસ્ટ્રેલિયાએ તેની બીજી ઈનિંગમાં ૬૪.૩ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૨૨૧ રન બનાવ્યા છે. આ સાથે, ઓસ્ટ્રેલિયાએ હવે યજમાન ટીમ પર કુલ ૨૫૪ રનની લીડ મેળવી લીધી છે. ગ્રેનાડા ટેસ્ટના ત્રીજા દિવસની શરૂઆત ઓસ્ટ્રેલિયાએ ૧૨ રનના સ્કોરથી ૨ વિકેટ ગુમાવીને કરી હતી, ત્યારબાદ કેમેરોન ગ્રીન અને સ્ટીવ સ્મિથે ટીમ માટે શાનદાર અડધી




સદીની ઈનિંગ્સ રમી હતી. આ બંને ખેલાડીઓ વચ્ચે ચોથી વિકેટ માટે ૯૩ રનની ભાગીદારી થઈ હતી, જે ઈનિંગ્સની ૩૯.૫મી ઓવરમાં કેમેરોન ગ્રીનના આઉટ સાથે તૂટી ગઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી નંબર-૩ પર બેટિંગ કરી રહેલા ગ્રીને ૧૨૩ બોલમાં ૫ ચોગ્ગાની મદદથી ૫૨ રન બનાવ્યા. જો આપણે સ્ટીવ સ્મિથની વાત કરીએ તો, તેણે ૧૧૯ બોલનો સામનો કર્યો અને ૭ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૭૧ રન બનાવ્યા. આ ઉપરાંત, ટ્રેવિસ હેડે ૬૦ બોલમાં ૩૯ રન બનાવીને ટીમ માટે સારું યોગદાન આપ્યું અને એલેક્સ કેરી ૨૭ બોલમાં ૨૬ રન બનાવીને અણનમ રહ્યા. ઉલ્લેખનીય છે કે, વેસ્ટ ઈન્ડિઝ તરફથી જેડેન સીલ્સે ૧૬ ઓવરમાં ૨૯ રન આપીને ૨ વિકેટ, શમાર જોસેફે ૧૨.૩ ઓવરમાં ૫૪ રન આપીને ૨ વિકેટ, જસ્ટિન ગ્રીવ્સે ૯ ઓવરમાં ૨૨ રન આપીને ૨ વિકેટ અને અલ્ઝારી જોસેફે ૧૩ ઓવરમાં ૪૨ રન આપીને ૧ વિકેટ લીધી હતી. આ ઉપરાંત, એ પણ જાણી લો કે આ પહેલા ઓસ્ટ્રેલિયાએ પોતાની પહેલી ઈનિંગમાં ૨૮૬ રન બનાવ્યા હતા અને વેસ્ટ ઈન્ડીઝે ૨૫૩ રન બનાવ્યા હતા.

રન જ નહીં સાથી ખેલાડીઓ સાથે મહત્વપૂર્ણ ભાગીદારી પણ કરી

# શુભમન વિદેશમાં ટેસ્ટ શ્રેણીમાં ૩૦૦થી વધુ રન બનાવનાર પ્રથમ ભારતીય કેપ્ટન

એજબેસ્ટન,તા.૬

શુભમન ગિલે આખરે એ જ કર્યું જે દરેક ભારતીય ચાહક તેની પાસેથી અપેક્ષા રાખતા હતા. ગિલે ઈંગ્લેન્ડમાં પોતાનું શાનદાર ફોર્મ ચાલુ રાખ્યું અને એજબેસ્ટન ટેસ્ટમાં બેવડી સદી ફટકારી. લીડ્સ ટેસ્ટમાં શુભમન ગિલે કેપ્ટન તરીકે પોતાની પહેલી ઈનિંગમાં સદી ફટકારી હતી અને હવે તેણે બીજી ટેસ્ટમાં બેવડી સદી ફટકારી છે. આ બેવડી સદી સાથે તેણે ઘણા રેકોર્ડ તોડી નાખ્યા.

ગિલે કયા કયા પરાક્રમો કર્યા છે.ભમન ગિલે બેવડી સદી ફટકારીને રેકોર્ડ તોડ્યા છે શુભમન ગિલે એજબેસ્ટનમાં બેવડી સદી ફટકારીને ઈતિહાસ રચ્યો. તે ઈંગ્લેન્ડમાં બેવડી સદી ફટકારનાર પ્રથમ ભારતીય કેપ્ટન છે. શુભમન ગિલે પોતાના ટેસ્ટ કરિયરમાં પહેલીવાર બેવડી સદી ફટકારી છે. શુભમન ગિલ ઈંગ્લેન્ડમાં બેવડી સદી ફટકારનાર સૌથી યુવા ભારતીય ખેલાડી છે. શુભમન ગિલ એજબેસ્ટનમાં બેવડી સદી ફટકારનાર પ્રથમ ભારતીય બન્યો છે. શુભમન ગિલ ઈંગ્લેન્ડમાં બેવડી સદી ફટકારનાર ત્રીજો ભારતીય છે. તેની પહેલા ગાવસ્કર અને દ્રવિડે આ સિદ્ધિ મેળવી છે. શુભમન ગિલ ઈંગ્લેન્ડમાં સૌથી મોટી ઈનિંગ્સ રમનાર ભારતીય બન્યો, તેણે ગાવસ્કરનો ૨૨૧ રનનો રેકોર્ડ તોડ્યો. ૬ વર્ષ પછી કોઈ ભારતીય કેપ્ટને ટેસ્ટમાં બેવડી સદી ફટકારી. શુભમન ગિલ ૨૫ વર્ષની ઉંમર સુધી વિદેશમાં ટેસ્ટ શ્રેણીમાં ૩૦૦ થી વધુ રન બનાવનાર પ્રથમ ભારતીય કેપ્ટન છે.

શુભમન ગિલે પોતાની કારકિર્દીમાં ઘણી મોટી ઈનિંગ્સ રમી છે પરંતુ એજબેસ્ટન ટેસ્ટમાં તેની બેવડી સદી શ્રેષ્ઠ ઈનિંગ્સમાંની એક હશે. શુભમન ગિલે આ ઈનિંગ્સમાં ખૂબ ઓછા ખરાબ શોટ રમ્યા. તેણે માત્ર પોતાના રન જ નહીં પરંતુ તેના સાથી ખેલાડીઓ સાથે મહત્વપૂર્ણ ભાગીદારી પણ કરી. કરુણ નાયર અને ઋષભ પંત સાથે તેની ભાગીદારી પચાસથી વધુ હતી પરંતુ રવિન્દ્ર જાડેજા સાથે મળીને તેણે ૨૦૦ થી વધુ રન ઉમેર્યા, જેના કારણે ભારતીય ટીમ ૫૦૦ નો સ્કોર પાર કરવામાં સફળ રહી.

શુભમન ગિલ જ્યારે ઈંગ્લેન્ડ પ્રવાસ પર આવ્યો ત્યારે તેના ટીકાકારો કહી રહ્યા હતા કે આ ખેલાડીએ વિદેશી ધરતી પર એક પણ સદી ફટકારી નથી, પરંતુ ગિલે લીડ્સમાં સદી ફટકારીને ટીકાકારોને ચૂપ કરી દીધા છે.

ભારતના ૯ વિકેટે ૩૬૩ રનના સ્કોરમાં સૂર્યવંશી અને વિહાન મલ્હોત્રાએ સદી ફટકારી હતી

# વૈભવની યુવા વનડેમાં ઝડપી સદીથી ભારતે શ્રેણી જીતી

## સૂર્યવંશી માટે સૌથી નાની ઉંમરે વનડે સદી ફટકારવાનો માર્ગ મોકળો : ભારત પાંચ મેચની શ્રેણીની આજે અંતિમ મેચ રમશે

લંડન,તા.૬

ભારત અંડર-૧૯ એ ૯ વિકેટે ૩૬૩ રન (સૂર્યવંશી ૧૪૩, મલ્હોત્રા ૧૨૯, હોમ ૪-૬૩, મોર્ગન ૩-૫૪) ને ઈંગ્લેન્ડ અંડર-૧૯ને હરાવ્યું ૩૦૮ (ફ્લિન્ટોફ ૧૦૭, ડોકિન્સ ૬૭, મૂર્સ ૫૨, પુષ્પારક ૩-૬૩) ૫૫ રનથી ૧૪ વર્ષીય વૈભવ સૂર્યવંશીએ ૫૨ બોલમાં સૌથી ઝડપી યુવા વનડે સદી ફટકારી, જેના કારણે ભારત અંડર-૧૯ એ ઈંગ્લેન્ડ અંડર-૧૯ને ૫૫ રનથી હરાવ્યું અને શ્રેણી જીતી લીધી. ભારતના ૯ વિકેટે ૩૬૩ રનના સ્કોરમાં બે સદીનો સમાવેશ થાય છે. સૂર્યવંશીએ ૭૮ બોલમાં ૧૪૩ રન બનાવ્યા જ્યારે વિહાન મલ્હોત્રાએ ૧૨૧ બોલમાં ૧૨૯ રન બનાવ્યા. આ જોડીએ ૨૪ ઓવરમાં બીજી વિકેટ માટે ૨૧૯




રન ઉમેર્યા. એક સમયે, ભારતનો સ્કોર ૨૭ ઓવરમાં ૨૩૩/૧ હતો અને તેઓ ૪૦૦થ રનની અપેક્ષા રાખી રહ્યા હતા પરંતુ ઈંગ્લેન્ડે વાપસી કરી, જેક હોમે ૪/૬૩ અને સેબેસ્ટિયન મોર્ગને ૩/૫૪ વિકેટ લીધી. જવાબમાં, બેન ડોકિન્સના ૫૮ બોલમાં ૬૭ અને જો મૂર્સના ૪૧ બોલમાં ૫૨ રનની મદદથી પ્રથમ વિકેટ માટે ૧૦૪ રનની ભાગીદારી છતાં ઈંગ્લેન્ડ ૪૫.૨ ઓવરમાં ૩૦૮ રનમાં ઓલઆઉટ થઈ ગયું. રોકી ફ્લિન્ટોફે ૯૧ બોલમાં ૧૦૭ રન બનાવ્યા પરંતુ તેમને અન્ય બેટ્સમેન તરફથી કોઈ સહયોગ મળ્યો નહીં. આ જીત સાથે ભારતે પાંચ મેચની શ્રેણીમાં ૩-૧થી લીડ મેળવી લીધી છે અને હવે તેઓ સોમવારે પાંચમી મેચ રમશે. ઈંગ્લેન્ડે પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો અને તેમને આયુષ મ્હાત્રેના રૂપમાં પહેલી સફળતા મળી. આનાથી સૂર્યવંશી માટે સૌથી નાની ઉંમરે વનડે સદી ફટકારવાનો માર્ગ મોકળો થયો, તેણે ૧૩ ચોગ્ગા અને દસ છગ્ગા ફટકાર્યા. તેની યાદગાર ઈનિંગ્સમાં કોઈ ઝંઝટ નહોતી, ફક્ત પાવર, ટાઈમિંગ અને પ્લેસમેન્ટનું શાનદાર મિશ્રણ હતું. સૂર્યવંશી અને મલ્હોત્રા સંપૂર્ણ ફોર્મમાં હોવાથી, ભારત ૪૦૦ રનને પાર કરવા માટે તૈયાર દેખાતું હતું પરંતુ ઈંગ્લેન્ડે વળતો પ્રહાર કર્યો અને ૧૧ બોલમાં એક રન આપીને ત્રણ વિકેટ ઝડપી. બેન મેયસે સૂર્યવંશીને ઊંડાણમાં કેચ કરાવીને મહત્વપૂર્ણ સફળતા મેળવી. આ ઓવર વિકેટ મેઈડન હતી, ત્યારબાદ મોર્ગને આગામી ઓવરમાં રાહુલ કુમાર અને હરવંશ પંગાલિયાને સતત બોલ પર બોલ્ડ કરીને આ સિદ્ધિ હાંસલ કરી. અભિજ્ઞાન કુંડુએ ૧૩ ઓવરમાં ૯૩ રનની ભાગીદારી કરીને મલ્હોત્રાને ઈનિંગ્સને પુનર્જીવિત કરવામાં મદદ કરી, પરંતુ તેના ઘરઆંગણે તેના પહેલા સ્પેલમાં કેટલાક દબાણનો સામનો કર્યા બાદ, હોમે ત્રણ ઓવરમાં ચાર વિકેટ લીધી અને ઈનિંગ્સના અંત તરફ રન રેટ પર બ્રેક લગાવ્યો. ઈંગ્લેન્ડે પણ જોરદાર જવાબ આપ્યો, જ્યાં મૂર્સ અને ડોકિન્સે ૧૪ ઓવરમાં ૧૦૪ રન ઉમેર્યા, પરંતુ નમન પુષ્પિકે બે બોલમાં બે વિકેટ લઈને ભારતને વાપસી અપાવી હતી.

અજબ ગજબ

કપડાંથી લઈને સૂર્ય અને ગરમ હવાને રોકવા માટે વિવિધ ઉપાયો સુધી, ઘરને ઠંડુ રાખવાના પ્રયાસો પણ કરવામાં આવે છે

# ગરમીથી બચવા લોકોએ જમીન નીચે ભૂગર્ભ ઘરો બનાવ્યા!



લોકો ભારે હવામાનથી બચવા માટે ઘણા ઉપાયો કરી શકે છે. પરંતુ દરેક વ્યક્તિ માટે બધા ઉપાયો અપનાવવા શક્ય નથી. પરંતુ ગરીબ લોકો પણ ઓછા ઉપાયો અપનાવે છે. કપડાંથી લઈને સૂર્ય અને ગરમ હવાને રોકવા માટે વિવિધ ઉપાયો સુધી, ઘરને ઠંડુ રાખવાના પ્રયાસો પણ કરવામાં આવે છે, પરંતુ ઓસ્ટ્રેલિયાનું કૂબર પેડી એક અનોખું શહેર છે. અહીં લોકો ૫૫ ડિગ્રી સેલ્સિયસની ગરમીથી બચવા માટે ભૂગર્ભમાં રહે છે. ૩૮ વર્ષની એક મહિલાએ જણાવ્યું છે કે તેનો પરિવાર ભૂગર્ભમાં રહીને પણ કેવી રીતે ખુશ છે.

સબરીના ટ્રોઈસી મૂળ જર્મનીની છે. હવે તે કૂબર પેડીમાં રહે છે. તેના પરિવારમાં તેના પતિ નિક, ૧૪ વર્ષનો પુત્ર થોમસ, ૧૪ વર્ષની



પુત્રી લીયા અને ૧૩ વર્ષની પુત્રીનો સમાવેશ થાય છે. તેમના ઘરની કિંમત ૨૭૭,૦૦૦ એટલે કે ૨ કરોડ ૩૭ લાખ રૂપિયા છે. તે એક ટેકરીની અંદર બનેલ છે. અને ટેકરીની સપાટીથી ચાર મીટર નીચે છે. તેમાં બે લિવિંગ રૂમ, બે બાથરૂમ અને એક સ્વિમિંગ પુલ છે. ઘરમાં એક ઈન્ડોર અને આઉટડોર સ્પા પણ છે. સબરીનાની ઓફિસ વધુ નીચે છે. સબરીના ઓફિસ મેનેજર છે. તે ઉમૂના ઓપલ માઈન અને મ્યુઝિયમમાં કામ કરે છે.

કૂબર પેડીમાં ૧,૬૦૦ લોકો રહે છે. ૬૦% લોકો ભૂગર્ભમાં રહે છે. ભૂગર્ભમાં બનેલા ઘરોને ડગઆઉટ કહેવામાં આવે છે. આ રેતીના પથ્થરોથી બનેલા છે. સબરીના જર્મનીમાં બાળ સંભાળ શિક્ષક હતી. ઓસ્ટ્રેલિયામાં એક ગેપ વર્ષ દરમિયાન તે નિકને મળી હતી. નિક તેનો ટૂર ગાઈડ હતો. બંને પ્રેમમાં પડ્યા. તેઓ ૨૦૧૩માં કૂબર પેડીમાં સ્થાયી થયા. સબરીનાએ કહ્યું, "અમારા મિત્રો અહીં હતા. અમને અહીંનું વાતાવરણ ગમ્યું."

ભૂગર્ભમાં રહેવું સસ્તું છે. એડિલેડમાં સરેરાશ ઘરની કિંમત $૩૮૨,૦૦૦ અથવા રૂ. ૪.૪૬ કરોડ છે. સબરીનાએ કહ્યું, "અહીં તેનો ખર્ચ ઓછો છે. ગરમી અને ઠંડકની જરૂર નથી." ઘર બનાવવામાં સમય લાગે છે. કેટલાક ઘરો બે મહિનામાં બને છે. સબરીનાએ કહ્યું, "મેં ૧૦ વર્ષથી લોકોને ખોદકામ કરતા જોયા છે." ભૂગર્ભમાં રહેવાનો ફાયદો શાંતિ છે. સબરીનાએ કહ્યું, "બહારનો કોઈ અવાજ નથી." તેણીએ કહ્યું, "રાત્રે સંપૂર્ણપણે અંધારું અને શાંત હોય છે. હું સારી રીતે સૂઉં છું."

સબરીના કૂબર પેડીની શાંતિથી એટલી ટેવાયેલી છે કે શહેરની ધમાલ તેને કંટાળી જાય છે. "હું રજાઓ દરમિયાન એડિલેડની ભીડથી કંટાળી જાઉં છું, તેણીએ કહ્યું. પરંતુ ધૂળ અને જાળવણી એક સમસ્યા છે. જો તમે દિવાલોને સીલ ન કરો તો, ધૂળ અંદર આવે છે, સબરીનાએ કહ્યું. સબરીના અને તેનો પરિવાર સૂર્ય અને હવાનો આનંદ માણે છે. તેમના માટે સૂર્યમાં ૧૦ મિનિટ પૂરતી છે.

તેના બાળકો જમીન ઉપરના જીવનને ભૂલી ગયા છે. જો તમે હોટલમાં રહો છો, તો તમને દરેક અવાજ સંભળાય છે, સબરીનાએ કહ્યું. કૂબર પેડી ખૂબ દૂર છે. નજીકનું શહેર ૪૦૦ માઈલ દૂર છે. પરંતુ અહીંના લોકો એકબીજાને મદદ કરે છે.

### વિશ્વ વેપાર સંગઠનમાં ભારતનું પગલું એક કાનૂની પ્રક્રિયા, વેપારકરાર પર કોઈ અસર નહીં પડે

# ભારત-અમેરિકા વચ્ચે વેપારકરારનો પ્રયાસ

### ટ્રમ્પની નવી ટેરિફ વ્યૂહરચના અને ૯ જુલાઈની સમયમર્યાદા પરિસ્થિતિને જટિલ બનાવશે

નવી દિલ્હી, તા.૬

ભારત-અમેરિકા BTA: વિશ્વ વેપાર સંગઠનમાં ભારતનું પગલું એક કાનૂની પ્રક્રિયા છે અને તેની અમેરિકા સાથેના વેપાર કરાર પર કોઈ નકારાત્મક અસર પડશે નહીં. જોકે, ટ્રમ્પની નવી ટેરિફ વ્યૂહરચના અને ૯ જુલાઈની સમયમર્યાદા પરિસ્થિતિને જટિલ બનાવી શકે છે.



ભારતે અમેરિકા દ્વારા ભારતીય ઓટો પાર્ટ્સ પર ટેરિફ લાદવા સામે વિશ્વ વેપાર સંગઠન (WTO) માં બદલો લેવા માટે ટેરિફ લાદવાનો અધિકાર અનામત રાખ્યો છે. પરંતુ એક સરકારી અધિકારીએ સ્પષ્ટતા કરી છે કે આ એક પ્રક્રિયાગત પગલું છે અને તેની ભારત-અમેરિકા વેપાર કરાર (BTA) પર કોઈ અસર થશે નહીં. ટેરિફ લાદવાનો પ્રસ્તાવ મૂક્યો છે. અમેરિકાએ ૨૬ માર્ચ, ૨૦૨૫ ના રોજ 'સુરક્ષા પગલાં' હેઠળ ભારત સહિત અનેક દેશોમાંથી આવતા ઓટોમોબાઇલ્સ અને ઓટો પાર્ટ્સ પર ૨૫% ટેરિફ લાદ્યો હતો. ભારતે WTO ના સેફગાર્ડ કરાર હેઠળ આને પડકાર્યો હતો. ભારતે અગાઉ આ મુદ્દા પર અમેરિકા સાથે વાટાઘાટો કરી હતી, અને હવે ૩૦ દિવસની વાટાઘાટોની સમયમર્યાદા પૂર્ણ થયા પછી, ભારત WTO ને જાણ કરી છે કે તે કેટલાક યુએસ ઉત્પાદનો પર ટેરિફ વધારવાનો અધિકાર રાખે છે.

આ સૂચનાનો અર્થ એ નથી કે ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી વેપાર કરારની વાટાઘાટો બંધ થઈ જશે. અધિકારીએ કહ્યું કે આ WTO પ્રક્રિયાનો એક ભાગ છે અને તેની ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) પર કોઈ અસર પડશે નહીં. ભારત અને અમેરિકા સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૨૫ સુધીમાં આ કરારનો પ્રથમ તબક્કો પૂર્ણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ કરારનો ધ્યેય ૨૦૩૦ સુધીમાં પરસ્પર વેપારને વર્તમાન $191 બિલિયનથી વધારીને $500 બિલિયન કરવાનો છે.

દરમિયાન, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે જણાવ્યું હતું કે તેમણે ૧૦-૧૨ દેશોને નવા ટેરિફ લાદવાની સૂચના આપતા પત્રો પર હસ્તાક્ષર કર્યા છે, જે સોમવારે મોકલવામાં આવશે. ભારત-અમેરિકા વાટાઘાટોમાં આ એક નવો પડકાર બની શકે છે. ભારત અને અમેરિકા ૯ જુલાઈ પહેલા વચગાળાના વેપાર કરાર પર પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે, કારણ કે ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફ પર ૯૦ દિવસની કામચલાઉ મુક્તિની આ છેલ્લી તારીખ છે. જોકે, સૂત્રોના જણાવ્યા અનુસાર, તે સ્પષ્ટ નથી કે કરાર નિર્ધારિત સમય પહેલા થશે કે નહીં.

કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે ભારત કોઈ સમયમર્યાદાના દબાણ હેઠળ કોઈ વેપાર કરાર કરતું નથી. ભારત ત્યારે જ કરાર કરશે જ્યારે તે સંપૂર્ણપણે તૈયાર, ન્યાયી અને રાષ્ટ્રીય હિતમાં હોય. તેમણે પુનરોચ્ચાર કર્યો કે મુક્ત વેપાર કરાર (FTA) ત્યારે જ શક્ય છે જ્યારે બંને દેશોને સમાન રીતે ફાયદો થાય - એટલે કે, તે જીત-જીતનો સોદો હોવો જોઈએ. ટ્રમ્પની નવી ટેરિફ વ્યૂહરચના અને ૯ જુલાઈની સમયમર્યાદા પરિસ્થિતિને જટિલ બનાવી શકે છે.

### વેપારીઓએ કહ્યું કે UPI તેમની પસંદગીની ચૂકવણી પદ્ધતિ

# દેશના નાના વેપારીઓ સ્માર્ટ ફોન દ્વારા UPI થકી વ્યવહાર કરી રહ્યા છે

નવી દિલ્હી, તા.૬




PayNearbyના એક અહેવાલ મુજબ, દેશના ૪૮% નાના વેપારીઓએ કહ્યું કે UPI તેમની પસંદગીની ચુકવણી પદ્ધતિ છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ૪૨% મહિલાઓ પણ આધાર બેંકિંગ પસંદ કરી રહી છે. ૭૧% વેપારીઓ સ્માર્ટફોન દ્વારા વ્યવસાય કરી રહ્યા છે, જેના કારણે તેમને ૭૩% નફો થયો છે.

દેશમાં નાના વ્યવસાયો (MSMEs) ઝડપથી ડિજિટલ વ્યવહારો અપનાવી રહ્યા છે. Pay Nearby મુજબ, દેશના લગભગ ૪૮% નાના વ્યવસાયોએ કહ્યું છે કે UPI એ સૌથી પસંદગીની ચુકવણી પદ્ધતિ છે. આ પછી, ૩૯% લોકોએ આધાર આધારિત બેંકિંગ પસંદ કર્યું. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે મહિલા ઉદ્યોગપતિઓમાં આધાર બેંકિંગની પસંદગી ૪૨% સુધી પહોંચી ગઈ છે. આ ઉપરાંત, ફિંગરપ્રિન્ટ અને ફેસ ઓથેન્ટિકેશન જેવી સુરક્ષિત ટેકનોલોજીમાં વધતો વિશ્વાસ હોવાનું કહેવાય છે. સર્વેમાં સામેલ ૭૧% લોકોએ કહ્યું કે સ્માર્ટફોન તેમનું મુખ્ય વ્યવસાય સાધન છે. મહિલાઓમાં આ આંકડો ૮૪% સુધી પહોંચે છે. રિપોર્ટ મુજબ, દર ત્રણમાંથી એક ઉદ્યોગપતિએ કહ્યું કે ડિજિટલ સાધનો અપનાવવાથી તેમના કામમાં સુધારો થયો છે. તે જ સમયે ૭૩% નાના ઉદ્યોગપતિઓએ આવકમાં વધારો અથવા કામમાં સુધારો અનુભવ્યો. જોકે આ સંખ્યા હજુ પણ ઓછી છે, પરંતુ ૭% ઉદ્યોગપતિઓએ AI અને ઈન્વેન્ટરી એપ્લિકેશન્સ, બિલિંગ સિસ્ટમ્સ અને ગ્રાહક જોડાણ પ્લેટફોર્મ જેવા સ્વચાલિત સાધનોનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે.

### ફુગાવા અંગે મિશ્ર ચિત્ર ઊભર્યું

# જૂનમાં અનાજ સસ્તો, પરંતુ દૂધ અને તેલના ફુગાવાથી આર્થિક બોજ વધ્યો



નવી દિલ્હી, તા.૬

જૂન ૨૦૨૫ માં વૈશ્વિક ખાદ્ય ફુગાવા અંગે મિશ્ર ચિત્ર ઉભરી આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝેશન (FAO)ના તાજેતરના અહેવાલ મુજબ, અનાજ અને ખાંડ જેવી મૂળભૂત ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો થવાથી ગ્રાહકોને થોડી રાહત મળી છે, પરંતુ દૂધ, વનસ્પતિ તેલ અને માંસ જેવા આવશ્યક ઉત્પાદનોના વધતા ભાવે થાળી મોંઘી બનાવી દીધી છે. દરમિયાન, વૈશ્વિક સ્તરે અનાજનું ઉત્પાદન રેકોર્ડ સ્તરે પહોંચવાની ધારણા છે, પરંતુ ગરમી અને દુષ્કાળ જેવા આબોહવા જોખમોએ ભવિષ્ય અંગે ચિંતાઓ વધારી છે. FAO ફૂડ પ્રાઇસ ઈન્ડેક્સ અનુસાર, જૂનમાં ખાદ્યપદાર્થોના ભાવમાં એકંદરે ૦.૫%નો વધારો થયો છે, જેનાથી સૂચકાંક ૧૨૮ પોઈન્ટ પર પહોંચી ગયો છે. જોકે આ વધારો નજીવો છે, તે હજુ પણ માર્ચ ૨૦૨૨ ની ટોચથી ૨૦.૧% નીચે છે. જૂનમાં અનાજ અને ખાંડના ભાવમાં ઘટાડો થયો હતો, પરંતુ ડેરી, માંસ અને તેલમાં ફુગાવાને કારણે ફુગાવો ઉપર ગયો હતો. જૂનમાં અનાજ ભાવ સૂચકાંક ૧૦૭.૪ પોઈન્ટ નોંધાયો હતો, જે મે કરતા ૧.૫% ઓછો છે. મકાઈ, જવ અને જુવારના ભાવમાં ઘટાડો આર્જેન્ટિના અને બ્રાઝિલ જેવા ઉત્પાદક દેશોના પુરવઠાને કારણે થયો હતો. જોકે, યુરોપ, રશિયા અને અમેરિકામાં ખરાબ હવામાનના ભયથી ભાવમાં વધારો થતાં ઘઉં મોંઘા થયા હતા. FAOનો અંદાજ છે કે ૨૦૨૫માં વૈશ્વિક અનાજનું ઉત્પાદન ૨૯૨.૫ કરોડ ટન સુધી પહોંચી શકે છે, જે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો હશે.

જૂન મહિનામાં વનસ્પતિ તેલનો ભાવ સૂચકાંક ૨.૩% વધીને ૧૫૫.૭ પોઈન્ટ થયો. પામ, સોયા અને રેપસીડ તેલના ભાવ વધ્યા, જ્યારે સૂર્યમુખી તેલ સસ્તું થયું. વૈશ્વિક માંગ મજબૂત રહેવાને કારણે પામ તેલના ભાવમાં લગભગ ૫%નો વધારો થયો. તે જ સમયે, યુએસ અને બ્રાઝિલમાં બાયોફ્યુઅલ માંગને કારણે સોયા તેલના ભાવમાં વધારો થયો. વૈશ્વિક પુરવઠાની ચિંતાઓને કારણે રેપસીડ તેલના ભાવમાં પણ વધારો થયો.

# ભારતની કુલ દવા પૈકી ૩૪.૫૧ ટકા અમેરિકા મોકલવામાં આવે છે

મુંબઈ,તા.૬

ગત માર્ચમાં ભારતથી અમેરિકામાં દવાની નિકાસ વાર્ષિક ધોરણે ૭૩.૯૯ ટકા વધીને ૧.૫૬૧ બિલિયન ડોલર થઈ છે. તે જ સમયે, માર્ચમાં નિકાસ ફેબ્રુઆરીની તુલનામાં લગભગ ૭૧ ટકા વધી હતી. ફાર્માસ્યુટિકલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (ફાર્મેક્સિલ)ના ડેટા દર્શાવે છે કે આ તેજી એવા સમયે આવી છે જ્યારે સંભવિત યુએસ ટેરિફ પર વાતચીત ચાલી રહી છે. એપ્રિલમાં અમેરિકામાં નિકાસ ૭.૨૭ ટકા ઘટીને ૮,૯૮૩.૪ મિલિયન ડોલર થઈ છે જે એપ્રિલ ૨૦૨૪ માં ૯,૬૮૭.૯ મિલિયન ડોલર હતી. જો કે, મે મહિનામાં નિકાસ સુધરીને ૧૩.૩૪ ટકા વધીને ૮,૧૩૪.૧ મિલિયન ડોલર થઈ હતી. એકંદરે, એપ્રિલ અને મે મહિનામાં અમેરિકામાં નિકાસ ૩ ટકા વધી હતી. ભારતમાંથી આયાત પર ટેરિફ એપ્રિલથી અમલમાં આવવાની અપેક્ષા હતી, પરંતુ નિર્ણય મુલતવી રાખવામાં આવ્યો હતો. ભારત અને અમેરિકાએ હજુ સુધી વચગાળાના વેપાર કરારની જાહેરાત કરી નથી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો હતો કે તેઓ ટૂંક સમયમાં દેશોને ડ્યુટી પત્રો મોકલવાનું શરૂ કરશે. ભારતની દવાના નિકાસના સંદર્ભમાં અમેરિકા સૌથી મોટું બજાર છે. ભારતની કુલ દવા નિકાસમાંથી ૩૪.૫૧ ટકા અમેરિકા મોકલવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ માં, ભારતે યુએસમાં ૧.૦૫૧૫ બિલિયન ડોલરના ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોની નિકાસ કરી છે.

# ભારતીય FMCG ક્ષેત્રની માગમાં ક્વાર્ટર-દર-ક્વાર્ટર સુધારો થયા

નવી દિલ્હી, તા.૬

દૈનિક વપરાશી ચીજવસ્તુ (એફએમસીજી) બનાવતી કંપનીઓએ તેમના પરિણામો પહેલા ત્રિમાસિક અપડેટ્સમાં જણાવ્યું છે કે તેઓએ પાછલા ત્રિમાસિક ગાળાની તુલનામાં વોલ્યુમમાં વધારો અને ગ્રામીણ માંગમાં સતત સુધારો જોયો છે. ભારતીય FMCG ક્ષેત્રની માંગમાં ક્વાર્ટર-દર-ક્વાર્ટર સુધારો થયો છે, ખાસ કરીને શહેરી બજારોમાં વોલ્યુમ વૃદ્ધિમાં વધારો થયો છે. આ ક્ષેત્રની આગેવાન કંપનીએ જણાવ્યું હતું કે, સ્ટેન્ડઅલોન ધોરણે તેનો વોલ્યુમ વૃદ્ધિ મજબૂત સ્પર્ધાત્મક રહી છે અને પાછલા ત્રિમાસિક ગાળાની તુલનામાં સુધારો થઈ રહ્યો છે. તેની એકીકૃત આવક વૃદ્ધિ બે આંકડામાં રહેવાની અપેક્ષા છે, જે ઉચ્ચ સિંગલ અંકોમાં અંતર્ગત વોલ્યુમ વૃદ્ધિ દ્વારા સંચાલિત છે. અન્ય એક કંપનીએ તેના અપડેટમાં માહિતી આપી હતી કે મુખ્ય ફ્રેન્ચાઇઝીમાં સકારાત્મક વલણો અને નવા વ્યવસાય સ્તરોમાં સતત વધારાને કારણે ભારતમાં તેના અંતર્ગત વોલ્યુમ વૃદ્ધિ ત્રિમાસિક ગાળામાં સુધારો કરીને બહુ-ત્રિમાસિક ગાળાના ઉચ્ચ સ્તરે પહોંચી છે.

### આ દાવો ICICI બેંક ગ્લોબલ માર્કેટ્સના રિપોર્ટમાં કરવામાં આવ્યો

# આગામી મહિનાઓમાં સોનાના ભાવમાં વધારો થવાની ધારણા, ભાવ એક લાખ થશે

નવી દિલ્હી, તા.૬

ICICI બેંકના એક અહેવાલ મુજબ, આગામી મહિનાઓમાં સોનાના ભાવમાં વધારો થવાની ધારણા છે. તે સંભવિત રીતે ૯૬,૫૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની વર્તમાન રેન્જથી ૯૮,૫૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી વધીને એક લાખ રૂપિયાના સ્તર તરફ જઈ શકે છે. અહેવાલ મુજબ, જૂનમાં સ્થાનિક સોનાના ભાવમાં ૦.૯ ટકાનો વધારો થયો છે.૨૦૨૫ ના બીજા ભાગમાં ઘરેલુ સોનાનો ભાવ વધીને ૧ લાખ રૂપિયા થવાની ધારણા છે. આ દાવો ICICI બેંક ગ્લોબલ માર્કેટ્સના રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. વૈશ્વિક પરિસ્થિતિથી વિપરીત, જૂનમાં ઘરેલુ સોનાના ભાવમાં ૦.૯ ટકાનો વધારો થયો છે. આનું કારણ રૂપિયામાં ૦.૨ ટકાનો નજીવો ઘટાડો હતો. જથ્થાની દ્રષ્ટિએ, સોનાની આયાત ક્રમિક ધોરણે ઘટી છે. આ સૂચવે છે કે ઊંચા ભાવોના પ્રતિભાવમાં માંગ નબળી પડી રહી છે. મે મહિનામાં ઈર.૫ બિલિયનની સોનાની આયાત નોંધાઈ હતી, જે પાછલા મહિનામાં $3.1 બિલિયન હતી. મે મહિનામાં રોકાણ માંગ મજબૂત રહી. AMFI ના ડેટા દર્શાવે છે કે સતત બે મહિનાના ઉપાડ પછી મે મહિનામાં એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ETFs) માં રૂ. ૨.૯૨ બિલિયનનો ચોખ્ખો પ્રવાહ જોવા મળ્યો હતો. આ સ્થાનિક બજારોમાં પીળી ધાતુ માટે મજબૂત રોકાણ-સંબંધિત માંગ દર્શાવે છે. વૈશ્વિક મોરચે, સોનાના ભાવમાં ધીમે ધીમે ઘટાડો થવા છતાં પીળી ધાતુ માટે રોકાણ માંગ મજબૂત રહી, જે ઈટીએફ ના પ્રવાહ પરથી પણ સ્પષ્ટ થાય છે. સોનામાં SPDR ETF નો પ્રવાહ ૧ જૂન, ૨૦૨૫ ના રોજ ૯૩૦ ટનથી વધીને ૧ જુલાઈ, ૨૦૨૫ ના રોજ ૯૪૮ ટન થયો. તાજેતરના મહિનાઓમાં, સોનાના ભાવમાં તેજી અટકી ગઈ છે, ગયા મહિને ભાવ સ્થિર રહ્યા હતા, જે સુરક્ષિત રોકાણોની માંગમાં ઘટાડો દર્શાવે છે.


**પશ્ચિમ રેલવે-વડોદરા મંડળ**

**પુલ ઉપર વિવિધ રસ્તાઓનું સ્ટીલ માળખું**

**ઇ-ટેન્ડર સૂચના નંબર DYCE-BR-BRC-08-2025-26;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઇન) વડોદરા, પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪ દ્વારા નીચેના કામો માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. **ક્રમ નં. (૧) ટેન્ડર ક્રમાંક: DYCE-BR-BRC-08-2025-26, કાર્યનું નામ:** "**રતલામ વિભાગ:** વિવિધ રોડ ઓવર બ્રિજ (૨૦ નંગ) ના સ્ટીલ સ્ટ્રક્ચરનું શેડ્યૂલ પેઇન્ટિંગ અને ગર્ડર બ્રિજ 226UP/DN, 29AUP, 29DN, 94DN, 120DN, 145DN, 519 (૦૮ નંગ) દ્વારા ખુલ્લા વેબમાં ઇમરજન્સી પગરસ્તો પૂરા પાડવા." **કામનો અંદાજિત ખર્ચ:** રૂ. ૨,૮૬,૮૯,૭૨૮.૮૯/- **જમા કરાવવાની બિડ સુરક્ષા:** રૂ.૨,૯૩,૫૦૦.૦૦/- **ઈ-ટેન્ડર રજૂઆત કરવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ઓનલાઈન ટેન્ડર **૦૮.૦૮.૨૦૨૫** ના રોજ ૧૫:૦૦ કલાક પહેલા રજૂઆત કરવાના છે અને તે જ તારીખે ૧૫:૩૦ કલાકે ખોલવાના છે. **વેબસાઇટની વિગતો અને સૂચના માટેની સંપૂર્ણ વિગતો જોઈ શકાય તેવા સ્થાન વગેરે: વેબસાઇટ @ www.ireps.gov.in** પર ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ લાઇન) વડોદરા પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા - ૩૯૦ ૦૦૪ 095

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-વડોદરા મંડળ**

**સાઇડ પાથવે ફિક્સિંગ અને ઇપોક્સી પેઇન્ટિંગ પૂરું પાડવું**

**ઇ-ટેન્ડર સૂચના નંબર DYCE-BR-BRC-09-2025-26;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઇન) વડોદરા, પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪ દ્વારા નીચેના કામો માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. **ક્રમ નં. (૧) ટેન્ડર ક્રમાંક: DYCE-BR-BRC-09-2025-26, કાર્યનું નામ:** "**રતલામ વિભાગ:** SSE/BR/UJN અને SSE/BR/RTM ના અધિકારક્ષેત્રમાં વિવિધ મુખ્ય/મહત્વપૂર્ણ ટ્રેક પુલો પર સાઇડ પાથવે અને ઇપોક્સી પેઇન્ટિંગ પૂરું પાડવું અને ફિક્સ કરવું અને SSE BR RTM હેઠળ બ્રિ-નં ૨૩૨ DN (૪x૩૦.૫મી) નું મજબૂતીકરણ." **કામનો અંદાજિત ખર્ચ:** રૂ.૮,૨૮,૯૨,૯૧૬.૩૮/- **જમા કરાવવાની બિડ સુરક્ષા:** રૂ. ૫,૬૪,૫૦૦.૦૦/- **ઈ-ટેન્ડર રજૂઆત કરવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ઓનલાઈન ટેન્ડર **૦૮.૦૮.૨૦૨૫** ના રોજ ૧૫:૦૦ કલાક પહેલા રજૂઆત કરવાના રહેશે અને તે જ તારીખે ૧૫:૩૦ કલાકે ખોલવાના રહેશે. **વેબસાઇટની વિગતો અને સૂચના માટેની સંપૂર્ણ વિગતો જોઈ શકાય તેવા સ્થાન વગેરે: વેબસાઇટ @ www.ireps.gov.in** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ લાઇન) વડોદરા પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા - ૩૯૦૦૦૪ 096

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**ફોર્મ નં. URC-2**

**અધ્યાય XXI ના ભાગ-I હેઠળ નોંધણી અંગે જાહેરનામું**

[કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૩૭૪(બ) અને કંપનીઝ (નોંધણી માટે અધિકૃત) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૪(૧) અનુરૂપ]

૧. જાહેરનામા દ્વારા જાણ કરવામાં આવે છે કે, કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૩૬૬ ની ઉપકલમ (૨) અનુસાર, આ જાહેરનામું પ્રસિદ્ધ થયા બાદ પંદર (૧૫) દિવસો પૂરાં થયા પછી પરંતુ ત્રીસ (૩૦) દિવસોની અંદર ગુજરાત રાજ્યના કંપની રજિસ્ટ્રારને અરજી કરવાની યોજના છે કે મેસર્સ હિતેશ બી. શાહ, ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ હેઠળ નોંધાયેલ ભાગીદારી ફર્મ, પોતાને કંપની (શેરથી મર્યાદિત) તરીકે, કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ અધ્યાય XXI ના ભાગ-I હેઠળ નોંધાવવા માંગે છે.

૨. પ્રસ્તાવિત કંપનીના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે :

- કૅાન્ટ્રાક્ટર, બિલ્ડર, એન્જિનિયર અને ડેવલપર તરીકે વ્યવસાય કરવો તથા દરેક પ્રકારના કોન્ટ્રાક્ટ, સબ-કોન્ટ્રાક્ટ અને જોબ વર્ક હાથ ધરવા અને અમલમાં મૂકવા માટે, જેમાં પુલ, રસ્તા, નેશનલ હાઈવે, ફ્લાયઓવર, ઈમારતો, સિંચાઈ યોજના, ચેકડેમ, નાળા, નાનાં પુલ, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના વિકાસ, રખાવ, દુરસ્તી અને સુધારણા જેવી તમામ પ્રકારની ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.
- દરેક પ્રકારના સિવિલ, સ્ટ્રક્ચરલ, મિકેનિકલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યો, જેમાં ખોદકામ, ભૂમિ વિકાસ, જમીન સમતલ કરવું અને પ્રોજેક્ટ્સ પૂરાં કરવા માટે જરૂરી સાથોસાથ કાર્યો પણ આવે છે, તેવા કાર્યોમાં જોડાવું.
- સિવિલ, સ્ટ્રક્ચરલ, મિકેનિકલ અને ઈજનેરી કોન્ટ્રાક્ટ અને પ્રોજેક્ટ્સ માટે જરૂરી મશીનો, સાધનો, સાધનસામગ્રી અને કાચા માલ ખરીદવા, માલિકી હકમાં લેવા, ભાડે લેવું કે ભાડે આપવું.
- દરેક પ્રકારના પ્રીકાસ્ટ સિમેન્ટ ઉત્પાદનોનું ઉત્પાદન, ડિઝાઈન, એસેમ્બલિંગ, ફેબ્રિકેશન અને વેપાર કરવો, જેમ કે સિમેન્ટ પાઈપ, સ્લેબ, પોલ, ટાઈલ્સ, બ્લોક, Beams, પેનલ્સ, દિવાલો અને અન્ય બાંધકામ માટેના સિમેન્ટ આધારિત ઉત્પાદનો. તેમજ તે માટે ફેક્ટરીઓ, વર્કશોપ્સ કે મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપિત કરવી અને ચલાવવી.
- દરેક પ્રકારના બાંધકામ સામગ્રી જેવી કે સિમેન્ટ, સ્ટીલ, રેતી, એગ્રિગેટ્સ, ઈંટ, ટાઈલ્સ, લાકડું, હાર્ડવેર, પ્લમ્બિંગ સામગ્રી, ઈલેક્ટ્રિકલ માલ, પેઈન્ટ્સ, એડહેસિવ વગેરેનો વેપાર, આયાત, નિકાસ, ખરીદી, વેચાણ, વિતરણ અને પુરવઠો કરવો.
- બાંધકામ માટેની સામગ્રી અને સંબંધિત ઉત્પાદનો માટે હોલસેલર, રિટેલર, વિતરણકર્તા, એજન્ટ, બ્રોકર કે ડીલર તરીકે કાર્ય કરવું.
- બાંધકામ સામગ્રીના સંગ્રહ અને વિતરણ માટેના ગોડાઉન, સ્ટોરેજ સુવિધાઓ અને વિતરણ નેટવર્ક સ્થાપિત કરવું અને ચલાવવું.
- ઉપર જણાવેલ હેતુઓ માટે જરૂરી અને સંબંધિત તમામ નાણાકીય, તકનીકી અને ઓપરેશનલ પ્રવૃત્તિઓ તેમજ અન્ય જરૂરી અને યોગ્ય લાગતી પ્રવૃત્તિઓ હાથ ધરવી.

૩. પ્રસ્તાવિત કંપનીનું ડ્રાફ્ટ મેમોરેન્ડમ અને આર્ટિકલ્સ ઓફ એસોસિએશન, કામકાજના સમયે, સંસ્થાની નીચેની ઓફિસ ખાતે નિહાળી શકાય છે : ૬, કૃષ્ણ સાગર સોસાયટી, નિઝામપુરા, કેવેટર્સ પાસે, નિઝામપુરા, વડોદરા, ગુજરાત-૩૯૦૦૦૨.

૪. આ અરજી સામે કોઈ વ્યક્તિએ કોઈ આરોપ/વાંધો હોય તો તેઓએ તેમનો લેખિત વાંધો નીચેના સરનામે : સેન્ટ્રલ રજિસ્ટ્રેશન સેન્ટર (CRC), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ (IICA), પ્લોટ નં.૬, ૭, ૮, સેક્ટર-૫, IMT, માનેસર, ગુડગાંવ, હરિયાણા-૧૨૨૦૫૦. પ્રકાશન તારીખથી એકવીસ (૨૧) દિવસની અંદર મોકલવો, તેમજ તેનું નકલ ફર્મના નોંધાયેલા ઓફિસ કર મોકલવી.

આ જાહેરનામું તારીખ : છઠ્ઠી જુલાઈ, ૨૦૨૫ ના રોજ આપવામાં આવ્યું છે.

અરજદારના નામ :
૧. હિતેશ બાબુલાલ શાહ
૨. સિદ્ધાર્થ હિતેશભાઈ શાહ

बैंक ऑफ इंडिया Bank of India BOI

**ઝોનલ ઓફિસ, વડોદરા ઝોન**

**ઈલોરા પાર્ક, સુભાનપુરા, વડોદરા – ૩૯૦૦૨૩. ફોન : ૦૨૬૫–૨૩૯૬૫૭૩, ૨૩૯૭૦૩૨**

**સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્ટાર મેગા ઈ-ઓકશન - મિલકતોના વેચાણ માટે નોટીસ**

સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેંટ) રૂલ્સ ૨૦૦૨ ની કલમ ૮(૬) અને કલમ ૬(૨) ની જોગવાઈઓ સાથે વંચાતા સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ–હરાજી વેચાણ નોટીસ આથી ખાસ કરીને દેવાદારો/જામીનદારો તથા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે સિક્યોર્ડ ક્રેડિટર્સ ને નીચે જણાવેલ સ્થાવર મિલકતનો પ્રત્યક્ષ/સાંકેતિક કબજો મોર્ટગેજ/બેંક ઓફ ઈન્ડિયા (સુરક્ષિત લેણદાર) બેંક ઓફ ઈન્ડિયાના અધિકૃત અધિકારીઓ દ્વારા લેવામાં આવ્યો છે. લેણદાર/ગેરેન્ટર્સને બેંક ઓફ ઈન્ડિયા સંબંધિત બાકી લેણાની વસુલાત માટે નીચે સહી કરનાર દ્વારા ઈ–ઓકશન પ્લેટફોર્મથી "જેમ છે તેમ" અને "જ્યાં છે ત્યાં" ના ધોરણે વેચવામાં આવશે. દરેક સુરક્ષિત સંપતિની સામે અનામત કિંમત અને ઈએમડી ની રકમ બતાવવામાં આવેલ છે.

**હરાજીની તારીખ ૨૫.૦૭.૨૦૨૫ ના રોજ સવારના ૧૧.૦૦ થી ૫.૦૦ દરમ્યાન રાખેલ છે. (બંધ થવાના છેલ્લા ૧૦ મિનિટ પહેલા બીડ હશે તો સ્વયં લંબાવાશે)**

| અનુ. નં. | ખાતાનું નામ મિલકતના માલિક કરજદાર/જામીનદાર/પાર્ટનર/મોર્ટગેજરના નામ | લોટ નં. | વેચાણ માટેની મિલકતોની વિગત | માંગણાની નોટીસ પ્રમાણે બેંકના બાકી લેણાં | કબજો | ઓછામાં ઓછી અનામત કિંમત (રૂા. લાખમાં) | ઈએમડી (રૂા. લાખમાં) | ઈ-હરાજીની તારીખ/સમય |
|---|---|---|---|---|---|---|---|---|
| **મહાત્મા ગાંધી રોડ શાખાઃ ૧૬, શામલ બેચર પોળ, વડોદરા – ૩૯૦૦૦૧ મોબાઈલઃ ૯૮૭૯૩૩૮૮૦૨** | | | | | | | | |
| ૧ | શ્રી અજય જાનકીરામ ઠોકે | ૧ | ફલેટ નં. એચ–૨૦૨, ૨જો માળ, ટાવર–એચ, અક્ષર આર્ય, નિલામ્બર ઓરિયન પાસે, ભાયલી, વડોદરા–– ૩૯૧૪૧૦ | તા. ૧૦.૦૫.૨૦૨૧ કલમ ૧૩(૨) હેઠળ નોટીસ મુજબ રૂા. ૨૨,૦૮,૩૧૧.૦૬ (રૂપિયા બાવીસ લાખ આંઠ હજાર ત્રણસો અગીયાર અને પૈસા છ) વત્તા આગળનું વ્યાજ કોસ્ટ અને આકસ્મિક ખર્ચ વગેરે–માઈનસ રીકવરી અનુક્રમે. | પ્રત્યક્ષ | રૂા. ૨૧.૬૬ | રૂા. ૨.૧૭ | ૨૫.૦૭.૨૦૨૫ સવારે ૧૧.૦૦ થી બપોરે ૫.૦૦ |
| ૨ | શ્રી ગોપાલચંદ્ર જાલંધર સો | ૨ | સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સો આવેલ તે ઓફિસ નં. ૧, ક્ષેત્રફળ ૧૭૮.૦૦ ચોરસ ફુટ સનરાઈઝ ફલેટ ના ગ્રાઉન્ડ ફલોર પર, આંધલો ખુણા, સુલતાનપુરા, વડોદરા સ્થિત સીએસ. નં. ૧૩,૨૧,૨૩/૧–૨, ૨૪, ૨૫, ૨૬, ૨૭/૧, ૩૦ અને ૩૧એ ટીકા નં. ૪/૨, વડોદરા જે શ્રી ગોપાલ ચંદ્ર જે. શોના નામે. | તા. ૦૨.૦૫.૨૦૨૩ કલમ ૧૩(૨) હેઠળ નોટીસ મુજબ રૂા. ૩,૧૨,૪૨૦.૬૮ (રૂપિયા ત્રણ લાખ બાર હજાર ચારસો વીસ અને પૈસા અડસઠ) વત્તા આગળનું વ્યાજ કોસ્ટ અને આકસ્મિક ખર્ચ વગેરે–માઈનસ રીકવરી અનુક્રમે. | સાંકેતીક | રૂા. ૭.૩૨ | રૂા. ૦.૭૩ | ૨૫.૦૭.૨૦૨૫ સવારે ૧૧.૦૦ થી બપોરે ૫.૦૦ |

**ઉપરોક્ત મિલકતોનુ માપ આમ છતાં સ્થળ ઉપર અને રેવન્યુ રેકોર્ડમાંથી બોલી બોલનારાઓએ હરાજીમાં ભાગ લેતા પહેલા ખાતરી કરી લેવી.**

નિયમો અને શરતોઃ ૧. સદર મિલકતની હરાજી "જેમ છે તેમ" અને "જ્યાં છે ત્યાં" અને ઓનલાઈનથી કરવામાં આવશે, બીડ કરતા પહેલા તારીખ.૨૬.૦૭.૨૦૨૫ અથવા તે પહેલા કામકાજના દિવસોમા ઈએમડી એનઈએફટી અથવા ફંડ ટ્રાન્સફરથી જમા કરવી., ૨. વધુ વિગતોડાઉનલોડ કરવા માટે પ્રક્રિયા પાલન અને નિયમો અને શરતો, કૃપા કરીને આની મુલાકાત લો– એ. https://www.bankofindia.co.in, બી. અમારા ઈ–હરાજી સેવા આપનારનું વેબસાઈટ સરનાંમુ M/S PSB Alliance e-auction portal - psba@psballiance.com અને બીડર http://www.ebkray.in અથવા BAANKNET.COM ની મુલાકાત લઈ શકે છે. જ્યાં બીડરો માટે માર્ગદર્શિકા શૈક્ષણિક વિડીયો સાથે ઉપલબ્ધ છે. બીડરે નીચેની વિગતો બીડીંગમાં સારી રીતે પૂર્ણ કરવાની રહેશે., સ્ટેપ ૧ઃ બિડર/ખરીદનાર નોંધણીઃ ઈ–ઓકશન પ્લેટફોર્મ પર નોંધણી કરનાર (ઉપર આપેલ લિંક) તેના મોબાઈલ નંબર અને ઈમેઈલ–આઈડીનો ઉપયોગ કરીને., સ્ટેપ ૨ઃ કેવાયસી ચકાસણીઃ બીડરે જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા માટે, કેવાયસી દસ્તાવેજોની ચકાસણી ઈ–હરાજી સેવા પ્રદાતા દ્વારા કરવામાં આવશે. (કાર્યકારી દિવસ ૨ લાગી શકે છે.), સ્ટેપ ૩ઃ બીડર ગ્લોબલ વોલેટ દ્વારા ઈએમડી રકમનું ટ્રાન્સફર, ઈ–ઓકશન પ્લેટફોર્મ પર જનરેટ થયેલ ચલનનો ઉપયોગ કરીને, એનઈએફટી ઈ–ઓકશન પ્લેટફોર્મ ઓનલાઈન/ઓફલાઈન ફંડનું ટ્રાન્સફર કરવું., સ્ટેપ ૪ઃ બીડીંગ પ્રક્રિયા અને હરાજીના પરિણામો : રસ ધરાવનાર રજીસ્ટર્ડ બીડર ઓનલાઈન ઈ–ઓકશન પ્લેટફોર્મ પર ૧, ૨, અને ૩ સ્ટેપ પૂર્ણ કર્યા પછી બીડીંગ કરી શકે છે. અને બીડરને જણાવવામાં આવે છે કે ઈએમડી જમાં કરાવતા પહેલા ઈ–ઓકશનની તારીખ પહેલા સ્ટેપ ૧, ૨ અને ૩ બીડર દ્વારા સારી રીતે પૂર્ણ કરવા પડશે., ૩. અધિકૃત અતદકારીની જાણકારી અને માહિતી અનુસાર મિલકત પર કોઈ બોજો નથી છતાંપણ બીડરે બીડ કરતા પહેલા મિલકતના ટાઈટલ અને કલેઈમ/રાઈટસ/ડયુઝ/બોજા એમની જાણકારી મેળવી લેવી. ઈ–હરાજીની જાહેર ખબર બેંક પ્રત્યેની કોઈપણ પ્રતિબધ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધિત્વ દર્શાવવતી નથી કે દર્શાવતી હોય તેમ સમજી શકાશે નહિ. મિલકતની હરાજી બેંક દ્વારા મિલકત ઉપરના હાલના તેમજ ભવિષ્યના જાણીતા કે અજાણ તમામ બોજ સહિત વેચવાની છે. અધિકૃત અધિકારી/સિક્યોર્ડ ક્રેડિટર્સ થર્ડ પાર્ટીના કલેઈમ/રાઈટસ/ડયુઝ માથે જવાબદાર રહેશે નહિ., ૪. નિરીક્ષણની તારીખ.૧૭.૦૭.૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી કરી શકશે. તે માટે સંબધિત શાખાનો સંપર્ક કરવો. ૫. બિડ્સ ફકત ઓનલાઈન પ્રક્રિયા દ્વારા જ રજૂ કરવી પડશે., ૬. બિડરોને વેચાણની શરતો વાંચી અને સમજી હશે અને તેમના દ્વારા બંધાયેલા રહેશે તેવું માનવામાં આવશે., ૭. સબમીટ કરવાની બિડ કિમત રિઝર્વ કિંમતની ઉપર રહેશે અને બોલીકારો તેમની વધુ માંગણીને રૂા. ૧૦,૦૦૦/– (ફકત દસ હજાર રૂપિયા) ની ગુણાકારમાં સુધારશે., ૮. બીડ રજુ કરતા પહેલા બીડરે મિલકતનું નિરીક્ષણ તેમજ તમામ મિલકત અંગેની જાણકારી મેળવી લેવી., ૯. સફળ બોલી લગાવનારની ઈએમડી વેચાણ ધ્યાનમાં લેવા માટે જાળવી રાખવામાં આવશે અને અસફળ બિડરોની ઈએમડી પરત કરવામાં આવશે., ૧૦. ઈએમડી પર વ્યાજ મળશે નહિ સફળ થનાર બિડરે અધિકૃત અધિકારી દ્વારા બિડની રકમ (કિંમત) સ્વીકાર્યા બાદ તુરતજ વેચાણની ૨૫% (ઈએમડી સાથે) જમા કરાવવાની રહેશે અને વેચાણની કિંમતની બાકીની રકમ (૭૫%) વેચાણ નક્કી થવાની તારીખથી ૧૫ દિવસમાં કે તે પહેલા જમા કરાવવી પડશે. સફળ થયેલા બિડર દ્વારા રકમ જમા કરાવવામાં ચુક (વિલંબ) થયેથી બિડરની જમા રકમ જપ્ત થશે અને મિલકત પુનઃ હરાજીમાં મુકાશે અને કસુરવાર બિડની રકમ બાબતમાં કાઈપણ દાવો/અધિકાર રહેશે નહિ., ૧૧. કોઈપણ ઈન્ટરનેટ નેટવર્ક સમસ્યા/પાવર નિષ્ફળતા/અન્ય કોસ તકનીકી ક્ષતિઓ/નિષ્ફળતા વગેરે માટે અધિકૃત અધિકારી/બેંક કે ઈ–ઓકશન સેવા પ્રદાતાને જવાબદાર ગણવામાં આવશે નહિ, આવી આકસ્મીક પરિસ્થિતિને દુર રાખવા માટે, રૂચિ ધરાવતા બિડરોને વિનંતી કરવામાં આવી છે ખાતરી કરો કે તેઓ ઈ–ઓકશન ઈવેન્ટમાં સફળતા પૂર્વક ભાગ લેવા માટે તકનીકિ રીતે પૂરતા પાવર બેંક–અપ વગેરેથી સજજ છે., ૧૨. ખરીદનાર લાગુ સ્ટેમ્પ ડયુટીઝ/નોંધણી ફી/ લાગુ પડતા સરકારી લેણા, જીએસટી, અન્ય શુલ્ક અને કોઈપણ કાનુની/બિન–કાનુની બાકી કર, આકરણી શુલ્ક વગેરે ભરવો પડશે., ૧૩. અધિકૃત અધિકારી /બેંક ઉચ્ચતમ ઓફર સ્વીકારવા માટે બંધાયેલા નથી અને તે હરાજીની કાર્યવાહીથી કોઈપણ તબકકે કોઈ કારણ આપ્યા વિના તમામ ઓફર (સ્વીકારો) ને સ્વીકારવા અથવા નકારવા અથવા ઈ–ઓકશનને મુલતવી/રદ કરવા અથવા તેની કોઈપણ મિલકત અથવા ભાગ પાછો ખેંચવાનો સંપૂર્ણ અધિકાર અને વિવેક ધરાવે છે., ૧૪. વેચાણ પ્રમાણપત્ર ફકત ખરીદનાર /અરજદારના નામે જારી કરવામાં આવશે અને અન્ય કોઈપણ નામમાં જારી કરવામાં આવશે નહિ., ૧૫. વેચાણ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના અમલીકરણ હેઠળ નિયમો /શરતો ને આધિન રહેશે. વેચાણની શરતો પરની કોઈપણ વિગતો/ પુછપરછ સંબંધિત શાખાઓ પાસેથી આપેલ સંપર્ક નંબરો પરથી મેળવી શકાય છે., ૧૬. સરફેસી કાયદા મુજબ ઉપરોક્ત ખાતાના કરજદાર/જામીનદાર/મોર્ટગેજર ને ૩૦ દિવસની ઉપરોક્ત તારીખે રાખવામાં આવેલ હરાજીની એ નોટીસ દ્વારા જાણ કરવામાં આવેલ છે.

તારીખઃ ૦૭.૦૭.૨૦૨૫- સ્થળઃ વડોદરા | નોંધઃ વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. | અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા




**બોલિવૂડ ડાયરી**

ક્રિતી સેનન, તેજસ્વી પ્રકાશ, જાસ્મીન ભાસીન, શ્રદ્ધા કપૂર અને શક્તિ કપૂર, ગોવિંદાની પત્ની સુનીતા અને નતાશા સ્તાનકોવીક મુંબઈમાં વિવિધ સ્થળોએ જોવા મળ્યાં હતાં. કલાકારોની આગવી અદાઓએ ચાહકોમાં આકર્ષણ જમાવ્યું હતું. તો ચાહકોએ આગવી અદાઓમાં પોઝ પણ આપ્યા હતા.

**આર. માધવન અજિત ડોભાલના રોલમાં, સંજય દત્તનો એક્શન અવતાર આ ફિલ્મમાં જોવા મળશે**

# ઘાયલ હૂં ઈસી લિયે ઘાતક હૂં : રણવીર સિંહના જન્મદિવસ પર 'ધુરંધર'નો ફર્સ્ટ લૂક રિલીઝ



બોલિવૂડના પાવરહાઉસ રણવીર સિંહના ૪૦મા જન્મદિવસના અવસરે ફેન્સને એક મોટી સરપ્રાઈઝ મળી છે. ફિલ્મ 'ધુરંધર'નો ફર્સ્ટ લુક રિલીઝ થયો છે, આદિત્ય ધર દ્વારા નિર્દેશિત આ ફિલ્મ એક જાસૂસી થ્રિલર છે, જે સત્ય ઘટના પર આધારિત છે. ૨ મિનિટ ૩૯ સેકન્ડના ટીઝરની શરૂઆત આર. માધવનના વોઈસ ઓવરથી થાય છે. ટીઝર દર્શાવે છે કે ફિલ્મમાં એક સિક્રેટ મિશનની સ્ટોરી છે. જેમાં રણવીર સિંહ કદાચ એક સિક્રેટ એજન્ટની ભૂમિકામાં જોવા મળશે. ટીઝરમાં ફિલ્મની બાકીની કાસ્ટ પણ જોવા મળી રહી છે. આર. માધવન, અક્ષય ખન્ના, સંજય દત્ત અને અર્જુન રામપાલના લુક્સ પણ જોવા મળી રહ્યા છે.

રણવીર સિંહે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર 'ધુરંધર'નો ફર્સ્ટ લુક શેર કર્યો છે. ફર્સ્ટ લુકમાં રણવીરનો એક્શન અને સિક્રેટ અવતાર જોવા મળ્યો, જે ચાહકોને તેમના 'પદ્માવત'ના અલાઉદ્દીન ખિલજીના પાત્રની યાદ અપાવે છે. ટીઝરમાં રણવીર એક સીનમાં બોલે છે કે- 'ઘાયલ હૂં ઈસી લિયે ઘાતક હૂં', જે ફિલ્મમાં તેના લુક અને પર્સનાલિટી સાથે મેચ થાય છે.ફિલ્મમાં આર. માધવન ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલનું પાત્ર ભજવી રહ્યા છે, જેઓ ૧૯૭૦-૮૦ના દાયકામાં પાકિસ્તાનમાં અંડરકવર જાસૂસ તરીકે કામ કરતા હતા. આ ફિલ્મ ભારતીય જાસૂસ એજન્સી ઈચ્છઉના સુવર્ણ યુગની વાત કરે છે, જે સાચી ઘટનાઓથી પ્રેરિત છે. માધવનનો આ રોલ ફિલ્મનું મુખ્ય આકર્ષણ હશે, જે દેશભક્તિ અને રોમાંચનું મિશ્રણ રજૂ કરશે.

સંજય દત્ત ફિલ્મમાં એક દમદાર એક્શન રોલમાં જોવા મળશે, જેની ઝલક ફર્સ્ટ લુકમાં જોવા મળી. અક્ષય ખન્ના અને અર્જુન રામપાલ પણ મહત્વના રોલમાં છે, જે ફિલ્મને ખરેખર 'ધુરંધર' બનાવી દે છે. 'ઉરી: ધ સર્જિકલ સ્ટ્રાઈક' ફેમ આદિત્ય ધરનું નિર્દેશન 'ધુરંધર'માં પણ તેમની ખાસ સ્ટાઈલ દર્શાવે છે. ફિલ્મનું શૂટિંગ લગભગ ૭૫% પૂર્ણ થઈ ગયું છે અને સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં તે પૂરું થઈ જશે. ફિલ્મની રિલીઝ ડેટ ૫ ડિસેમ્બર ૨૦૨૫ નક્કી કરવામાં આવી છે, જોકે કેટલાક અહેવાલો ૧૨ ડિસેમ્બરની શક્યતા પણ દર્શાવે છે, કારણ કે ૫ ડિસેમ્બરે પ્રભાસની 'ધ રાજા સાબ' અને શાહિદ કપૂરની 'રોમિયો' પણ રિલીઝ થઈ રહી છે.

'ધુરંધર' એક એવી ફિલ્મ છે, જે સાચી ઘટનાઓ, દેશભક્તિ અને રોમાંચનું સંયોજન રજૂ કરશે. આદિત્ય ધરનું નિર્દેશન, રણવીર સિંહનો ઈન્ટેન્સ લુક અને સ્ટાર-સ્ટડેડ કાસ્ટ આ ફિલ્મને ૨૦૨૫ની સૌથી મોટી રિલીઝમાંથી એક બનાવે છે. ફેન્સ ૫ ડિસેમ્બર ૨૦૨૫ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, જ્યારે 'ધુરંધર' થિયેટરોમાં આગ લગાવવા આવશે.

**રાની-કાજોલના દાદાનો સ્ટુડિયો ૧૮૩ કરોડમાં વેચાઈ ગયો**

# શશીધર મુખર્જીના ફિલ્મીસ્તાન સ્ટુડિયોનું ઐતિહાસિક મહત્ત્વ : ફિલ્મ એસો. એ વેચાણ સામે વાંધો ઉઠાવ્યો

રાની મુખર્જી અને કાજોલના દાદા શશધર મુખર્જીનો ફિલ્મીસ્તાન સ્ટુડિયો વેચાઈ ગયો છે. તે મુંબઈના સૌથી મોટા સ્ટુડિયોમાંનો એક હતો, જે અશોક કુમાર અને શશધર મુખર્જીએ ૧૯૪૦માં શરૂ કર્યો હતો. અહેવાલો અનુસાર, આ સ્ટુડિયોને રિયલ એસ્ટેટ ડેવલપર્સ આર્કેડ ડેવલપર્સ દ્વારા ૧૮૩ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યો છે. હવે આ સ્ટુડિયોને તોડી પાડવામાં આવશે અને ત્યાં રહેણાંક મિલકત બનાવવામાં આવશે.




મુંબઈના ગોરેગાંવમાં સ્થિત ફિલ્મીસ્તાન સ્ટુડિયોની રજિસ્ટ્રી ૩ જુલાઈના રોજ કરવામાં આવી હતી. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, આર્કેડ ડેવલપર્સ આ જગ્યાએ ૩૦૦૦ કરોડ રૂપિયાના લક્ઝરી એપાર્ટમેન્ટનો પ્રોજેક્ટ શરૂ કરવાની યોજના બનાવી રહ્યું છે. આ પ્રોજેક્ટ ૨૦૨૬ થી શરૂ થશે. ૫૦ માળની આ ઈમારતમાં ૩,૪ અને ૫ શ્ઁદ્ઘ ફ્લેટ અને પેન્ટહાઉસ બનાવવામાં આવશે. ફિલ્મીસ્તાન સ્ટુડિયોના વેચાણના સમાચાર બહાર આવ્યા બાદ, ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશને સ્ટુડિયોના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે. તેમણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખીને કહ્યું છે કે ફિલ્મ ઉદ્યોગના ઘણા કામદારો આ સ્ટુડિયોમાંથી પોતાનું ગુજરાન ચલાવે છે.



**'સોનુ'એ TMKOC છોડવાનું કારણ જણાવ્યું**

# નિધિ ભાનુશાળીએ કહ્યું- મારે ૧૨-૧૨ કલાક શૂટિંગ કરવું પડતું હતું

ટીવી શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં સોનુ ભીડેની ભૂમિકા ભજવનાર નિધિ ભાનુશાળીએ તાજેતરમાં શો છોડવાનું કારણ જાહેર કર્યું છે. તાજેતરની વાતચીતમાં, નિધિ ભાનુશાળીએ કહ્યું, ''સ્કૂલ પછી, હું ૧૨મું અને પછી ડિગ્રી કોલેજ કરતી હતી. હું દિવસમાં ૧૨ કલાક કામ કરતી હતી. ક્યારેક હું ૧૦, ક્યારેક ૨૦ દિવસ સતત શૂટિંગ કરતી હતી. શરૂઆતમાં, તે ગમતું હતું કારણ કે ઘણું શીખી રહી હતી, પરંતુ પછી અહીં બર્ન આઉટ સાઈન (મન પર દબાણ) ના લક્ષણો અનુભવાવા લાગ્યા.'

> **જુલાઈ ૨૦૧૨થી ઓગસ્ટ ૨૦૧૯ સુધીના શોમાં નિધિએ સોનાલિકા ભીડે એટલે કે સોનુની ભૂમિકા ભજવી હતી**

જુલાઈ ૨૦૧૨ થી ઓગસ્ટ ૨૦૧૯ સુધીના શોમાં નિધિએ સોનાલિકા ભીડે એટલે કે સોનુની ભૂમિકા ભજવી હતી.નિધિએ કહ્યું કે તેને લાગ્યું કે જીવનમાં શોધવા માટે ઘણી બધી બાબતો છે. તેણે કહ્યું, મને લાગ્યું કે મારે બીજી બાબતો પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. જેમાં હું વધુ સારી બનવા માગું છું. આ માટે તે જરૂરી હતું કે હું ત્યાંથી બહાર આવીશ અને મારા જીવનમાં કંઈક સારું કરીશ. એક વસ્તુ માટે સમર્પિત કરવા માટે સાત વર્ષ ખૂબ લાંબો સમય છે.

નિધિએ કહ્યું કે તેણે પોતાના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું હતું. તે સમયે તે ફિલ્મ્સ, ટેલિવિઝન અને ન્યૂ મીડિયા પ્રોડક્શન્સમાં બેચલર્સ કરી રહી હતી. તેણે કહ્યું, ''હું બીજા વર્ષમાં હતી. પછી હું દરરોજ કોલેજ જવાનું શરૂ કર્યું. તે ખૂબ સરસ હતું. મેં ઘણા મિત્રો બનાવ્યા. પહેલા મારી પાસે લોકોને મળવા અને તેમની સાથે હળવા થવાનો પૂરતો સમય નહોતો.

નિધિએ એ પણ ખુલાસો કર્યો કે શો દરમિયાન તેણીને એક મોટી બીમારીનો સામનો કરવો પડ્યો હતો. તે ખૂબ જ બીમાર પડી ગઈ હતી અને દોઢ વર્ષ સુધી બીમાર રહી હતી. તેણીએ કહ્યું, 'તે બીમારીમાંથી સ્વસ્થ થયા પછી, જીવન પ્રત્યેનો મારો દૃષ્ટિકોણ બદલાઈ ગયો. હું જે વસ્તુઓ પહેલા ઈચ્છતી હતી તે હવે પહેલા જેવી રહી નથી. પછી મને લાગ્યું કે આ સાચો નિર્ણય હતો. અને તે ખરેખર ૧૦૦% સાચો નિર્ણય હતો.

**મારી હાલત તો સુડી વચ્ચે સોપારી જેવી હતી : પતિ અને મિત્ર વચ્ચે ફસાઈ હતી**

# સન ઑફ સરદાર અને જબ તક હૈ જાનના વિવાદ પર એક્ટ્રેસ કાજોલનું રિએક્શન



૨૦૧૨માં અજય દેવગણની ફિલ્મ 'સન ઓફ સરદાર' અને આદિત્ય ચોપડાની યશ રાજ ફિલ્મ્સની 'જબ તક હૈ જાન'ની રિલીઝ સમયે થયેલા બોક્સ ઓફિસ વિવાદ પર હાલમાં કાજોલે પ્રતિક્રિયા આપી છે. તાજેતરમાં ધ લલ્લનટોપ સાથેની વાતચીતમાં, કાજોલે કહ્યું, 'ઝઘડા હંમેશા મુશ્કેલ હોય છે, ખાસ કરીને જ્યારે તે કેટલાક સમય સુધી ઉકેલાતા નથી. જ્યારે બંને પક્ષ પોતાના માટે ઊભા રહે, ત્યારે તમારી સ્થિતિ કફોડી બને છે.''સન ઓફ સરદાર' અને 'જબ તક હૈ જાન' એક જ દિવસે, ૧૩ નવેમ્બર ૨૦૧૨ના રોજ રિલીઝ થઈ હતી.કાજોલે વધુમાં ઉમેર્યું, 'જે વ્યક્તિ બંને પક્ષ સાથે જોડાયેલી હોય, તે લાચારી અનુભવે છે. તમે કંઈ કરી શકતા નથી. તમારે માત્ર સમય વિતવાની રાહ જોવી પડે છે, જેથી લાગણીઓ ઠંડી પડી જાય. જેથી વસ્તુઓ ફરીથી સારી થઈ શકે. પરિવર્તન, પરિવર્તન હોય છે, તે ન તો સારું હોય છે, ન તો ખરાબ. ક્યાંક લખ્યું છે કે પરિવર્તન શાશ્વત છે. આ એક માત્ર વસ્તુ છે, જે સ્થિર છે.'

'સન ઓફ સરદાર'માં અજય, સંજય દત્ત અને સોનાક્ષી મુખ્ય ભૂમિકામાં હતાં. 'જબ તક હૈ જાન'માં શાહરૂખ, કેટરિના અને અનુષ્કા મુખ્ય ભૂમિકામાં હતાં. ૨૦૧૨માં રિલીઝના દિવસે કઈ ફિલ્મને વધુ સ્ક્રીન મળશે તેને લઈને અજય દેવગણ અને યશ રાજ ફિલ્મ્સ વચ્ચે વિવાદ થયો હતો. અજયની કંપનીએ કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (ઝઝૈ)ને ફરિયાદ કરી હતી. તેણે આરોપ લગાવ્યો હતો કે, રૂઈહ્વ (યશ રાજ ફિલ્મ્સ)એ વધુ સ્ક્રીન મેળવવા માટે પોતાની શક્તિનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે તેમની ફિલ્મને પૂરતી સ્ક્રીન મળી ન હતી. નોંધનીય છે કે, આદિત્ય ચોપડાએ ડિરેક્ટ કરેલી ફિલ્મ 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે'માં કાજોલ લીડ એક્ટ્રેસ હતી. બંને વર્ષોથી મિત્રો રહ્યા છે. 'સન ઓફ સરદાર' અને 'જબ તક હૈ જાન' વચ્ચે થયેલા વિવાદ દરમિયાન પણ બંનેની મિત્રતા અકબંધ રહી હતી.કાજોલ તાજેતરમાં વિશાલ ફુરિયાની માઈથોલોજીકલ હોરર ફિલ્મ 'મા'માં જોવા મળી હતી. હવે તે ફિલ્મ 'સરઝમીન'માં જોવા મળશે. આ ફિલ્મમાં તેની સાથે ઈબ્રાહિમ અલી ખાન અને પૃથ્વીરાજ સુકુમારન પણ છે.

# અમરનાથ યાત્રાની શરૂઆત કેવી રીતે થઈ? સૌપ્રથમ ગુફા કોણે શોધી?

શિવજીમાં શ્રદ્ધા રાખતા લોકો ભારે સંખ્યામાં દર વર્ષે કઠિન પડકારોનો સામનો કરીને અમરનાથ ગુફામાં 'હિમ શિવલિંગ'નાં દર્શને પહોંચે છે. અમરનાથ યાત્રા ખરેખર તો હિંદુઓ માટે પવિત્ર અમરનાથ ગુફા સુધીની યાત્રા છે. આ ગુફા સમુદ્રની સપાટીથી ૩,૮૮૮ મીટર એટલે કે ૧૨,૭૫૬ ફૂટની ઊંચાઈએ આવેલી છે. શ્રાવણ માસમાં શરૂ થતી આ યાત્રામાં લોકો ૪૫ દિવસ સુધી ભાગ લઈ શકે છે.

સામાન્યપણે દર વર્ષે ભારે સંખ્યામાં શ્રદ્ધાળુઓ અમરનાથ યાત્રા માટે પહોંચે છે. જોકે, આ વર્ષે એપ્રિલ માસમાં જમ્મુ-કાશ્મીરના પહલગામ ખાતે થયેલા ચરમપંથી હુમલા બાદ ઘણા લોકોએ આ યાત્રા માટે પોતાનું રજિસ્ટ્રેશન રદ કરાવ્યું છે. જો કે, સરકારના પ્રયાસ છે કે લોકો કોઈ પણ જાતની બીક વગર સરકારી દિશા-નિર્દેશોનું પાલન કરે, જેથી અમરનાથ યાત્રામાં કોઈ પણ પ્રકારની મુસીબત ન આવે. હવે જ્યારે અમરનાથ યાત્રા શરૂ થવાની છે ત્યારે આ યાત્રાની શરૂઆત અને તેની સાથે જોડાયેલી પૌરાણિક માન્યતા અંગે કુતૂહલ જોવા મળે એ સ્વાભાવિક છે. અમરનાથ યાત્રા ભલે હિંદુઓની તીર્થયાત્રા હોય, પરંતુ આ યાત્રા સાથે એક મુસ્લિમ પરિવાર સૈકાઓથી જોડાયેલું છે.

અમરનાથ ગુફા લગભગ ૫૦૦ વર્ષ પહેલાં શોધાઈ હતી અને તેને શોધવાનું શ્રેય એક મુસ્લિમ બૂટા મલિકને અપાય છે. બૂટા મલિકના વંશજ હજુ પણ બટકોટ નામની જગ્યાએ રહે ચે અને અમરનાથ યાત્રા સાથે પ્રત્યક્ષપણે જોડાયેલા છે. આ જ પરિવારના ગુલામ હસન મલિકે ૨૦૧૭માં જણાવ્યું હતું કે તેમણે ગુફા વિશે જે કાંઈ સાંભળ્યું છે તેના અનુસાર આ ગુફા તેમના પૂર્વજ બૂટા મલિકે શોધી હતી. તેઓ કહે છે કે, સાંભળવામાં આ વાત એકમદ પૌરાણિક કથા જેવી લાગે છે. બૂટા મલિક અમારા પૂર્વજ હતા. તેઓ એક ભરવાડ હતા. પહાડ પર ઘેટાં-બકરાં ચરાવતા હતા. તેમની મુલાકાત એક સાધુ સાથે થઈ અને બંનેની મિત્રતા થઈ ગઈ. મલિક અનુસાર, એકવાર તેમને ઠંડી લાગતા, તેઓ એ ગુફામાં જતા રહ્યા. ગુફામાં ઠંડી લાગી તો સાધુએ તેમને એક કાંગડી (એક પરંપરાગત પોર્ટેબલ હિટર) આપ્યું, જે સવારે સોનાના કાંગડીમાં તબદીલ થઈ ગયું.

મલિક જણાવે છે કે આ સાંભળેલી વાતો અનુસાર જ્યારે બૂટા મલિક ગુફામાંથી નીકળ્યા, તો તેમને ઘણા બધા સાધુઓનું એક જૂથ મળ્યું, જે ભગવાન શિવની તલાશમાં ફરી રહ્યા હતા. તેઓ જણાવે છે કે, બૂટા મલિકે એ સાધુઓને કહ્યું કે તેઓ અત્યારે જ ભગવાન શિવ સાથે સાક્ષાત મળીને આવી રહ્યા છે અને તેઓ એ સાધુઓને એ ગુફામાં લઈ ગયા. જ્યારે આ બધા સાધુ ગુફામાં પહોંચ્યા તો ત્યાં બરફનું વિશાળ શિવલિંગ હતું અન સાથે પાર્વતી અને ગણેશ બેઠાં હતાં. ત્યારે ત્યાં અમરકથા ચાલી રહી હતી. મલિક જણાવે છે કે આ ઘટના બાદ અમરનાથ યાત્રા શરૂ થઈ. બાદમાં ઘણા સાધુ ગુફા પાસેથી કૂદીને જીવન ટૂંકાવવા લાગ્યા, જેને મહારાજા રણજિતસિંહના શાસનમાં બંધ કરાવવામાં આવ્યું. મલિક જણાવે છે કે તેમનો પરિવાર મુસ્લિમ હોવાને કારણે તેમને પૂજાપાઠની જાણકારી નહોતી. તેઓ કહે છે કે, અમે પૂજાપાઠની ખબર નહોતી, તેથી અમે નિકટના ગણેશ્વર ગામથી કાશ્મીરી પંડિતોને પૂજા કરવા માટે બોલાવ્યા.

અમરનાથમાં ત્રણ પ્રકારના લોકો રહે છે. કાશ્મીરી પંડિત, મલિક પરિવાર અને મહંત. આ ત્રણેય મળીને 'છડી મુબારક'ની વિધિ પૂર્ણ કરે છે. અમરનાથ યાત્રા અંગે જે તે સમયે વિધાનસભામાં બિલ પણ પસાર થયું હતું, જેમાં મલિક પરિવારનો પણ ઉલ્લેખ છે. ગુલામ હસન જણાવે છે કે જ્યારે નહેરુજી કાશ્મીર આવતા તો મલિક પરિવારને યાદ કરતા. સોનાની કાંગડી અંગે તેમને પૂછાતાં મલિકે કહ્યું કે બૂટા મલિક પાસેથી એ કાંગડી તત્કાલીન રાજાઓએ લઈ લીધું હતું અને હાલ એ કાંગડી ક્યાં છે એ કોઈનેય ખબર નથી. તેઓ કહે છે કે, અમે ઘણા પ્રયત્નો કર્યા. તેના વિશે જાણવાના પ્રયાસ કર્યા, પરંતુ રાજતરંગિણીમાં પણ અમારા પરિવાર અને આ પૌરાણિક કથાનો ઉલ્લેખ છે. મલિક કહે છે કે, બૂટા મલિકનું મૃત્યુ થયું અને એ બાદ તેમની દરગાહ જંગલમાં બની. તેમના નામ પર જ અમારા ગામનું નામ બટકોટ પડ્યું છે. અમરનાથ યાત્રા દરમિયાન અમે લોકો માંસ નથી ખાતા, કારણ કે અમને ખ્યાલ છે કે એ સમયે માંસ ખાવું ઠીક નથી હોતું.

મલિક કહે છે કે અમરનાથ એ તીર્થયાત્રાઓ પૈકી એક છે જેનું કાશ્મીરમાં મુસ્લિમ સમુદાય ઘણું સન્માન કરે છે આ યાત્રાની શરૂઆત ક્યારે થઈ હતી તેની કોઈ આધિકારિક માહિતી ઉપલબ્ધ નથી. આ યાત્રા માટે આવનારા લોકોની વધતી જતી સંખ્યાને જોતાં વર્ષ ૨૦૦૦માં અમરનાથ શ્રાઈન બોર્ડનું ગઠન કરાયું જે રાજ્ય સરકાર સાથે મળીને આ યાત્રાના આયોજનને સફળ બનાવે છે. એવી માન્યતા છે કે આ ગુફામાં શિવજીએ પોતાના અસ્તિત્વ અને અમરત્વના રહસ્ય વિશે પાર્વતીજીને જણાવ્યું હતું. આ ગુફાનો ઉલ્લેખ કાશ્મીરી ઈતિહાસકાર કલ્હણની ૧૨ સદીમાં લખેલા મહાકાવ્ય રાજતરંગિણીમાં પણ છે. 'શ્રી અમરનાથ શ્રાઈન બોર્ડ'ની વેબસાઈટ પર અમરનાથ ગુફા અંગેની પૌરાણિક લોકકથા મુકાઈ છે. આ માહિતી અનુસાર લોકકથા અને પ્રાપ્ત માહિતી અનુસાર ગુફાના ઈતિહાસ સાથે એક રસપ્રદ કહાણી સંકળાયેલી છે.

આ કથા પ્રમાણે સદીઓ પહેલાં પાર્વતીજીએ શિવજીને પૂછ્યું હતું કે તેમણે મુંડમાળા (ખોપરીઓની માળા) પહેરવાની શરૂઆત કેમ અને ક્યારે કરી. આ પ્રશ્નના જવાબમાં શિવજીએ કહ્યું, જ્યારે જ્યારે તમારો જન્મ થાય છે, ત્યારે ત્યારે હું આ માળામાં વધુ ખોપરીઓ ઉમેરું છું. પાર્વતીજીએ કહ્યું, હું વારંવાર મૃત્યુ પામું છું, પરંતુ તમને અમરત્વ પ્રાપ્ત છે, મને આનું કારણ જણાવો. શિવજીએ જવાબ આપ્યો, એના માટે તમારે અમરકથા સાંભળવી પડશે. શિવજી પાર્વતીજીને આ કથા કહેવા સંમત થયા. જો કે, આના માટે તેમણે કોઈ પણ જીવિત વ્યક્તિ આ અમરત્વનું રહસ્ય સાંભળી ન શકે એવા એકાંત સ્થળે જવાનું ઠરાવ્યું, જે માટે અંતે તેમણે અમરનાથ ગુફાને પસંદ કરી.

જો કે, તેઓ પહલગામ ખાતે પોતાના નંદીને છોડી ગયા. ચંદનવારી ખાતે તેમણે ચંદ્રને પોતાની જટામાંથી છૂટા કર્યા. શેષનાગ તળાવ ખાતે તેમણે સર્પને મૂક્યા. પુત્ર ગણેસન મહાગુનાસ પર્વત ખાતે છોડ્યા. પંજતારની ખાતે પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશ એમ પંચતત્ત્વ મૂક્યાં. આ બધું પાછળ મૂકીને તેઓ પવિત્ર અમરનાથ ગુફામાં પાર્વતીજી સાથે પહોંચ્યાં. જ્યાં તેમણે સમાધિ લીધી. કોઈ પણ જીવિત વ્યક્તિ/પશુ/પંખી/જીવ આ અમરકથા ન સાંભળી જાય એ સુનિશ્ચિત કરવા માટે તેમણે કાલાગ્નિ પેદા કર્યો અને તેમને ગુફામાં રહેલાં તમામ જીવોનો નાશ કરવાની આજ્ઞા કરી. એ બાદ શિવજીએ પાર્વતીજીને અમરકથા સંભળાવવાનું શરૂ કર્યું, પરંતુ ગુફામાં કબૂતર-કબૂતરીની જોડી જીવિત રહી ગઈ હતી. જેમણે આ કથા સાંભળી અને તેઓ પણ અમર બની ગયાં. ત્યારથી આજ દિન સુધી પવિત્ર યાત્રાધામમાં ઘણા શ્રદ્ધાળુઓ પોતાને કબૂતર-કબૂતરીની આ જોડી દેખાઈ હોવાનું કહી ચૂક્યા છે. આ ગુફાની છતમાંથી એક એક ટપકું કરીને પાણી પડે છે, જે ફ્રીઝિંગ પોઈન્ટ પર જામીને એક વિશાળકાય કોનના આકારની આકૃતિ બનાવે છે, જેને હિંદુઓ શિવલિંગનું રૂપ માને છે. જૂન માસથી ઓગસ્ટ માસ વચ્ચે આ આકૃતિનો આકાર થોડો ઘટી જાય છે. શિવલિંગ સાથે ગણેશ અને પાર્વતીની બરફથી બનેલી આકૃતિ પણ દેખાય છે. આનાં દર્શન માટે દર વર્ષે લાખો હિંદુ અમરનાથ યાત્રા માટે રજિસ્ટ્રેશન કરાવે છે. આ ગુફા સુધી પહોંચવાની યાત્રા કઠિન મનાય છે. ત્યાં માત્ર પગપાળા કે ખચ્ચર મારફતે જ પહોંચી શકાય છે. દક્ષિણ કાશ્મીરના પહલગામથી આ ગુફાનું અંતર ૪૬ કિમી છે, આ અંતર પગપાળા પાર કરવાનું હોય છે.

પટનામાં ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની ક્રૂર હત્યાથી સમગ્ર શહેરમાં સનસનાટી મચી ગઈ

# ભાજપ-નીતિશની ભાગીદારીથી બિહાર ગુનાનું પાટનગર : રાહુલ

## હાઇપ્રોફાઇલ હત્યા કેસથી બિહાર સરકાર પર કાયદો અને વ્યવસ્થા અંગેની નીતિઓ પર સવાલ

નવી દિલ્હી, તા.૬

બિહારની રાજધાની પટનામાં ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની ક્રૂર હત્યાથી સમગ્ર શહેરમાં સનસનાટી મચી ગઈ છે. ૪ જુલાઈની રાત્રે હુમલાખોરોએ તેમની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. વિધાનસભા ચૂંટણી પહેલા જ આ ઘટનાએ રાજકીય વાતાવરણ ગરમ કરી દીધું છે. રાજ્યમાં બગડતી કાયદો અને વ્યવસ્થા અંગે વિપક્ષી પાર્ટીઓએ સરકાર પર પ્રહાર કર્યા છે. આ હાઈ-પ્રોફાઈલ હત્યા કેસથી ફરી એકવાર બિહાર સરકારની કાયદો અને વ્યવસ્થા અંગેની નીતિઓ પર સવાલો ઉભા થયા છે. કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ બિહારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે નીતિશ સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે સોશિયલ મીડિયા દ્વારા બિહારની પરિસ્થિતિ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ શેર કરીને કહ્યું, "ભાજપ અને નીતિશ કુમારની ભાગીદારીએ બિહારને ભારતનું ગુનાનું પાટનગર બનાવ્યું છે. પટણામાં ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની ધોળા દિવસે થયેલી ગોળીબારની ઘટનાએ ફરી એકવાર બતાવ્યું છે કે ભાજપ અને નીતિશ કુમારની જોડીએ બિહારને ભારતનું ગુનાનું પાટનગર બનાવ્યું છે. આજે બિહાર અસુરક્ષા અને ગુનાના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. લૂંટ, ગોળીબાર અને હત્યા જેવી ઘટનાઓ હવે સામાન્ય બની રહી છે. એવું લાગે છે કે અહીં ગુના સામાન્ય બની ગયા છે. સરકાર તેને નિયંત્રિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે

તેમણે વધુમાં કહ્યું, "બિહારના પ્રિય ભાઈઓ અને બહેનો, હવે અન્યાય સહન કરવાનો સમય નથી. જો સરકાર તમારા બાળકોનું રક્ષણ કરી શકે છે, તો તે તમારા ભવિષ્ય માટે પણ જવાબદાર ન હોઈ શકે. દરેક હત્યા, દરેક લૂંટ, દરેક ગોળી પરિવર્તનનો પોકાર છે. હવે એક નવા બિહારનો સમય છે, જ્યાં કોઈ ભય નથી, વિકાસ છે. આ વખતે તમારો મત ફક્ત સત્તા પરિવર્તન માટે નથી, પરંતુ બિહારને બચાવવા માટે છે."

આ ઉપરાંત, રાહુલ ગાંધીએ આગળ કહ્યું, "બિહારના ભાઈઓ અને બહેનો, આ અન્યાય હવે સહન કરી શકાતો નથી. જે સરકાર તમારા બાળકોનું રક્ષણ કરી શકતી નથી, તે તમારા ભવિષ્યની જવાબદારી પણ લઈ શકતી નથી. દરેક હત્યા, દરેક લૂંટ, દરેક ગોળી - પરિવર્તનનો પોકાર છે. હવે એક નવા બિહારનો સમય છે - જ્યાં કોઈ ભય નથી, પરંતુ પ્રગતિ છે. આ વખતે મતદાન ફક્ત સરકાર બદલવાનો નથી, પરંતુ બિહારને બચાવવાનો છે."તમને જણાવી દઈએ કે આ પહેલા તેજસ્વી પ્રસાદ યાદવ પીડિત પરિવારને મળ્યા હતા. આ ઘટના અંગે તેમણે કહ્યું કે વડા પ્રધાન જંગલ રાજ- જંગલ રાજના નારા લગાવવાનું શરૂ કરે તે પહેલાં, મુખ્યમંત્રીને પૂછો કે બિહારમાં દરરોજ આવી હત્યાઓ કેમ થઈ રહી છે.



ભાષા વિવાદ વચ્ચે ભૂતપૂર્વ કમાન્ડરનો રાજ ઠાકરેને સવાલ

# મેં મહારાષ્ટ્ર માટે લોહી વહાવ્યું ત્યારે તમારા યોદ્ધા ક્યાં હતા : પ્રવીણ કુમાર

## પ્રવીણકુમારે ૨૬/૧૧ મુંબઈ હુમલા દરમિયાન અનેકના જીવ બચાવ્યા

મુંબઈ, તા.૬

મહારાષ્ટ્રમાં ભાષા મુદ્દે વિવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. આ વિવાદ વચ્ચે ભારતીય સેનાના એક પૂર્વ જવાને રાજ ઠાકરેને સવાલ પૂછી સલાહ આપી છે. કમાન્ડો ફોર્સના એક પૂર્વ જવાને રાજ ઠાકરેને સવાલ કર્યો છે કે, મુંબઈ પર આતંકી હુમલા દરમિયાન તમારા યોદ્ધા ક્યાં હતાં?

પ્રવીણ કુમાર તેવતિયાના નામના એક જવાને ૨૬/૧૧ મુંબઈ હુમલા દરમિયાન અનેક લોકોના જીવ બચાવ્યા હતાં. તેમણે તાજ હોટલમાં ૧૫૦ લોકોના જીવ બચાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ જવાને રાજ ઠાકરેને સલાહ આપી છે કે, હું ઉત્તર પ્રદેશનો રહેવાસી છું. મેં મહારાષ્ટ્ર માટે મારૂ લોહી વહાવ્યું છે. ભાષાના નામ પર દેશના ભાગલા પાડશો નહીં. પ્રવીણ કુમાર તેવતિયા મરીન કમાન્ડો ફોર્સ (માર્કોસ)માં હતાં. તેમણે પોતાનો એક ફોટો પોસ્ટ કર્યો હતો.

જેમાં તે યુનિફોર્મ પહેરી સ્મિત કરતાં જોવા મળી રહ્યા છે. તેમના બુલેટપ્રુફ જેકેટ પર યુપી લખ્યું હતું. તેમના ગળામાં બંદૂક હતી. જેમાં કેપ્શન લખી હતી કે, મેં ૨૬/૧૧ હુમલામાં મુંબઈને બચાવ્યું છે. હું યુપીથી છું અને મેં મહારાષ્ટ્ર માટે લોહી વહાવ્યું છે. મેં તાજ હોટલને બચાવી છે. તે સમયે રાજ ઠાકરેના કથિત યોદ્ધાઓ ક્યાં હતાં? દેશના ભાગલા પાડશો નહીં. સ્મિતની કોઈ ભાષા હોતી નથી.





## અરાઉન્ડ ધ વર્લ્ડ

### જૂના વાહનો પર પ્રતિબંધ અંગે એલજી સક્સેનાએ સરકારને પત્ર લખ્યો

નવીદિલ્હી : હવે દિલ્હીમાં જૂના વાહનો પર પ્રતિબંધ મૂકવાના નિર્ણય અંગે એક મોટો પ્રશ્ન ઉભો થયો છે. દિલ્હીના ઉપરાજ્યપાલ વી.કે. સક્સેનાએ આ નિર્ણય અંગે દિલ્હી સરકારને પત્ર લખ્યો છે અને કહ્યું છે કે દિલ્હી હજુ આવા પ્રતિબંધ માટે તૈયાર નથી. દિલ્હીમાં પ્રદૂષણને લઈને સમયાંતરે નવા નિયમો બનાવવામાં આવે છે, જેમાં ઈઓએલ (એન્ડ ઓફ લાઈફ) વાહનો પર પ્રતિબંધનો પણ સમાવેશ થાય છે. એન્ડ ઓફ લાઈફ વાહનો એ એવા વાહનો છે જેમની માન્યતા સમાપ્ત થઈ ગઈ છે. પેટ્રોલ વાહનો માટે ૧૫ વર્ષ, ડીઝલ વાહનો માટે ૧૦ વર્ષ છે. પ્રદૂષણ નિયંત્રણને કારણે, આ માન્યતા પછી આવા વાહનો ચલાવવા પર પ્રતિબંધ છે.

### કેન્દ્રની હાજરીમાં સતલજ-યમુના લિંકપર પંજાબ-હરિયાણા સામસામે

ચંડીગઢ : સતલજ-યમુના લિંક (એસવાયએલ) નહેર વિવાદ પર પંજાબ અને હરિયાણા ફરી એકવાર સામસામે હશે. ૯ જુલાઈના રોજ, કેન્દ્રની મધ્યસ્થી હેઠળ, પંજાબના મુખ્યમંત્રી ભગવંત સિંહ માન અને હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની એસવાયએલ મુદ્દા પર તેમના રાજ્યોનો પક્ષ રજૂ કરશે. કેન્દ્ર સરકાર સતત એસવાયએલ વિવાદનો ઉકેલ શોધવાનો પ્રયાસ કરી રહી છે. આ બેઠકની અધ્યક્ષતા કેન્દ્રીય જળ ઉર્જા મંત્રી સીઆર પાટીલ કરશે. આ બેઠકને એટલા માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે સુપ્રીમ કોર્ટ ૧૩ ઓગસ્ટના રોજ એસવાયએલ મુદ્દા પર સુનાવણી કરશે.

### ચરણજિત સિંહને હાઈકોર્ટમાંથી રાહત, સંસદ સભ્યપદ રદ કરવાની માગણીની અરજી ફગાવી

ચંડીગઢ : પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને જલંધર કોંગ્રેસના સાંસદ ચરણજીત સિંહ ચન્નીને પંજાબ-હરિયાણા હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. હાઈકોર્ટે તેમની સામે દાખલ કરેલી ચૂંટણી અરજી ફગાવી દીધી છે. જલંધરના વકીલ ગૌરવ લુથરાએ ચન્નીની ચૂંટણી વિરુદ્ધ હાઈકોર્ટમાં દાખલ કરેલી ચૂંટણી અરજીમાં આરોપ લગાવ્યો હતો કે ચન્નીએ ચૂંટણી પંચને ચૂંટણી ખર્ચ સહિત ઘણી ખોટી માહિતી આપી છે. તેમણે પોતાના ચૂંટણી ખર્ચની સંપૂર્ણ વિગતો પણ આપી નથી. અરજદારે આરોપ લગાવ્યો હતો કે આ ચૂંટણી પ્રચાર દરમિયાન ઘણી રેલીઓ યોજાઈ હતી જેના માટે ચૂંટણી પંચ પાસેથી કોઈ પરવાનગી લેવામાં આવી ન હતી.

### મહાકાલનો ખજાનો ચાર ગણો વધ્યો! કોરિડોર બન્યા પછી ભક્તોની ભીડ વધી

ઉજ્જૈન : ધાર્મિક નગરી ઉજ્જૈનમાં કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલા મહાકાલ લોકના નિર્માણથી આ સ્થળનું આકર્ષણ બદલાઈ ગયું છે. આ જ કારણ છે કે અહીં મોટી સંખ્યામાં ભક્તો આવે છે. જો આપણે મહાકાલ લોકના નિર્માણ પહેલાની વાત કરીએ, તો દરરોજ લગભગ ૧૫ થી ૨૦ હજાર ભક્તો અહીં પહોંચતા હતા. પરંતુ મહાકાલ લોકના નિર્માણ અને સુંદરીકરણને કારણે ભક્તોની સંખ્યામાં મોટો વધારો જોવા મળી રહ્યો છે. હવે દરરોજ લગભગ ૧.૫ થી ૨ લાખ ભક્તો પહોંચી રહ્યા છે. બાબા મહાકાલ પ્રત્યેની ભક્તિ અને ભક્તોની સંખ્યામાં વધારાને કારણે દાનમાં વધારો થયો છે. આ વર્ષે ભક્તોએ ૬૦ કરોડ રૂપિયાથી વધુનું દાન આપ્યું છે.મહાકાલ લોકના નિર્માણ પછી, મહાકાલ મંદિરમાં દર્શન કરવા આવતા ભક્તોની સંખ્યામાં અનેકગણો વધારો થયો છે.

બિહારમાં વિધાનસભા ચૂંટણી અંગે કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનું એલાન

# લોક જનશક્તિ પાર્ટી બિહારમાં ૨૪૩ વિધાનસભા સીટ પર ચૂંટણી લડશે

## ચિરાગનું ચૂંટણી પહેલાં આપેલું નિવેદન ભાજપ અને જેડીયૂની મુશ્કેલી વધારી શકે

પટણા, તા.૬

કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને રવિવારે કહ્યું એ તે બિહારના હિત માટે આગામી વિધાનસભાની ચુંટણી લડવા ઈચ્છે છે. તેમને કહ્યું તેના વિરોધીઓ તેમના રસ્તામાં અડચણો લાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. રવિવારે છપરાના રાજેન્દ્ર સ્ટેડિયમમાં યોજવામાં આવેલ નવ સંકલ્પ મહાસભા ને સબોધિત કરતાં લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) ના અધ્યક્ષે આ મોટું એલાન કરી દીધુ. ચિરાગ પાસવાને કહ્યું કે તેમની પાર્ટી બિહારની ૨૪૩ વિધાનસભાની સીટો પર ચુંટણી લડશે. સામેલ લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) ના રાષ્ટ્રીય અધ્યક્ષ ચિરાગ પાસવાનનું વિધાનસભાની ચુંટણી પહેલા આપેલું આ નિવેદન બીજેપી અને જેડીયુની મુશ્કેલી વધારી શકે છે.

ચિરાગ પાસવાને બિહારની રાજધાની પટનામાં ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની હત્યા પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું, આવી ઘટનાઓ એવી સરકારમાં બની રહી છે જે સુશાસન માટે જાણીતી છે. હું પણ તે સરકારને ટેકો આપું છું. આ ખરેખર ચિંતાનો વિષય છે. હું આ પ્રશ્નથી ભાગવાનો પ્રયાસ કરીશ નહીં, અને આપણી સરકારે પણ એવું કરવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં. જો આટલી મોટી ઘટના શહેરી વિસ્તારોમાં ખુલ્લેઆમ બને છે, જો તે આવા પોશ વિસ્તારમાં બને છે, તો તે ખૂબ જ ગંભીર બાબત છે. હું સરકાર તેમજ સ્થાનિક વહીવટીતંત્રના સંપર્કમાં છું પરંતુ આવી ઘટનાઓ આપણી ચિંતામાં વધારે છે. જો (ગોપાલ ખેમકાના) પરિવાર ડરી ગયો છે, તો તે વાજબી છે. આ એક એવો પરિવાર છે જેણે પહેલા પણ આનો સામનો કર્યો છે. શું સ્થાનિક વહીવટીતંત્રે પરિવારને સુરક્ષા પૂરી પાડી હતી?... તે વહીવટીતંત્રની જવાબદારી હતી.ચિરાગ પાસવાને કહ્યું કે હત્યા રાજધાની પટનામાં થાય કે બિહારના કોઈ દૂરના ગામમાં, કાયદો અને વ્યવસ્થા માટે સરકારે જવાબદાર બનવું પડશે.




મધ્યપ્રદેશ સરકારે સુપ્રીમ કોર્ટમાં સ્પષ્ટ કર્યું

# ટ્રાન્સફર અરજીઓનો નિકાલ નહીં આવે ત્યાં સુધી ૨૭ ટકા અનામત નહીં

## કોઈપણ કોર્ટે આ કાયદા પર રોક લગાવી નથી છતાં વિલંબ

ભોપાલ, તા.૬

મધ્યપ્રદેશ સરકારે સુપ્રીમ કોર્ટમાં સ્પષ્ટ કર્યું કે ઓબીસી અનામત સંબંધિત ટ્રાન્સફર અરજીઓ પર અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી, રાજ્યમાં અન્ય પછાત વર્ગો માટે ૨૭% અનામત લાગુ કરવામાં આવશે નહીં. સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને માહિતી આપી હતી કે આ કાયદા પર કોઈ સ્ટે ન હોવા છતાં, સંબંધિત અરજીઓ પર નિર્ણય બાકી હોવાથી સરકાર હાલમાં તેનો અમલ કરી શકતી નથી. ન્યાયાધીશ પીએસ નરસિંહા અને ન્યાયાધીશ આર. મહાદેવનની ડિવિઝન બેન્ચે સરકારના આ જવાબને રેકોર્ડ પર લેતા, તેને છત્તીસગઢના સમાન કેસ સાથે જોડીને સુનાવણીની વ્યવસ્થા કરી છે.આ અરજી જબલપુરના રહેવાસી કીર્તિ ચોકસે, બાલાઘાટના નિશ્ચય પુત્ર વર્ષે અને અન્ય લોકો દ્વારા દાખલ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે તેઓ ઓબીસી શ્રેણીના છે અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પસંદગી પામ્યા હોવા છતાં, અનામતનો લાભ ન મળવાને કારણે તેઓ નિમણૂકથી વંચિત છે. અરજદારો વતી વરિષ્ઠ વકીલ રામેશ્વર સિંહ ઠાકુરે દલીલ કરી હતી કે સરકારે ૮ માર્ચ ૨૦૧૯ના રોજ એક વટહુકમ લાવીને ઓબીસીને ૨૭% અનામત આપવાનો નિર્ણય લીધો હતો અને ૧૪ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ તેને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું. કોઈ પણ કોર્ટે આ કાયદા પર રોક લગાવી નથી, તેમ છતાં સરકાર તેનો અમલ કરી રહી નથી. અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે છત્તીસગઢમાં સુપ્રીમ કોર્ટે વચગાળાના આદેશ હેઠળ ૫૦% થી વધુ અનામત લાગુ કરવાની મંજૂરી આપી છે.

ઉત્તરાધિકારીના નામ પર અનેક ચર્ચાઓ થઈ રહી છે

# દલાઈ લામાએ ઉત્તરાધિકારીની પસંદગી કરવા માટે ચીન સરકારની મંજૂરી લેવી પડશે

## ઉત્તરાધિકારીને માન્યતાનો અધિકાર માત્ર તિબેટના ધર્મગુરુઓ પાસે

નવી દિલ્હી, તા.૬

તિબેટના ધર્મગુરૂ દલાઈ લામાના ૯૦માં જન્મદિવસ પર આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ જણાવ્યું કે, પરમ પાવન દલાઈ લામા, નિશ્ચિત પરંપરાઓ અને રિવાજ અનુસાર જે પણ નિર્ણય લેશે, તેને અમે સૌ સંપૂર્ણપણે માન્ય ગણીશું. અને દલાઈ લામા તરફથી આપવામાં આવેલા નિર્દેશોનું પાલન કરીશું. રિજિજૂએ દલાઈ લામાને સંબોધિત કરતાં કહ્યું કે, તમારી પવિત્રતા, એક આધ્યાત્મિક નેતાથી પણ અધિક છે. તે પ્રાચીન જ્ઞાન અને આધુનિક વિશ્વ વચ્ચેનો જીવંત સેતુ છે. અમે અમારા દેશમાં તેમની ઉપસ્થિતિને ધન્ય ગણીએ છીએ. જેને તેઓ પોતાની આર્યભૂમિ માને છે. ઉલ્લેખનીય છે, દલાઈ લામાના ઉત્તરાધિકારીના નામ પર અનેક ચર્ચાઓ થઈ રહી છે. ચીને નિવેદન જાહેર કરી જણાવ્યું કે, દલાઈ લામાએ પોતાના ઉત્તરાધિકારીની પસંદગી કરવા માટે ચીન સરકારની મંજૂરી લેવી પડશે. ચીનના નિયમો, કાયદા, અને ધાર્મિક તથા ઐતિહાસિક પરંપરાઓનું પાલન કરવુ પડશે. ચીનના આ પ્રકારના નિવેદનનો દલાઈ લામાએ સ્પષ્ટ જવાબ આપ્યો હતો.

ચીનની દલાઈ લામા વિરૂદ્ધની અડોડાઈનો તેમણે આકરો જવાબ આપ્યો હતો કે, મારા ઉત્તરાધિકારીને માન્યતા આપવાનો અધિકાર માત્ર તિબેટના ધર્મગુરૂઓ પાસે છે.





આશુરાની પૂર્વસંધ્યાએ આયોજિત શોક સમારોહમાં હાજરી આપી

# ઈઝરાયલ સાથેના યુદ્ધ પછી ઈરાનના સુપ્રીમ લીડર ખોમૈની પહેલીવાર જાહેરમાં દેખાયા

## તેમની સામે ટોળાએ મુઠ્ઠીઓ ઊંચી કરી અને નારા લગાવ્યા

તહેરાન, તા.૬

ઈરાન-ઈઝરાયલ યુદ્ધ શરૂ થયા પછી ઈરાનના સુપ્રીમ લીડર ખામેની પહેલી વાર જાહેરમાં દેખાયા છે. આ પ્રસંગે, તેમને જોવા માટે મોટી ભીડ એકઠી થઈ હતી. આયતુલ્લાહ અલી ખામેનીએ આશુરાની પૂર્વસંધ્યાએ આયોજિત શોક સમારોહમાં હાજરી આપી હતી.

ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લાહ અલી ખામેની તેમના દેશના ઈઝરાયલ સાથેના તાજેતરના ૧૨ દિવસના યુદ્ધ પછી પ્રથમ વખત જાહેરમાં દેખાયા. તેમણે તેહરાનમાં એક ધાર્મિક સમારોહમાં હાજરી આપી હતી. રાજ્ય મીડિયાએ અહેવાલ આપ્યો છે કે રાજ્ય ટેલિવિઝન પર પ્રસારિત થયેલા એક વીડિયોમાં ૮૦ વર્ષીય ખામેની મસ્જિદમાં લોકોનું સ્વાગત કરતા અને ઉલ્લાસ કરતા જોવા મળ્યા હતા.નમાઝીઓએ ઈમામ હુસૈનની શહાદતની વર્ષગાંઠની ઉજવણી કરી. આ શિયા મુસ્લિમો માટે એક મહત્વપૂર્ણ દિવસ છે. ૮૬ વર્ષીય ખામેની કાળા પોશાક પહેરેલા સ્ટેજ પર જોવા મળ્યા હતા. તેમની સામે ઉભેલા ટોળાએ હવામાં મુઠ્ઠીઓ ઉંચી કરી અને નારા લગાવ્યા, "અમારા નેતા માટે અમારી નસોમાં લોહી છે!" સ્ટેટ ટીવીએ જણાવ્યું હતું કે આ ક્લિપ મધ્ય તેહરાનમાં ઈસ્લામિક રિપબ્લિકના સ્થાપકના નામ પરથી ઈમામ ખોમેની મસ્જિદમાં ફિલ્માવવામાં આવી હતી.



રશિયાએ સેંકડો ડ્રોનથી યુક્રેન પર હુમલો કર્યો હતો

# કિવ પર હુમલાથી યુક્રેન ગુસ્સે ભરાયું રશિયન એરબેઝને ઉડાવી દેવાનો દાવો

## ડેપોમાં ગ્લાઇડ બૉંબ અને સંભવતઃ અન્ય વિમાનો પણ હતાં

કિવ, તા.૬

રશિયન હુમલાના જવાબમાં યુક્રેનએ મોસ્કો પર મોટો હુમલો કરવાનો દાવો કર્યો છે. યુક્રેને એક મુખ્ય રશિયન એરબેઝ પર ઘાતક હુમલો કરીને તેને ઉડાવી દેવાનો દાવો કર્યો છે. અગાઉ, શુક્રવારે રાત્રે રશિયાએ સેંકડો ડ્રોનથી યુક્રેન પર હુમલો કર્યો હતો. યુક્રેન આ હુમલાઓથી ગુસ્સે ભરાયું હતું અને તેણે મોસ્કો પર પણ બદલો લેવાનો પ્રયાસ શરૂ કર્યો હતો.

યુક્રેનિયન લશ્કરી જનરલ સ્ટાફે શનિવારે જણાવ્યું હતું કે યુક્રેનિયન સેનાએ રશિયાના વોરોનેઝ ક્ષેત્રમાં સ્થિત બોરીસોગલેબસ્ક એરબેઝ પર આ હુમલો કર્યો છે. આ એરબેઝને રશિયાના એસયુ-૩૪, એસયુ૩૫એસ અને એસયુ-૩૦-એસએમ ફાઈટર એરક્રાફ્ટનો મુખ્ય બેઝ માનવામાં આવે છે. જનરલ સ્ટાફે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ફેસબુક' પર જણાવ્યું હતું કે સેનાએ એક એરબેઝને નિશાન બનાવ્યું હતું, જ્યાં ત્યાં સ્થિત ડેપોમાં ગ્લાઈડ બોમ્બ, એક તાલીમ વિમાન અને સંભવતઃ અન્ય વિમાનો પણ હતા.



ચૂંટણી પંચના આદેશને પડકાર્યો

# ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રા ચૂંટણી પંચ સામે સુપ્રીમ કોર્ટ પહોંચ્યાં

## મહુઆ મોઇત્રાએ તાજેતરમાં લગ્ન કર્યા છે

નવી દિલ્હી, તા.૬

ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ ચૂંટણી પંચ સામે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. મહુઆ મોઈત્રાએ ચૂંટણી પંચના આદેશને પડકાર્યો છે, જે બિહારમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારાની વાત કરે છે. અરજીમાં માંગ કરવામાં આવી હતી કે સુપ્રીમ કોર્ટ તાત્કાલિક આ આદેશને બંધ કરે અને ઈસીઆઈને દેશના બાકીના રાજ્યોમાં આવો કોઈ આદેશ જારી ન કરવાનો નિર્દેશ આપે. મહુઆ મોઈત્રાનો આરોપ છે કે આ આદેશ મનસ્વી, ગેરબંધારણીય છે અને ગરીબો, મહિલાઓ અને સ્થળાંતરિત મતદારોને મતદાન પ્રક્રિયામાંથી બાકાત રાખે છે.તાજેતરમાં મહુઆ મોઈત્રાએ બર્લિનમાં ભૂતપૂર્વ બીજેડી સાંસદ અને વરિષ્ઠ વકીલ પિનાકી મિશ્રા સાથે લગ્ન કર્યા ત્યારે તે સમાચારમાં હતી. આ ઉપરાંત, કલ્યાણ બેનર્જીએ મહુઆ મોઈત્રા પર વ્યક્તિગત ટિપ્પણી કરીને ઘણી બધી વાતો કહી હતી જે વિવાદાસ્પદ છે ત્યારે પણ તે સમાચારમાં હતી. બેનર્જીએ કહ્યું કે મહુઆ મોઈત્રા તાજેતરમાં લગ્ન કર્યા પછી હનીમૂન પર ગઈ હતી અને હનીમૂનથી જલ્દી પાછી આવી ગઈ છે અને આવતાની સાથે જ તેણે મારા પર હુમલો કર્યો. તેણે મહુઆ પર "પરિવાર તોડવા"નો પણ આરોપ લગાવ્યો. મહુઆ મોઈત્રા એક ભારતીય રાજકારણી અને ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસના અગ્રણી નેતા છે.

લગભગ બે મહિના સુધી એકાઉન્ટ્સ પર પ્રતિબંધ હતો જે દૂર કરાયો હતો

# પાકિસ્તાની સેલિબ્રિટીઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ ૨૪ કલાકમાં ફરી પ્રતિબંધિત

## કટોકટી સમીક્ષા બેઠક પછી પ્રતિબંધ ચાલુ રાખવાનો નિર્ણય

મુંબઈ, તા.૬

ભારતમાં ૨૪ કલાકમાં ફરી પાકિસ્તાની સેલિબ્રિટીઓ અને પ્રભાવકોના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પાકિસ્તાની સેલિબ્રિટીઓના સોશિયલ મીડિયા હેન્ડલ દેખાવા લાગ્યા હતા, ત્યારબાદ સરકારે એક મોટો નિર્ણય લીધો છે. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, ભારત સરકારે પાકિસ્તાની સેલિબ્રિટીઓ, ક્રિકેટરો અને સોશિયલ મીડિયા પ્રભાવકોના યુટ્યુબ ચેનલો, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક આઈડી, જેમાં X એકાઉન્ટ્સનો સમાવેશ થાય છે, લોક કરી દીધા હતા.લગભગ બે મહિના સુધી એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યા પછી, બુધવાર, ૨ જુલાઈના રોજ, ફરી એકવાર ભારતમાં ઘણા પાકિસ્તાની ક્રિકેટરો અને અભિનેતાઓના સોશિયલ મીડિયા હેન્ડલ દેખાવા લાગ્યા.કેન્દ્ર સરકારે આ અંગે એક કટોકટી સમીક્ષા બેઠક બોલાવી હતી, ત્યારબાદ ભારતમાં ફરીથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.



લોકસત્તા જનસત્તા
નિડર અને નિષ્પક્ષ

શહેરોનું તાપમાન
31.5° અમદાવાદ | 31.6° વડોદરા | 27.6° સુરત | 31.5° રાજકોટ

હવામાન વિભાગ
શહેરમાં રવિવારે મહત્તમ તાપમાનનો પારો ૩૧.૬ ડિગ્રીએ રહ્યો હતો. જ્યારે ન્યુનતમ તાપમાન ૨૪.૬ ડિગ્રી રહ્યું હતું. દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશામાં પવનની ગતિ ૬ કિલોમીટર પ્રતિ કલાકની રહી હતી.

### રિયલ એસ્ટેટ બિઝનેસમેન ભૃગેશ પટેલે પણ યજ્ઞેશ સામે પાંચ કરોડનો માનહાનિનો દાવો કર્યો

# ચિરાગ બારોટનો યજ્ઞેશ શાસ્ત્રી સામે ૧૦ કરોડનો દાવો

### ડે. મેયર ચિરાગ બારોટે પેટ્રોલ પંપ પચાવી પાડવા ધાકધમકી આપતાં હોવાનો આરોપ યજ્ઞેશ શાસ્ત્રીએ લગાવ્યો હતો

વડોદરા, તા.૬

વડોદરાના ડે.મેયર ચિરાગ બારોટ સામે પેટ્રોલપંપ પચાવી પાડવાના અને પરિવારને મારી નાંખવાની ધમકી આપવાના ગંભીર આરોપો લગાવનારા યજ્ઞેશ શાસ્ત્રી સામે અત્રેની કોર્ટમાં માનહાનીનો દાવો કરવામાં આવ્યો છે. ડે. મેયર ચિરાગ બારોટે યજ્ઞેશ શાસ્ત્રી સામે દસ કરોડ રૂપિયાનો દાવો માંડ્યો છે. જ્યારે ડે. મેયરના મિત્ર અને રિયલ એસ્ટેટના બિઝનેસ સાથે સંકળાયેલા ભૃગેશ પટેલે પણ યજ્ઞેશ શાસ્ત્રી સામે પાંચ કરોડ રૂપિયાનો માનહાનીનો દાવો કર્યો છે. ઉલ્લેખનીય છે કે, યજ્ઞેશ શાસ્ત્રીએ મે મહિનામાં રાજ્યના ગૃહમંત્રીને અરજી કરી હતી. જેમાં તેમણે ડે.મેયર અને તેમના મિત્ર ભૃગેશ પટેલ સામે ગંભીર આરોપો



લગાવ્યા હતા. ત્યારપછી તેમણે પત્રકાર પરિષદ યોજીને બંને વિરુધ્ધ બેફામ આરોપો લગાવ્યા હતા. જેની સામે ચિરાગ બારોટ અને ભૃગેશ પટેલે અકોટા પોલીસ મથકે યજ્ઞેશ શાસ્ત્રી સામે અરજી કરી હતી અને ત્યારબાદ તેમની સામે વડોદરાની સિવિલ કોર્ટમાં માનહાનીનો દાવો કર્યો હતો.

યજ્ઞેશ શાસ્ત્રી અને ડે. મેયર ચિરાગ બારોટ વચ્ચેનો વિવાદ એક વર્ષ પુરાણો છે. હકીકતમાં બંને જણા એક પેટ્રોલપંપમાં ભાગીદાર હતા. ચિરાગ બારોટના મિત્ર ભૃગેશ પટેલ પણ યજ્ઞેશ શાસ્ત્રી સાથે પેટ્રોલપંપના વ્યવસાયમાં હતા. પરંતુ, થોડા સમય બાદ ચિરાગ બારોટ અને ભૃગેશ પટેલને પેટ્રોલપંપના સંચાલક યજ્ઞેશ શાસ્ત્રી સાથે મનમેળ થતો ન હતો. એટલે તેઓ પેટ્રોલપંપની ભાગીદારીમાંથી છૂટા થઈ ગયા હતા. અને વર્ષ ૨૦૨૪ના ડિસેમ્બર મહિનામાં યજ્ઞેશ સાથેનો સમજૂતી કરાર રદ કર્યા અંગેનું લખાણ નોટરી સમક્ષ કર્યું હતુ. ખેર, ત્યારપછી બંને પક્ષો વચ્ચેના ધંધાકીય તથા મિત્રતાના સંબંધો પણ ઓછા થઈ ગયા હતા. જોકે, વર્ષ ૨૦૨૫ના મે મહિનામાં ડે.મેયર ચિરાગ બારોટને અચાનક વડોદરા પોલીસની ક્રાઈમ બ્રાંચમાંથી ફોન આવ્યો હતો. જેમાં તેમને જાણ થઈ હતી કે, યજ્ઞેશ શાસ્ત્રીએ તેમની વિરુધ્ધ રાજ્યના ગૃહમંત્રીને સંબોધીને એક અરજી કરી છે.

**● ડેપ્યુટી મેયર ચિરાગ બારોટ અને ભૃગેશ પટેલે એક અઠવાડિયા પહેલાં યજ્ઞેશ શાસ્ત્રી સામે અકોટા પોલીસ મથકમાં પણ અરજી કરી હતી**

**● વડોદરાની સિવિલ કોર્ટમાં યજ્ઞેશ શાસ્ત્રી સામે બે અલગ અલગ દાવા કરાયા**

જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, તેમણે યજ્ઞેશ શાસ્ત્રીના પેટ્રોલપંપો પડાવી લઈ એમના પરિવારજનોને જાનથી મારી નાંખવાની ધમકી આપી રહ્યા છે. ઉપરાંત, એમના આખાય કુટુંબ પર અત્યાચાર કરીને એમને આત્મહત્યા માટે પ્રેરિત કરીને વડોદરા છોડવાની ધમકી આપી રહ્યા છે. ઉપરાંત, ડે.મેયર ચિરાગ બારોટ ભાજપ પક્ષના નામથી બેનામી રૂપિયા ઉઘરાવીએ છે. તેમજ વ્યાપક ભ્રષ્ટાચાર કરીને મિલકતો વસાવી રહ્યા છે. એટલું જ નહીં ચિરાગ બારોટના છથી સાત કરોડ રૂપિયાનો વહિવટ એમના મિત્ર ભૃગેશ પટેલ કરી રહ્યા છે. ચિરાગ બારોટના સાતથી આઠ કરોડ રૂપિયા ભૃગેશ પટેલના ઘરે પડ્યા છે. તેવા તદન ખોટા, પાયાવિહોણા અને બેફામ આરોપો યજ્ઞેશ શાસ્ત્રીએ કર્યા હતા. જેને કારણે એમની રાજકીય તેમજ સામાજિક પ્રતિષ્ઠાને ક્ષતિ પહોંચી હતી. આ મામલાને ગંભીરતાથી લઈને ચિરાગ બારોટે તથા ભૃગેશ પટેલે ગયા અઠવાડિયે અકોટા પોલીસ મથકે યજ્ઞેશ શાસ્ત્રી સામે અરજી કરી હતી. અને ત્યારપછી ચિરાગ બારોટે સિવિલ કોર્ટમાં યજ્ઞેશ શાસ્ત્રી સામે દસ કરોડનો માનહાનીનો દાવો કર્યો હતો. જ્યારે ભૃગેશ પટેલે પાંચ કરોડનો માનહાનીનો દાવો કરતા ખળભળાટ મચી ગયો હતો.




## સ્વનો આધાર સ્વયં

ભારત દેશના બે મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓ, લોકમાન્ય તિલક અને દાદાભાઈ નવરોજી ઉચ્ચ અભ્યાસાર્થે ઈંગ્લેન્ડ ગયેલા. ત્યાં તેઓ ભાડે લીધેલા મકાનમાં સાથે જ રહેતા હતા. બંને ભણવામાં પણ હોશિયાર, જે કાંઈ ભણ્યા હોય એનું રાત્રે પુનરાવર્તન કરે અને પછી સૂઈ જાય. દાદાભાઈ નવરોજી રોજ સવારે વહેલા ઊઠી જાય, જ્યારે તિલકને મોડા ઊઠવાની ટેવ. તિલક જ્યારે ઊઠે ત્યારે દાદાભાઈ પોતાની ક્રિયાથી પરવારીને વાંચન કરતા હોય. ઘર એકદમ વળાઈને સ્વચ્છ થઈ ગયું હોય, રસોડામાં પાણી ભરાઈ ગયું હોય, બુટને રોજેરોજ પોલિશ થઈ ગઈ હોય, આ બધું જોઈને તિલક મનોમન વિચાર કરે 'વાહ! ઘરનો નોકર કેટલો નિયમિત છે! કેટલો સુઘડ છે! મને ખબર પણ ના પડે એમ રોજેરોજ મકાન, ઓરડો સ્વચ્છ કરી નાખે છે!' એમ નોકરની પ્રશંસા કરતા રહે.

એક દિવસ તિલક રોજ કરતાં વહેલા જાગી ગયા. ત્યાં તો એમણે જોયું દાદાભાઈ

ઝાડું કાઢતા હતા. 'અરે તમે ઝાડું કાઢો છો?'

'શું આજે નોકર નથી આવ્યો?'

'માંદો પડ્યો છે?'

તિલકની આ પ્રશ્નાવલી સાંભળી દાદાભાઈ કહે 'ક્યો નોકર?'

તિલક કહે 'રોજ કામ કરી જાય છે તે.'

દાદાભાઈ મરક મરક હસતાં કહે 'આવ્યો છે ને!'

તિલક કહે 'આવ્યો છે તો ક્યાં છે?'

હસીને દાદાભાઈએ પોતાનો હાથ ઊંચો કર્યો ને કહ્યું "આ રહ્યો એ નોકર. આપણા પોતાના હાથથી વધારે પ્રામાણિક અને કહ્યાગરો નોકર બીજે ક્યાં મળવાનો છે! અને આ નોકર ક્યારેય પગાર ન માંગે, ભગવાને આટલા અદ્‌ભુત નોકરની ભેટ આપી છે, તો બીજાની આશા શા માટે રાખવી?"

આ સાંભળી તિલક તો સ્તબ્ધ થઈ ગયા અને તેઓને ક્ષોભ પણ થયો. અત્યંત શ્રીમંત પરિવારમાંથી આવતા હોવા છતાં દાદાભાઈ પોતાની બધી જ ક્રિયા પોતે જ કરી લે છે! એટલું જ નહીં પોતાના મિત્રનું કામ પણ કરી દે છે! અને એ જણાવતાં પણ નથી! તિલકે ત્યારથી મનમાં ગાંઠ વાળી કે 'આજથી મારાં કામ હું મારી જાતે જ કરીશ.'

સિંહ જંગલનો રાજા કહેવાય તો પણ તે પોતાનો શિકાર જાતે જ કરે છે. બીજાએ કરેલા શિકારને છીનવી શકે તેવી શક્તિ હોવા છતાં તે તેને સૂંઘતો પણ નથી. મહાપુરુષોના જીવનની આ જ વિશેષતા રહી છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ૨૦૧૯ના વર્ષે આફ્રિકાની ધર્મયાત્રાએ પધાર્યા હતા. ૨૯મી ઓગષ્ટના દિવસે તેઓ દાર-એ-સલામથી વિદાય લઈ કંપાલા જવાના હતા. વિદાયવેળા પૂર્વે તેઓ લઘુશંકા માટે બાથરૂમમાં ગયા. તેઓના સેવક તેઓની રાહ જોતાં બહાર ઊભા હતા. સમય થોડો વધુ થયો આથી તે સેવકે બાથરૂમ ખોલીને જોયું તો મહંતસ્વામી મહારાજ સ્વયં વાઈપરથી બાથરૂમ સફાઈ કરી રહ્યા હતા! આ દૃશ્ય જોઈ સેવક આશ્ચર્યચકિત થઈ ગયા. સેવકે કહ્યું કે, 'આપે અમને જણાવી દેવું જોઈએ ને, અમે કરી નાખત સફાઈ.'

"સેવા... સ્વયંસેવક" સ્વામીશ્રી બોલી ઊઠ્યા. આ ઘટનાના ૧૫ દિવસ બાદ જ કંપાલાથી વિદાય લેતી વેળાએ પણ આવો જ પ્રસંગ સર્જાયો. ત્યારે સેવકોએ વિનંતી કરી 'આપે આટલી ઉંમરે આ ન કરવું જોઈએ, અમે કરી નાખત.' ત્યારે સ્વામીજી કહે "મારી હેબિટ જ છે!" ૮૭ વર્ષની આયુ હોવા છતાં! પોતાની સાથે સેવક ગણ હોવા છતાં! લાખોના ગુરુ હોવા છતાં! પોતાનું કાર્ય પોતે જ પૂર્ણ કરવાનો કેટલો ખટકો!!!

સામાન્યત: માણસ દેહને ઘસારો લાગે એવી પ્રવૃત્તિથી દૂર ભાગે છે. તે પોતાનાથી થઈ શકે તેવા સાવ સરળ કાર્યો પણ ટેકનોલોજી અથવા અન્ય માણસો વડે કરાવવા માટે પ્રયત્ન કરે છે અને તેને યોગ્ય પણ ગણે છે. પરંતુ જ્યાં સુધી આપણે બીજાના આધારે જીવન વિતાવવા આતુર રહીશું ત્યાં સુધી આપણે જીવનમાં ક્યારેય પગભર નહીં થઈ શકીએ.

વળી, રવિશંકર મહારાજ કહેતા, 'શરીર તો આપણા હાથમાંનું ઓજાર છે. એનો જેવો ઉપયોગ કરવા ધારીએ તેવો થાય' માટે જો આપણે સ્વાવલંબી બનીને ભગવાને આપેલા દેહનો ઉપયોગ નહીં કરીએ તો આપણાં અવયવો પણ નબળાં પડી જશે અને આપણે પરાધીન થઈ જઈશું.

ચીનના તત્ત્વચિંતક કન્ફ્યૂશિયસ પણ કહેતા, 'ભૂખ વિનાનું ભોજન, અનાયાસે પ્રાપ્ત થયેલી લક્ષ્મી અને પુરુષાર્થ વગરનું જીવન ભલે થોડો સમય આપણને આનંદ આપે, પણ સરવાળે તે હાનિકર્તા છે.'

માટે આવો, આપણે પરાધીનતાને છોડી 'સ્વ'નો આધાર 'સ્વયં'ને બનાવીએ...

### મારી નજર સામે ૮મા માળેથી છલાંગ લગાવી દીધી : સમીર શાહ

# અક્ષરચોક પાસે આઠમા માળેથી ભૂસકો મારી યુવાનનો આપઘાત

### ચિંતન પટેલ MSUમાં મિકેનિકલ એન્જિનિયરીંગનો અભ્યાસ કરતો હતો

વડોદરા, તા.૬

શહેરના અક્ષર ચોક વિસ્તારમાં આવેલી ૮ માળની મેપલ વિસ્ટા બિલ્ડીંગ પરથી કૂદીને એમએસ યુનિવર્સિટીમાં મિકેનિકલ એન્જિયરિંગના બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ આત્મહત્યા કરતા ચકચાર મચી ગઈ છે. આપઘાત કરવા બિલ્ડીંગ પર ચડેલા યુવકને એક જાગૃત નાગરિક જોઈ ગયો હતો અને તાત્કાલિક પોલીસ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડને ફોન કરીને જાણ કરી હતી. જોકે, ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચે તે પહેલા જ યુવાને મોતની છલાંગ લગાવી દીધી હતી અને તેનું ઘટનાસ્થળે જ કરુણ મૃત્યુ થયું હતું. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.



**સીપીઆર આપી બચાવવાનો પ્રયાસ કર્યો**

મેપલ વિસ્ટા બિલ્ડીંગ પર ચડીને આઠમાં માળેથી કૂદીને આપઘાત કર્યો હતો. આ ઘટનાની જાણ ૧૦૮ એમ્બુલન્સને કરતા ટીમ અને પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો.



૧૦૮ એમ્બુલન્સની ટીમે ચેતન પટેલને સ્થળ પર જ સીપીઆર આપીને બચાવવાનો ખુબ પ્રયાસ કર્યો હતો જોકે, ચિંતન મુકેશભાઈ પટેલનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

શહેરનો ૨૨ વર્ષીય ચિંતન મુકેશભાઈ પટેલ યોગી આશિષ સોસાયટી સનફાર્મા રોડ પર રહેતા અને એમ.એસ. યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે અને કામ અર્થે નિકળ્યો હતો અને આ દરમિયાન તે મેપલ વિસ્ટા બિલ્ડીંગ પર ચડી ગયો હતો અને આઠમા માળેથી કૂદીને આપઘાત કર્યો હતો. જો કે, આપઘાતનું કારણ હજી સુધી જાણી શકાયું નથી. આ ઘટનાની માહિતી મળતા જ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે વિદ્યાર્થીને સીપીઆર આપીને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, વિદ્યાર્થીનું સ્થળ પર જ મોત થયું હતું. જે.પી. રોડ પોલીસે વિદ્યાર્થીના મૃતદેહનો કબજો લઈને તેને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપ્યો છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે અને વિદ્યાર્થીના આપઘાત પાછળનું કારણ જાણવા પ્રયાસો ચાલી રહ્યા છે. ઘટનાને નજરે જોનાર પ્રત્યક્ષદર્શી સમીર શાહે જણાવ્યું હતું કે, હું મારા મિત્રો સાથે સંકેત હાઈટ્સના આઠમા માળે ઉભો હતો. એ સમયે એક વ્યક્તિ મેપલ વિસ્ટા બિલ્ડીંગની પાળી પર ફરતો જોવા મળ્યો હતો. જેથી મને શંકા ગઈ હતી અને મે તુરંત જ ૧૦૦ નંબર ઉપર ફોન કર્યો હતો. જો કે આ સમયે જ તેને કૂદકો મારી દીધો હતો, જેથી હું શોક થઈ ગયો હતો. અમે તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી દીધી હતી. આ યુવક અમારાથી ૨૦૦થી ૩૦૦ મીટરની દૂરી પર હતો અને અમને જોયા પછી તુરંત કૂદી ગયો હતો. જેથી અમે તેને બચાવી શક્યા નહોતા. જો સમય મળ્યો હોત તો અમે તેને ચોક્કસથી બચાવી શક્યા હોત. વધુમાં વાસણા ફાયર સ્ટેશનના સબ ફાયર ઓફિસર નંદકિશોર સોલંકીએ જણાવ્યું હતું કે, અમને કોલ મળ્યો હતો કે, ૮ માળની મેપલ વિસ્ટા બિલ્ડીંગ પર એક યુવક ચડ્યો છે અને તેને આપઘાત કરતો રોકવા માટે અમે ટીમ સાથે ત્યાં પહોંચ્યા હતા. જો કે, અમે પહોંચીએ તે પહેલા યુવક બિલ્ડીંગ પરથી કૂદી ગયો હતો અને તેનું મોત થયું હતું.

### કાઉન્સિલર કલ્પેશ પટેલ સાથે માથાકૂટ બાદ ઈજનેરો સામે પગલાં લેવાયાં

# કોટેશ્વર નાળાની કામગીરીમાં ગંભીર બેદરકારી બદલ બે ઈજનેરોને નોટિસ

### ના.કા.ઈજનેર વિશાલ ઠાકુર અને એડિ. આસિ. ઈજનેર પાર્થ રાજદેવ સામે કાર્યવાહી

વડોદરા, તા. ૬

શનિવારે વોર્ડ ૧૮માં કોટેશ્વર નાળા પાસેની કામગીરી સંદર્ભે ભારે ગરમાગરમી થઈ હતી. કોર્પોરેટર અને સીટી એંજિનિયર વચ્ચેની બોલાચાલી બાદ આ વિસ્તારના બે ઈજનેરોને નોટિસ પાઠવવામાં આવી છે. આ નોટિસમાં તેઓની બેદરકારી છતી થતા પગલાં કેમ ન ભરવા તેવો ખુલાસો માંગવામાં આવ્યો છે.

વડોદરા દક્ષિણ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા બે ઈજનરો નાયબ કાર્યપાલક ઈજનેર વિશાલ ઠાકુર અને એડિ. આસી. ઈજનેર પાર્થ રાજદેવને નોટિસ પાઠવવામાં આવી છે જેમાં જણાવ્યા અનુસાર દક્ષિણ ઝોનના વહિવટી વોર્ડ ૧૮ ના કાર્યક્ષેત્રમાં કોટેશ્વર નાળુ આવેલ છે. આ વખતે પ્રી-મોન્સુન કામગીરીના ભાગરૂપે આ નાળાની વરસાદી પાણીના વહેણની ક્ષમતા વધારવાની કામગીરી આપની સીધી દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવી હતી તથા આ કામગીરી યુધ્ધના ધોરણે પૂર્ણ કરવી ખુબ જ જરૂરી હતી જેની જાણ હોવા છતાં આજદિન સુધી સંપુર્ણ કામગીરી પૂર્ણ કરવામાં આવી નથી. સમયાંતરે સ્થળ તપાસ દરમિયાન નાળાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા અને સદર નાળા ને જોડતા રસ્તા પર રોજે રોજ વેટમિક્ષ અને રોડ મટીરીયલ પાથરી રસ્તાને મોટરેબલ અને રાહદારીઓની અવર જવર માટે યોગ્ય નિભાવવા આપને સુચના આપવામાં આવી હતી,આમ છતા સુચનાઓનું યોગ્ય પાલન કરવામાં આવ્યું નથી. જેને કારણે રસ્તા પર અકસ્માતો થયાની ઘટનાઓ અને રાહદારીઓને પડતી મુશ્કેલીઓ બાબતે ઘણી ફરીયાદો ધ્યાને આવી છે. તમારા કાર્યક્ષેત્રમાં આવતી કામગીરી અસરકારક રીતે કરવામાં નિષ્ફળ ગયા હોવાનું પ્રસ્થાપિત થાય છે ઉપરાંત બેદરકારી રાખવામાં આવી છે. કોટેશ્વર નાળાથી વડસર ગામને જોડતા રસ્તાને મોટરેબલ અને રાહદારીઓની અવર જવર માટે યોગ્ય નિભાવવાની કામગીરીમાં નિષ્કાળજી દાખવવા બદલ સબબ ધી જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ ની કલમ ૫૬ (૨) હેઠળ શિસ્તવિષયક કાર્યવાહી કેમ ન કરવી ? તે અંગેની સ્પષ્ટતા સદર કારણદર્શક સુચના મળ્યેથી દિન-૦૭ માં જરૂરી કારણો તેમજ સબળ પુરાવા સાથે રજુ કરવા સૂચના આપવામાં આવી છે.

# મેયરનું વધુ એક અપમાન : નાગરિક ઉડ્ડયન મંત્રીના સ્વાગત માટે આમંત્રણ જ ન અપાયું

વડોદરા, તા. ૬

વડોદરા શહેરના પ્રથમ નાગરિકનું વારંવાર અપમાન થઈ રહ્યું હોવાના કિસ્સા સામે આવી રહ્યા છે. વડોદરા એરપોર્ટ ખાતે ભારત સરકારના રાજ્ય કક્ષાના નાગરિક ઉડ્ડયન મંત્રી આવ્યા હતા પરંતુ તેમના સ્વાગત માટે મેયરને આમંત્રણ જ આપવામાં આવ્યું ન હતું અને કેટલાક નેતાઓએ એરપોર્ટ ખાતે જઈને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ માટે રજૂઆત કરી હતી.



વડોદરા એરપોર્ટ ખાતે આજે ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રી મુરલીધર મહોલ આવી પહોંચ્યા હતા. તેઓના સ્વાગત માટે સાંસદ, ધારાસભ્ય, કોર્પોરેટર સહીત કેટલાક નેતાઓ પહોંચ્યા હતા. લોકસભાના સાંસદ ડો. હેમાંગ જોષી દ્વારા સયાજીગંજના ધારાસભ્ય કેયુરભાઈ રોકડિયા, ભાજપ કોર્પોરેટર પરાક્રમસિંહ જાડેજા તથા એરપોર્ટ એડવાઈઝરી કમિટીના સદસ્યોને સાથે રાખી શુભેચ્છા મુલાકાત કરવામાં આવી હતી અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ સેવા માટે રજૂઆત કરવામાં આવી. જો કે રાજ્ય કક્ષાના મંત્રી આવી રહ્યા હતા ત્યારે તેઓના સ્વાગત માટે શહેરના પ્રથમ નાગરિક મેયરને આમંત્રણ અપાયું ન હોવાનું જાણવા મળ્યું છે. સામાન્ય રીતે પ્રોટોકોલ પ્રમાણે કોઈ મંત્રી આવતા હોય તો મેયરને સ્વાગત માટે આમંત્રણ આપવામાં આવે છે પરંતુ આ વખતે તેઓને જાણ જ ન કરાતા વધુ એક વખતે તેઓનું અપમાન થયું હોય તેવી લાગણી અનુભવાઈ રહી છે.

### રાજપીપળા કોર્ટ પાસે ગોપાલ ઈટાલિયા અને પોલીસ વચ્ચે ચડભડ : ચૈતર વસાવાના જામીન નામંજૂર થતાં વડોદરા સેન્ટ્રલ જેલમાં ધકેલાયા

# લોખંડી બંદોબસ્ત વચ્ચે ચૈતર વસાવાને SSGમાં લવાયા

### રાજપીપળા કોર્ટે પોલીસની રિમાન્ડ અરજી નામંજૂર કરી : વડોદરાની સયાજી હોસ્પિટલમાં ચૈતર વસાવાના સમર્થકો ઉમટી પડતાં ઉત્તેજના : પોલીસે બાજી સંભાળી

રાજપીપળા, તા.૬

આખરે ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા વિરૂદ્ધ ડેડિયાપાડા તાલુકા પંચાયત પ્રમુખ સંજય વસાવા પર પ્રાંત કચેરીમાં મારા મારી કરવાના બનાવમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.જે બાદ ચૈતર વસાવાને પોલીસે રાજપીપળા જ્યુડિશિયલ કોર્ટમાં હાજર કરતા કોર્ટે જામીન અરજી અને રિમાન્ડ બંનેય ના મંજુર કરતા ચૈતર વસાવાને વડોદરા સેન્ટ્રલ જેલમાં મોકલી અપાયા છે.અત્રે એ ઉલ્લેખનીય છે કે કાયદો વ્યવસ્થા જળવાઈ રહે એ હેતુથી પોલીસે ડેડિયાપાડામાં ૧૪૪ લાગુ કરી દીધી હતી.

ચૈતર વસાવા વિરૂદ્ધ ૫ મી જુલાઈએ ગુનો દાખલ કરાયા બાદ એમને રાજપીપળા સ્થિત એલ.સી.બી ખાતે લઈ અવાયા હતા.જ્યાંથી બીજે ૬ જુલાઈએ સવારે ૧૧ વાગ્યાની આસપાસ રાજપીપળા જ્યુડિશિયલ કોર્ટમાં રજુ કરાયા હતા.આ બાબતે ચૈતર વસાવાના વકીલ સુરેશ જોશીએ જણાવ્યું હતું કે "પોલીસે કરેલી ૫ દિવસના રિમાન્ડની અરજી કરી કોર્ટે ના મંજુર કરી છે સાથે સાથે જામીન અરજી પણ ના મંજુર કરી છે.પોલીસે હૈંઈ માં જાણી જોઈને કલમ ૩૦૭ ઉપરાંત નવી કલમ ૧૦૯ લગાડી છે જેમાં ૧૦ વર્ષની કેદની સજા છે.એ કલમ પણ અમે રદ કરાવી છે.હવે



અમારે સેશન્સ કોર્ટ માંથી જામીન લેવાના છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ચૈતર વસાવાને મળવા માટે વકીલ અને વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા રાજપીપળા આવ્યા એ દરમિયાન એમને રાજપીપળા એલ.સી.બી ખાતે અંદર જતા અટકાવ્યા હતા.ત્યારે ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે હું ઝઈ પાટીલ જેવો ગુંડો નથી, સંઘવી જેવો ડફોડ માણસ નથી.ભાજપવાળો આવે તો પોલીસ આવું કરે, હિંમત છે ભાજપના ધારાસભ્યને ઉભો રાખવાની.અમે બધા ચૂંટણી જીતવા લાગ્યા એટલે ભાજપને પેટમાં બળે પોલીસને હાથો બનાવે છે.એલ.સી.બી ખાતેથી ચૈતર વસાવાને પોલીસ રાજપીપળા જ્યુડિશિયલ કોર્ટમાં લઈ ગઈ હતી, ત્યારે એક વકીલ તરીકે ગોપાલ ઈટાલિયા કોર્ટમાં જઈ રહ્યા હતા ત્યારે પણ પોલીસે એમને અટકાવતા પોલીસ અને ઈટાલિયા વચ્ચે ભારે માથાકૂટ થઈ હતી. જો કે અંતે પોલીસે ઈટાલિયનને કોર્ટમાં જવા દેતા મામલો થાળે પડયો હતો.

**ચૈતર વસાવાને લવાતાં હોસ્પિટલ કેમ્પસ પોલીસ છાવણીમાં ફેરવાયું**

વડોદરા સયાજી હોસ્પિટલમાં પેહલાથી જ પોલીસના ધાડે ધાડા ઉતારી દેવાયા હતા. ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દોરડાંથી બેરીકેટ ઉભું કરી દેવાયું હતું.વડોદરા આપ સમર્થકો અને આગેવાનોને ચૈતર વસાવાને મેડિકલ માટે સયાજી હોસ્પિટલમાં લાવી રહ્યા હોવાની જાણ થતાં તેઓ મોટી સંખ્યામાં હોસ્પિટલ પર ઉમટી પડ્યા હતા.નર્મદા પોલીસ જેવી જ ચૈતર વસાવાને લઈ હોસ્પિટલ પરિસરમાં પ્રવેશતા અને તેમને પોલીસ જીપમાંથી બહાર કાઢવામાં આવતા સમર્થકોએ સુત્રોચ્ચારો કર્યા હતા.

**રાજપીપળાની જગ્યાએ ચૈતર વસાવાને વડોદરા સેન્ટ્રલ જેલ લઈ જવાયા**

રાજપીપળા સહિત જિલ્લામાં ચૈતર વસાવાના મોટી સંખ્યામાં સમર્થકો ઉમટી રહ્યા હતા.એ જોતા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે એ હેતુથી ચૈતર વસાવાને રાજપીપળા જેલની જગ્યાએ વડોદરા સેન્ટ્રલ જેલ ખાતે લઈ જવાયા હતા.મળતી માહિતી મુજબ ચૈતર વસાવાને રાજપીપલા જેલ લઈ જતા એમના સમર્થકો રસ્તે આવી જતા પોલીસને રોકી હતી.જે બાદ વડોદરા જેલમાં લઈ જવાનો નિર્ણય કરાયો હતો.

**આજે રાજપીપળા સેશન્સ કોર્ટમાં જામીનઅરજી મૂકાશે**

જ્યુડિશિયલ કોર્ટે ચૈતર વસાવાની જામીન અરજી નાં મંજૂર કરતા સોમવારે સેશન્સ કોર્ટમાં જામીન અરજી રજુ કરાશે. જો કે, ચૈતર વસાવાને વડોદરા સેન્ટ્રલ જેલમાં લઈ જવાતા એમના સમર્થકોમાં ભારે નારાજગી જોવા મળી હતી.